કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ
આવતી કાલનાં નાગરિકોનું માસિક · માહે માર્ચ · ઈ.સ. ૧૯૬૯ · વર્ષ ૪૬મું · અંક ૩જો · સળંગ અંક ૫૪૩મો
તંત્રી · બ. રાવત



લાવણ્યમૂર્તિ ફોટો · વ્રજ મિસ્ત્રી



મા‌નો લાડકવાયો (ચિત્રકાર: ચંદ્રવદન ભટ્ટ) બ્લૉક: કલાકારના સૌજન્યથી

૧




૨



૩


અમેરિકામાં આજકાલ વધુ ચાહના પામત જતાં ભીંતચિત્રો (પોસ્ટરો)નું વૈવિધ્ય (જુઓ આ અંકની કલાવાર્તા)







નખી તળાવમાં સહેલ
ફોટો · વ્રજ મિસ્ત્રી
આ અંકની કલાવાર્તામાં એમનો પરિચય આપ્યો છે.



'કુમાર'માં વાર્તા વિષેનો દૃષ્ટિકોણ હજી વધુ substance-oriented થવાની જરૂર છે. શૈલીની રોચકતા અને જિજ્ઞાસાભરી કથાવસ્તુવાળી કેટલીક વાર્તાઓ 'કુમાર'નાં પાનાં પર આવી ગઈ. આવી વાર્તાઓ, જોકે, વાંચતી વખતે જરૂર આનંદ આપે છે; પરંતુ વાંચી ગયા પછી મન પર તેની કોઈ ખાસ અસર રહેતી નથી. એનું કારણ એ લાગે છે કે એમાં એવો substance, કંઈ આપી જાય–કોઈ અનન્ય ભાવના, વિચાર કે કથાવસ્તુ–એવું નથી હોતું.

પણ 'ઘેરાવ' વાર્તા સુંદર છે,—એટલા માટે કે એ એક અત્યંત વેદનાશીલ વિચારસ્રોતને પકડે છે. અત્યારે પણ મન ઉપર એની ગ્લાનિની છાયા છે, એ હું આનંદ સહ કબૂલ કરું છું. કોઈ વિદ્યાર્થી વાંચે તોપણ વિચાર કરતો થઈ જાય. અરે! ફાધર વાલેસના સમગ્ર 'વ્યક્તિઘડતર' સામે આવીને ઊભી થઈ જાય એવી એ વાર્તા છે. એમાં એક અત્યંત કટુ વાસ્તવિકતાનો સાહજિક સ્પર્શ છે. એક સંવેદનાની ગૂંથણી છે. આનું નામ જ વાર્તા હશે ને?!

ખાસ કરીને કે જ્યારે 'કુમાર'માં વાર્તા નિયમિત સ્વરૂપે આવે એવું કાંઈ નથી(?) ત્યારે કાયમ માટે એવું ધોરણ જાળવી ન શકાય!

(ભરૂચ) —'નિશીથ'

~

સ્વ. શ્રી ચૂનીલાલ મડિયાને

[અનુષ્ટુપ]

ગયો ડૂબી સિતારો જ્યાં મેઘાણી, ધરતી થકી–
પ્રકાશ્યો તારલો ત્યાં તો રાષ્ટ્રને અજવાળવા.
મેઘાણીના અનુગામી! તારી તો કલ્પના ન'તી
કે વેપારી થતાં તું તો 'શબ્દસ્વામી' બની જશે!

કેટલા યે યુગોની કૈં વાર્તાઓ કથવા તમે
પધાર્યા અમદાવાદે—ઠગાઈ ભાગ્યથી અરે!
યુવાનીના હજી રંગો–
પૂરાયા ને પૂરાતા'તા–
પરંતુ કાળ-વાયુએ ઢોળી એ સહસા દીધા!
અને એ જિંદગાનીનું અધૂરું ચિત્ર રહી ગયું!!

સુજ્ઞ ક્રિકેટ ખેલાડી સિદ્ધિ-શિખર પ્હોંચતાં
થાતો નિવૃત્ત; કૈં એવું આપના ભાગ્યને થયું.
અલ્પાયુષ્યે મહા સેવા સાહિત્ય-જગની કરી
પંચભૂતે ગયા; સારે આંસુડાં આપની કૃતિ.

(વડાલી) —ચિનુ શાહ (ચંદ્રક)

~

'કુમાર'માં જે પારી(સ) લખાય છે તેમાં આમ '(સ)' કૌંસમાં શાથી અપાય છે? પૅરિસ કેમ નથી લખાતું?

(નાર) —ચં. ર. સોની

[*શબ્દોના ઉચ્ચાર તેની ભાષામાં જે રીતે થતા હોય તે મુજબ બનતાં સુધી જોડણી રાખવાનો 'કુમાર'નો પ્રયત્ન રહ્યો છે. અંગ્રેજીમાં બોલાતા 'પૅરિસ'નો ઉચ્ચાર ફ્રેન્ચમાં 'પારી' થાય છે. અપરિચિત વાચકને સહાયક થવા માટે 'સ' કૌંસમાં મુકાય છે.]

~

ફેબ્રુઆરી અંકમાં પૃ. ૪૫ ઉપર ખય્યામની રૂબાઈયાત માટે 'ચાર્વાકવાદી' શબ્દપ્રયોગ થયો છે તે બરાબર નથી. ખુદાના અસ્તિત્વનો સ્વીકાર રૂબાઈયાતમાં ઠેરઠેર જોવા મળે છે. રૂબાઈયાત ખરા વાસ્તવિક જ્ઞાનથી ભરપૂર છે. આપણા આદિ શંકરાચાર્યે અ- ઉમર ખય્યામનો મત સરખો છે. શંકરાચાર્ય ચાર્વાકવાદી નહોતા. ખરા વાસ્તવિક જ્ઞાનમાં હમેશાં ચાર્વાકવાદનો ભાસ થાય છે.

(કપડવણજ) —ર. મો. પંચાલ

~

૫૪૧મા અંકમાં છેલ્લે પાને આપેલી કહેવત 'ડાહીને ડામ, ને ઘેલીને ગામ' જેવી અન્ય કહેવતો: ૧) જમવામાં જગલો, ને કૂટવામાં ભગલો'; ૨) રામાને ઘેર વિવાહ, ને દામો ઉજાગરા કરે'; ૩) ધાન ખાય ધનિયો, ને ધક્કા ખાય ધમલો'; ૪) કરડે માકણ, ને માર ખાય ખાટલો'.

(ઉમરેઠ) –મોતીલાલ રણછોડલાલ વ્યાસ

~

હરસ મસા પર કેળાંની છાલનો પ્રયોગ અગાઉ સૂચવાએલો. મારી જાણમાં બે દર્દીઓને નીચેના પ્રયોગથી આરામ થઈ ગએલો. જામફળીના ઝાડનાં પાન તથા કાળાં મરીનું ચૂર્ણ સરખે ભાગે મેળવી લેવાથી હરસ બેસી જાય છે. દર્દ જૂનું હોય તો ધીરજથી ઉપચાર કરવો.

(માંડવી-કચ્છ) —નવીનચંદ્ર મૂળચંદ

~

[સાત્ત્વિક ને ધર્મશીલ ભાવનાઓના ચાહક અને જાણીતા અંગ્રેજ તત્ત્વચિંતક લેખક ક્રિસ્ટૉફર ઈશરવૂડે શ્રી રાજેન્દ્રસિંહ રાયજાદાના એક પત્રના પ્રશ્નોનો આપેલો ઉત્તર વિશાળ વાચકવર્ગના લાભાર્થે એમણે અમને અનુવાદિત કરીને મોકલ્યો છે, તે આ નીચે આપીએ છીએ:]

હાલ, હું કામના ભારે બોજાને લીધે પ્રત્યુત્તર જરા સંક્ષિપ્તમાં આપું તો ક્ષમા કરશો. આનો અર્થ એવો નથી કે મને આપના પત્રમાં રસ નહોતો પડ્યો. બલ્કે આપના પ્રશ્નો મને અત્યંત ગમ્યા છે.

હા, હું અવતારમાં માનું છું, અને રામકૃષ્ણ (પરમહંસ) એક અવતાર જ હતા.

મારું ચોક્કસ માનવું છે કે વેદાન્તદર્શને તેના વિશાળ અર્થમાં અમને પાશ્ચાત્યોને ઘણું શીખવવાનું છે; અને ખરેખર તો આ જ એક એવું તત્ત્વજ્ઞાન છે, જે આપણા આજના યુગની વૈજ્ઞાનિક ધારણાઓ સાથે આધ્યાત્મિક સત્યનો મેળ બેસાડતું લાગે છે. થોડા સમય પહેલાં જ મારી આગળ આવો મત શ્રી ઍલન વૉટ્સે પણ ઉચ્ચારેલો.

હું જન્મે બ્રિટિશ છું, અમેરિકન નથી. અને કદાચ એ જ વસ્તુ મારામાં ભારતીય દૃષ્ટિબિંદુ પ્રત્યે વિશેષ સહાનુભૂતિ પ્રેરે છે. વળી, છેલ્લાં ત્રીસ વર્ષથી હું કૅલિફૉર્નિયામાં રહ્યો હોઈ સ્વામી પ્રભવાનંદ અને અન્ય રામકૃષ્ણ-પરંપરાના સ્વામીઓના પરિચયમાં આવવાનું મહાન ભાગ્ય મને પ્રાપ્ત થયું છે. સ્વામી પ્રભવાનંદ મારા ગુરુ છે (અને) તેઓએ જ મને આમાં દીક્ષિત કર્યો છે, વળી તે મારા નિકટના મિત્ર તેમજ સાહિત્યિક સહપ્રવાસી પણ છે, તેથી સ્વાભાવિકરીતે જ હું ભારતીય માનસ, આત્માની થોડીઘણી પણ સમજ પ્રાપ્ત કરી શક્યો છું તદુપરાંત મેં બે વાર સ્વામીજી સાથે ભારતની મુલાકાત લીધી છે અને કલકત્તા બહારના બેલૂર મઠમાં રહ્યો છું.

રામકૃષ્ણ જેવા 'દૈવી આનંદમાં પાગલ' માનવ કદી યે જોયા હોવાનું હું કહી શકું નહિ, કારણ કે એનો અર્થ એવો થાય કે મેં સાક્ષાત્ અવતારનાં દર્શન કર્યાં છે. પણ મને એટલી પ્રતીતિ થઈ છે કે સ્વામી પ્રભવાનંદે આધ્યાત્મિક અનુભૂતિમાં ઘણી પ્રગતિ સાધી છે અને તેઓના સત્સંગથી તેની જે કંઈક ઝાંખી મને થઈ છે તેને લીધે જ, આજે મારામાં જે કાંઈ શ્રદ્ધા છે તે પ્રકટી છે. —ક્રિસ્ટૉફર ઈશરવૂડ

~

જાન્યુઆરી 'કુમાર'માં જીવનપટનાં સ્મૃતિચિત્રોમાં ગિરનારયાત્રાના વર્ણનમાં એમ જણાવ્યું છે કે 'બધા મિત્રો ઠેઠ અંબાજી પહોંચી ગયા ને ત્યાં રાત રહ્યા' આ બરોબર નથી અંબાજીમાં નહિ પણ જૈન મંદિરો જ્યાં શરૂ થાય છે તેને લગતી ધર્મશાળાની અગાશી ઉપરની નાની સરખી બંગલીમાં રાત રહ્યા હતા. સાથે જે ચિત્ર છાપ્યું છે તેમાં તે બંગલીનું આલેખન વચ્ચે આપેલું છે

(મુંબઇ) —પરમાનંદ કાપડિયા

'કુમાર'ને જન્મદિન મુબારક! ૪૫ વર્ષની એકધારી પ્રવૃત્તિ પછી પણ તે પ્રૌઢ નથી બન્યું પરંતુ 'કુમાર' જ રહ્યું છે એ આપને માટે જ નહિ, અમારા માટે યે ગર્વની વાત છે. 'કુમાર' ખૂબ ફૂલે-ફાલે એવી સર્વ શુભેચ્છા સહ
(મુંબાઇ) —'શીનરષ'

'કુમાર' અંક ૫૪૦ માટે ખાસ તો 'વડલા નીચે' તસ્વીર બાબત લખવા ઈચ્છા થઈ છે. પ્રસ્તુત છબિમાં તસ્વીરકારે નેગેટિવ અને એની પારદર્શક પૉઝિટિવના સંયોજનથી 'બાસ-રિલીફ'ની અસર ઉપજાવી છે, ને એમાં સામાન્યરીતે ન જાળવી શકાતી માનવ-ચહેરાની સ્પષ્ટતા પણ જાળવી છે એ સિદ્ધિ ઉલ્લેખતાં, એ કેમ બની શક્યું એની સાદી સમજ પણ બહુ રસભરી ને શોખીનોને ઉપયોગી નીવડી શકે: બે ફિલ્મના સંયોજન વખતે જે જે ભાગ સ્પષ્ટ જોઈતા હતા તે તસ્વીરકારે પારદર્શક પૉઝિટિવમાંથી કમી કર્યા છે (સ્ક્રેચ કરી નાખ્યા છે) જેથી ત્યાં છાપ બેવડાય નહિ.

આજના યુવાનને ટેકનિકલ વિષયોની ખૂબ જરૂર છે. 'ઘરકામ' ગણી શકાય એવા નુસખા ડગલેપગલે ઉપયોગી નીવડે. સ્કૂલ-કૉલેજમાં એ બધું શીખવા ન જ મળે. અંગ્રેજી મૅગૅઝીનોમાંથી એવાં કાંઇ ને કાંઈ ઉપયોગી ચયન કરી રજૂ કરવાં જરૂરી છે.

શ્રી સુશ્રુત પટેલના લેખો ઉપયોગી છે પણ તળપદા નથી. ડૉ. સુમંત મહેતાની નાની પણ સુરેખ છબિ ખૂબ ગમી. શ્રી સુમન શેઠની વ્યક્તિ-તસ્વીરો 'કુમાર'માં વારંવાર પ્રગટ થાય છે. એમની દરેક છબિ ધ્યાન ખેંચે છે.

મારી માન્યતા: શ્રી કમલિની ભણસાલીના ચોટદાર ઉત્તરો આ હારમાળામાં મેર સમાન છે. બહુ જ ટૂંકાણમાં પોતાના જીવન-નું હાર્દ; અને વાંચનારને કોઈક નવી દિશા ચીંધી શકે એવી મુલાકાત આ પહેલી જ છે.
(મુકુંદ) —રમેશ શાહ

નવેમ્બર માસની વ્યક્તિવિશેષ તરીકે સ્વ. નાથૂરામ પ્રેમીજીની જીવનસમીક્ષામાં એક મુખ્ય અંકોડો રહી જવા પામ્યો છે. સદ્ગત નાથૂરામ પ્રેમીની વાત થાય ત્યારે સાથે તેમની બીજી આવૃત્તિ સમા તેમના 'જૈનહિતૈષી' પત્રની વાત થવી જ જોઈએ.

જૈન સમાજમાં બે પત્રોએ (અને બે પત્રકારોએ) સારુ એવું ધ્યાન વર્ષો સુધી ખેંચી રાખ્યું હતું: એક આ 'જૈનહિતૈષી', અને બીજું 'જૈનહિતેચ્છુ'—સંપાદક વા૦ મો૦ શાહ. જાણે એ બંને પત્રો એકબીજાની આવૃત્તિ હોય એવાં લાગતાં હતાં. એ પત્રને અનુલક્ષીને વા. મો. શાહે સાચું જ કહ્યું હતું કે 'ભાષાગૌરવ, વિચારગૌરવ, નિષ્પક્ષપાતતા અને સેવાભાવ એ સર્વનો જેમાં એકસરખો પ્રકાશ નજરે પડે છે એવું પત્ર "જૈનહિતૈષી" છે. એટલું દળદાર, અને સાથે જ એટલું ઉત્તમ હિંદી પત્ર જૈન સમાજમાં તો મારા જોવામાં આવ્યું નથી. પોતાના જ્ઞાનને વધારવાની જેને દરકાર હોય, નિષ્પક્ષપાતી, ઊંડા વિચારપૂર્વક અને શોધપૂર્વક લખાતાં લખાણોનો લાભ લેવાની જેને ગરજ હોય તેની નજર આગળ આ પત્ર રજૂ કરવાની મારી પવિત્ર ફરજ સમજું છું.'
(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

'કુમાર'માં સાધુરામ યોધના લેખો વાંચી આનંદ થાય છે; સાથેસાથે ઘણી માહિતી મળે છે. રાગો વિષેની માહિતી ખરેખર અભ્યાસપૂર્ણ અને મનનીય હોય છે. તે સાથે શાસ્ત્રીય સંગીતની પ્રાથમિક માહિતી તથા રાગનાં વિવિધ અંગો (જેમ કે તાન, બોલતાન, સ્થાયી, અસ્થાયી, મૂર્કિ, હરક્ત, ઉપજ, મુખડાબંધ, ફિરત વગેરે)ની માહિતી આપે તો ખરેખર સંગીતપ્રેમી વાચકોને વધુ રસ પડશે.
(અમદાવાદ) —કનુભાઈ બ્રહ્મક્ષત્રિય

અનુસંધાન] **વિજ્ઞાનયુગે ધર્મ** [પૃ. ૮૮થી


નિર્માણ કરે છે, ને ધર્મ આજ્ઞા કરે છે કે તેનો ઉપયોગ વિનાશક શસ્ત્રો નહિ પણ વિદ્યુત-શક્તિ પેદા કરવા માટે થાય. વિજ્ઞાન માણસના મગજ પર ઊંડી અસર કરનાર નવી દવાઓ શોધે છે, ને ધર્મ ફરમાવે છે કે તે નશો ચડાવવા માટે નહિ પણ દુખાવામાં રાહત આપવા માટે વપરાય. વિજ્ઞાન રેડિયો ને ટેલિવિઝન માણસના હાથમાં મૂકે છે, ને ધર્મ આદેશ આપે છે કે તે દ્વારા સત્યનો જ પ્રચાર થાય, જૂઠ ને વેરનો નહિ. વિજ્ઞાન એ આંધળો રાક્ષસ છે; ધર્મ તેનાં દિવ્ય ચક્ષુ છે. વિજ્ઞાન વિના ધર્મ પાંગળો છે; ધર્મ વિના વિજ્ઞાન ઘાતક છે. પણ વિજ્ઞાન સાથે ધર્મ એ સશક્ત શરીર ને જાગ્રત મનના જેવી અજબ જોડી છે.


જેમ વિજ્ઞાનનો પ્રભાવ વધે તેમ ધર્મની જરૂર પણ વધે. બંનેનો વિકાસ સાથે સાથે સાધવામાં માનવજાતનું કલ્યાણ છે. વૈજ્ઞાનિકને શોભે એવો ધર્મ, અને ભક્તને શોભે એવું વિજ્ઞાન. વિવેક. સમર્પણ. કર્મયોગ. સત્યની ઉપાસનામાં માનવીનાં મન ને હૃદયનો મેળ. નવા સત્યયુગની આશા એમાં છે.

કાયાની કરામત—૨૦


જ્ઞાનતંતુઓ-૧

એક એવી ગણના છે કે માનવીના શરીરમાં ૧૨૦,૦૦૦ લાખ જ્ઞાનતંતુકોષો છે. એની સાથેના બધા જ્ઞાનતંતુઓને એકબીજા સાથે જોડીને લંબાવીએ તો એ વિષુવવૃત્ત પર પૃથ્વીને ફરતાં ૫૦ આંટા વીંટાઈ શકે. નીચેની આકૃતિઓ પેઠે દરેક જ્ઞાનતંતુનું મૂળ જ્ઞાનતંતુકોષમાં છે. એ કોષની વચ્ચે ન્યષ્ટિ (ન્યૂક્લીઅસ) હોય છે. આ કોષ જ એક છેડે ફણગા રૂપે જ્ઞાનતંતુ બની બીજા જ્ઞાનકોષ તરફ લંબાય છે. ત્યાં એ વૃક્ષની શાખાઓ જેમ ફેલાઇને બીજા કોષના લઘુતંતુઓમાં ભળે છે.





આપણને જીવન અને જગતનું ભાન કરાવનાર જ્ઞાનતંતુઓના મુખ્ય બે પ્રકાર છે. (૧) **અંતર્વાહી** (Afferent). જે મગજ અને કરોડરજ્જુમાં સંદેશ લઈ જાય છે. આમાંના દૃષ્ટિ, શ્રવણ, ગંધ, સ્વાદ, સ્પર્શ અને વેદનાની સંવેદના પહોંચાડનાર **સંવેદનાવાહક** (Sensory) જ્ઞાનતંતુઓ કહેવાય છે. પાચન વગેરે ક્રિયાનું નિયમન કરતા અંતર્વાહી જ્ઞાનતંતુઓ સંવેદના પ્રકટાવતા નથી. બીજો પ્રકાર મગજ અને કરોડરજ્જુમાંથી સંદેશા કે હુકમ લઈ જનાર **બહિર્વાહી** કે **આજ્ઞાવાહક** (Efferent) જ્ઞાનતંતુઓનો છે. એની રચના જમણી બાજુ ઉપર દર્શાવી છે. ◖ જ્ઞાનતંતુના કોષો ભુખરા રંગના અને એના મુખ્ય તંતુઓ, એના પરના મેદોમય આવરણને લીધે શ્વેત રંગના દેખાય છે એના પરથી મગજ અને કરોડરજ્જુમાંના એના સમૂહને અનુક્રમે 'ગ્રે મૅટર' અને 'વ્હાઈટ મૅટર' કહે છે.→



ભણકારા વાગે / હરિકૃષ્ણ પાઠક

• ગાન •

પાદરની આમલીમાં પ્રોવ્યું છે મન
હવે કો'ક વાર જીવ્યાના ભણકારા વાગે.

જાંબેરી ડાળીએ બેસીને
ગીધની આંખે હું અંધકાર ચાળું,
ઝબકાતું જોઉં ક્યાંક મૂગું મસાણ
ગીત ગાતું આવે રે અજવાળું;
શમણાંની રાખને ખંખેરી નાખવા
ફડફડતી પાંખોમાં ચેન મારું જાગે—પા૰

અધરાતે કોઈ વાર ઊભી બજારની
નીરવતા ઓઢીને મ્હાલું,
તપતું ભલેને હોય તડકાનું રાજ
હું તો પડછાયો છોડીને ચાલું;
ભાંગેલા કોટની રાંગે ચડું ને મને
સૂનાં ખંડેર સાદ દેતાં રે લાગે—પા૰

યાદ / માધવ રામાનુજ

• કટાવ •

ટોડલે તોરણિયામાં
પાનેતરની ભાત.
ગોખલે સેંથાનું સિંદૂર.

બારણે કડાં નહિ,
કંકણની ઝૂલે જોડ.
ઉંબરે કંકુનો ઓળેપ.

ઓરડે હજી
મ્હેકતી કેવડિયાની વાસ.
પટારે પીઠીવરણો
પથરાયો અજવાસ.

ચાકળે ઝળહળ કેસર-આડ.
ઢોલિયે ઢળ્યા રહ્યા છે
હજી ધ્રબકતા સૂર.

બારીએ બેઠો બેઠો
મેંદીના રંગોમાં ઘૂંટું...

સવાર / મનોજ ખંડેરિયા

• ગાન •

ગેરુવા છાપરાના નળિયેથી આંગણામાં
ખળખળતો તડકો તો ગેરુગેરુ થઈ લીંપાય.

કૂકડાની કલગીમાં ફરકી સવાર કે એ
કલરવિયાં પીછાંમાં પ્રસરી,
ઝાકળની આંખોને ચૂમવા સૂરજની
સોનેરી ઝંખના શી ઊતરી!
હોલાની ડોક જેવા ચંચળ પવનમાં—
ચારે દિશાઓ જાણે ઊડુંઊડું રે કંઈ થાય!

ઘાસલિયા મેદાને તરણાંનું લીલુંછમ
તૂટતું એક મોજું રેલાતું,
ફૂલોની બારીએ બેઠી સુગંધને એ જોઈને રે
મનમાં શું થાતું!
તુલસીના ક્યારામાં કૂમળા બે હાથેથી
સીંચાતું જળ મારા રૂંવેરૂંવે રે વહી જાય!

સોનલ, તમે / રમેશ પારેખ

• ગાન •

સોનલ, તમે હાથમતીનું વ્હેણ, ને અમે ઢળતા બૂરજ.
અલપ-ઝલપ છાંય તમારા વ્હેણમાં ઢોળી લઈએ રે કંઠારની રાંગે,
આવતી વેળા લથરવથર હાંફતા મારા થાકથી બરડ પંડયને ભાંગે,
ભરડો મારી ગઢની માથે આભલું માંડે ફેણ ને ખરે કૂંફવાટે રજ;
સોનલ; તમે હાથમતીનું વ્હેણ, ને અમે ઢળતા બૂરજ.

સોનલ, તમે સોનમુખીનું ફૂલ, ને અમે બળતા સૂરજ.
પીળા ઘમ્મર શ્વાસમાં પીતાં તમને, તમે જેમ ઢળો એમ ઢળીએ અમે,
કંઠમાં લઈ ભરબપોરી કેટલી તરસ! કેટલો માગો તડકો ભમે!
સાંજની રુંઝયું ઘેરતો મારી આંખમાં નીભરખટકે ખાલીખેપનો ગુંબજ.
સોનલ, તમે સોનમુખીનું ફૂલ, ને અમે બળતા સૂરજ.

તમે જ્યારે જ્યારે.... / મનહર તળપદા

• શિખરિણી •

તમે જ્યારે જ્યારે મુજ નયનમાં જાવ ફરકી
ઢળેલી સાંજોનું રૂપ ગગનમાં જાય પસરી;
પછી તે બેઠેલું મિલન રજનીના સ્વપનમાં
હસીને ધીરેથી દિવસવનમાં ઓગળી જતું.

અને ચોપાસેથી રૂમઝુમ થતા નૂપુર તણા
રવોમાં નાહીને ભરત સીમનો શ્વાસ લીલવો;
પણે આંબાડાળે સમયનીડની દેવચકલી,
હવામાં ખંખેરે અલસ ક્ષણનો થાક સઘળો.

ફરીથી પોઢેલાં વિવશ શમણાં જાગૃત બને,
ક્ષિતિજેથી પાછાં ફરી મધુર ગૈ કાલ લઈને
ખરે છે અંધારાં... ... ...
તમે જ્યારે જ્યારે મુજ નયનમાં જાવ ફરકી.

અજબ ઝકોરે / પિનાકિન્ ઠાકોર

• ગાન •

સખી સાંજની વાત સવારે શમણાં થઈને ટહોરે,
આછા ઢળતા રંગ ઊઘડે ઉજાશના અંકોરે.

સીમ સરકતાં પડછાયા શાં અજવાળાં ઓ આઘે,
અંધારાં ઊતર્યેથી અજંપા અણજાણ્યા ઉર લાગે;
વણમાણ્યાં સુખની લાગણીઓ સળવળ કો સંકોરે—સખી૰

આગમના અણસાર હજી તો, વધી જાય ધબકારા,
મધુર અડકતા જાય વાયરા લજામણીના ક્યારા;
પાંચ પલક સંકોચાઈને સમાય ભીડયા જોરે—સખી૰

મૂગા હોઠ પીએ નિઃશ્વાસે નરદમ અમલ કટોરા,
ભીની માટીની ફોરમ ઝરમરતી ઝીણાં ફોરાં;
જબર ફૂટી ભીતર સરવાણી અમૃત અજબ ઝકોરે—સખી૰

ગીત / મનોહર ત્રિવેદી

• ગાન •

પાનીઓ વચ્ચે તરતી કેડી, આંખમાં તરે ઘર,
બપોર થાતાં વરસ્યું બધે બે ય કાંઠે ખેતર.

મોલની ઓળેઓળમાં ઊગી આંગળીઓની મ્હેક,
પાંદડીઓના કંઠથી આખી સીમમાં વ્હેતી ગ્હેક,
શેઢા કને સાંભળે કાળુભારનું એ કોતર.

પગલાં વાંસોવાંસ તાકે તે પગના ભીના સૂર,
વારે વારે ચાસ ડોકાતા ગામકેડે આતુર;
ત્યાં જ અચાનક ટહુકી ઊઠે પછવાડે ઝાંઝર.

પાનીઓ વચ્ચે તરતી કેડી, આંખમાં તરે ઘર,
બપોર થાતાં વરસ્યું પાછું બે ય કાંઠે ખેતર.

આનંદઘનમાં / સુન્દરમ્

• શિખરિણી •

હસી ત્યારે સારા ગગન મહીં તારા તગી ઊઠયા,
અને રૂઠી ત્યારે કટક ઘનનાં સૌ દિશ ચડયાં,
અને નેત્રો જ્યારે દૃઢ થઈ રચી ત્રાટક રહ્યાં,
ગયા થંભી વાતા પવન, ધરતી યે સ્થિર થઈ.

અને મારી નાની મતિ કનકવા હાથ લઇને
મચી ગૈ ખેલોમાં: ગગન ગગને કોકે ગરવી
ધજા દીધી રોપી હા, પવન સઘળાની ગતિ લઈ
ઘૂમી આવ્યું ચૌદે ભુવન, વન વૃંદાવન રચ્યું.

પછી પેલી દૃષ્ટિ સ્મિત વરસતી નેત્ર સુજનાં
ગુહામાં દોરી ગૈ, ગુનગુન હતાં ગુંજન જયહીં,
સુગંધોના ઘેરા પુટ જયહીં હતા, લક્ષ રવિની
હતી જ્યાં જયોતો, ને પ્રબળ મરુતો જ્યાં પ્રણયના.

અને ધીરેધીરે સરતી મુજ નૌકા જલધિ કો
તણાં નીરે વ્હેતી અદશ થઈ આનંદઘનમાં.

હથેળિયુંમાં / ભાનુપ્રસાદ પંડયા

• ગાન •

હથેળિયુંને મોકળી મેલું શેં, આઈ!
હથેળિયુંમાં પુરાયા ચારચાર પ્હોર!
હથેળિયુંને સાચવીને રાખું ને, આઈ?
હથેળિયુંમાં તબકે છે ભાતીગળ ભોર!

'હથેળિયુંમાં ભાર્યો ટંકણખાર તેજી!'
સાહેળિયુંનાં સાચાં પડયાં ઇ સાવ વેણ!
હથેળિયુંને પાણીમાં નૈં બોળું આઈ,
રેળાય મારી આખી અળખાએલ રેણ!

હથેળિયુંને પાલવની ડાળખીમાં ઢાંકું
ટૌ'કે છ મહીં સૂડા–કોયલ ને મોર!
હથેળિયુંમાં ફોરે કૈં તાજાં ધૂપેલ
ફરકે છ એમાં ઓઢિયાંનો વાંકડિયો તોર!

હથેળિયુંમાં ગ્હોર્યાં વરત ગોર્યમાનાં
બિલોરીબધાખીલીઊઠયાછઓરતાકોડ!
હથેળિયુંમાં ઊગી સુખાળવી રેખું
અજબ! એનો જોશીડા તાગે નૈં તોડ!

ધમકે ઘૂઘરમાળ / શકુર સરવૈયા

• ગાન •

લીપણે દોર્યાં ઝાડવાં હવે ડોલતાં સૈયર...
નમણી ઝૂકેલ ગલમેંદીની પાંદડી ઉપર વા લીલેરો વાય!

અમરાઈના બોલને વાયરા ખોઇમાં ઝીલી
નાખતા એવા હીંચકાઉં કે પાદર લગી જાય ફંગોળા;
ફૂરૂ...ર કરતાં આભ ઉપાડી તેતરટોળાં એમ ઊડે કે
થુવેરિયાની આંખ્યને ઝાઝા થાય ફંફેળા;
લીલ ચડેલાં જળનાં ઉંડાણ પાંખમાં ભરી ઘાસમાં વેરે છાંય.

નમતી વેળા હાથમાં નીરણ લઇને ગોઠે જાઉં ને સૈયર...
તોડામાંથી પંખેરુંના થાય ગોકીરા,
આથમણેથી મોંઢવા મોંઢે રંગના પીળાચટ્ટ ગરેડે
લાજવંતીના અંગથી ફૂટે કોડ અધીરા;
પાછલી ભીંત્યે સોનચંપાના ખિખિયારામાં ઘણ છૂટયાની ઝાંય.

વાવનું પાણી વ્હેળકું થઇને વાડીએ ભમતું થાય ને
ભીના મનમાં મીઠી ધમકે ઘૂઘરમાળ,
ઉંબરે હડેડાટ ઘોડીને કેડિયું આવે
કીકીએ ઝીણી વાત્યને ઘૂંટે બોલકા એના ઢાળ,
ઓય મા! મુને બોરના જેવી ફૂટડી રતાશ શેરડા પાડી જાય!

તેં આમ તો.... / રમણ સોની

• વસંતતિલકા–મૃદંગ •

તેં આમ તો જીવનને લીધ એવું બાંધી
કે મુક્ત કોઈ ક્ષણ ના તવ યાદથી મુજ!
કો' પખીનો ય ફફડાટ સુણું, તરી રહે
આંખો સમીપ ગભરુ તવ બા'વરી કીકી.
હિલ્લોલતાં જલ મહીં જવ નર્તતો શશી,
તારું જ સ્મિત વિખરાયલ જોઈ વ્યસ્ત હું!

આ દેશ — જયાં સ્મરણનું નહિ કોઈ ચિહ્ન,
ત્યાં ચાલતાં (સડક પે) તૃણ કોઈ સ્પર્શે
સુક્કું ય...જાય પથરાઈ નદી તણો તટ;
ને બેઉનાં ધબકતાં ત્યહીં મૌન વચ્ચે
અંગુલિ ને તૃણ રહે મરકી જરાક......
-ને મારું યે ફફડી રહે અહીં સ્તબ્ધ મૌન!
ને સ્વપ્નમાં ય — ઝબકી જઈ જાગતી તું.
મારાં અનિદ્ર નયને પસરી જતી સદા!

અનુસંધાન] **આચાર્ય આનન્દશંકર ધ્રુવ** [પૃષ્ઠ ૯૧થી

તે કદાપિ વિસરાય તેમ નથી. મૃત્યુ જાણે કોઈ અતિથિવિશેષ હોય અને પોતે એના સ્વાગતની તૈયારી કરતા હોય તેમ છેલ્લી ક્ષણ સુધી જીવનનો ઉત્સાહ પ્રકટતો હતો. પોતે સ્મિતપૂર્વક અનશનવ્રત લીધું, સમીપવર્તી મૃત્યુને એક દૈનિક ગણ્યું, અને ઈ. સ. ૧૯૪૨ના એપ્રિલ માસની સાતમી તારીખે સાંજના ચાર ઉપર પાંચ મિનિટે અંતિમ સમાધિ લીધી.

આનન્દશંકરભાઇએ પોતાના આજીવન ચિન્તનને પરિણામે મુખ્યત્વે ગુજરાતીમાં ને થોડા પ્રમાણમાં અંગ્રેજી ગ્રન્થો લખ્યા છે. એમનો 'આપણો ધર્મ' ગુજરાતી ભાષામાં એ વિષયનો અનન્ય ગ્રન્થ છે. ઉપરાંત, 'હિન્દુ (વેદ) ધર્મ', 'ધર્મવર્ણન', 'નીતિ શિક્ષણ' ને 'હિન્દુધર્મની બાળપોથી' ગુજરાતીમાં લખ્યાં છે. 'વસન્ત'માંથી એકત્ર કરીને ગુજરાત વિદ્યાસભાએ આજ સુધી ચાર પુસ્તકો—'કાવ્યતત્ત્વવિચાર', 'સાહિત્યવિચાર', 'દિગ્દર્શન' અને 'વિચારમાધુરી' પ્રકટ કર્યાં છે. આ ઉપરાંત 'ટેનિસન અને બ્રાઉનિંગ' અને 'કૅન્ટ અને બ્રાઉનિંગ' નામની બે પુસ્તિકાઓ પણ પોતે અંગ્રેજીમાં લખી છે.

આનન્દશંકરભાઈનું જીવન મનુષ્યજાતિ માટે યુગેયુગે આદર્શ રૂપ છે, અને વિશેષ કરીને આપણી ઊગતી પ્રજા તેમજ નજીકના ભાવિની પ્રજા માટે તો છે જ. પોતે જણાવતા કે, જેમાં કુલ, રૂપ, શ્રુત, પ્રજ્ઞા અને શીલ એ પાંચે વાનાં હે ય તે સાચો બ્રાહ્મણ કહેવાય. એમણે એ પાંચ ગુણો જીવનમાં ઉતાર્યા હતા અને વિશેષ કરીને પ્રજ્ઞા તથા શીલ એમનામાં બહુ ઊંચી કોટિએ પહોંચ્યા હતાં. શ્રી કનૈયાલાલ મુનશીએ એમને 'શ્રુત અને પ્રજ્ઞાસંપન્ન બ્રાહ્મણોમાં છેલ્લા' કહ્યા છે તે યથાર્થ છે.

—રતિલાલ મોહનલાલ ત્રિવેદી

વિજ્ઞાનયુગે ધર્મ

ફાધર વાલેસ

ધર્મ ને વિજ્ઞાનનો ઝગડો જૂનો છે. સ્વાભાવિક પણ છે. ઘેર બે વહુ હોય તો વાસણ ખખડે. ને માનવીને ઘેર બે વહુઓ છે: ધર્મની ભાવના છે, ને વિજ્ઞાનની સાધના છે. ઘર મોટું છે, વિશાળ છે, સૃષ્ટિનો મહેલ છે. પણ એ બે વહુઓ જબરી છે. એટલે વાસણ ખખડે. અને બિચારો માનવી આજે એકનો ને કાલે બીજીનો પક્ષ લઇને જેમતેમ સંસાર ચલાવે છે.

ઝગડાનું મૂળ તો એ સૃષ્ટિના મહેલ પ્રત્યેનાં જુદાં વલણો છે: આકર્ષણ ને ત્યાગ. મોહ ને ઉદાસીનતા. ધર્મ માણસને પ્રકૃતિથી ને પ્રવૃત્તિથી દૂર રહેવા અનુરોધ કરે છે: સંસાર અસાર છે, માયા છે, મિથ્યા છે. એમાં બંધન છે, જાળ છે, કર્મપાશ છે. એનો જેમ ઓછો ઉપયોગ કરીએ તેમ સારું; એનાથી જેમ અલિપ્ત રહીએ તેમ સારું જડ કુદરતનો સ્પર્શ માણસને લેપ લગાડે છે, ભ્રષ્ટ કરે છે, અભડાવે છે. તેની શોધો ને સગવડો માણસની તૃષ્ણા ને આસક્તિ વધારે છે, છિપાવતી નથી. માટે ખરો ઉકેલ સુખસગવડો વધારવામાં નહિ, તજવામાં છે. ફેંકી દો દૂર રહો. વૈરાગ્ય, ઉદાસીનતા, ત્યાગ. એમાં માણસનો સાચો ઉગારો છે...

પણ વિજ્ઞાનની વાણી જુદી છે. એ માણસને કુદરતની પાસે—'જડ' સૃષ્ટિની પાસે જવા ને એમાં પ્રવૃત્ત રહેવા અનુરોધ કરે છે: કુદરતની પાસેથી કામ લો, એને નાથી લો, કાબૂમાં લાવો. એની શક્તિથી બળવાન બનો, એની સમૃદ્ધિથી ધનવાન બનો. મનોરંજન, વાહનવ્યવહાર, ઉત્પાદનનાં સાધનો વધારો. માણસ પણ કુદરતનું એક અંગ છે, માટે એના વિકાસમાં પોતાની સાચી પ્રગતિ છે...

પાકી ગેરસમજ છે. સામસામાં વલણો છે. અને બંનેની પાછળ જુસ્સો, ધૂન, ઝનૂન છે, એટલે સમાધાનનો સંભવ ઓછો છે. તો ય વિચાર આવે છે કે સૃષ્ટિના સર્જકને શોધવા સૃષ્ટિથી દૂર કેમ જવું પડતું હશે? કુદરતના માલિકને મળવા કુદરતથી નાસી જવાની કેમ ફરજ પડાતી હશે? ચૈતન્યનો સાક્ષાત્કાર કરવા પ્રગતિનો પ્રાણ રૂંધાવવાનું કેમ કહેતા હશે? કવિનો આત્મા તેના કાવ્યમાં છે. શિલ્પીની ભાવના તેની મૂર્તિમાં છે. સર્જકનાં દર્શન તેના સર્જનમાં મળશે ઇશ્વર સૃષ્ટિમાં છે—'જડ' સૃષ્ટિમાં પણ છે, સંસારમાં પણ છે. ધર્મની સાધના નિવૃત્તિમાં નહિ, પ્રવૃત્તિમાં છે; ત્યાગમાં જ નહિ, ઉપભોગમાં પણ છે. સાચો વૈજ્ઞાનિક માનવજાતના કલ્યાણ અર્થે કુદરતની પાસે જાય, એમાં ગરક થાય, તેનાં રહસ્ય ફોડે, તેનાં બળ પારખે, તેની સેવા લે ત્યારે એ સાચા ધર્મનું કામ પણ કરી રહ્યો છે. એને નરસૈયાની પંક્તિ લાગુ પડે છે: 'હરિને જાણ્યા વિના હરિ કેરો જન થયો.'

ટાગોર આપણને માર્મિક ઠપકો આપે છે: 'મંદિરની ગંભીર ઉદાસીનતા તજી બાળકો બહાર દોડી જાય છે અને ધૂળમાં ખેલે છે. ભગવાન એમને રમતાં જોઈ પૂજારીને ભૂલી જાય છે.' ધૂળમાંની આરતી સાચી હતી. એમાં બાળકનું દિલ હતું. અને ભગવાનનું પણ દિલ હતું. સ્વ. ગટુભાઈ ધ્રુવે આપણા જમાનામાં પ્રવર્તતી ધર્મની ગ્લાનિનું કારણ તપાસતાં લખ્યું હતું: 'ભગવાનની ભક્તિ અને પરલોકમાં આત્માનું કલ્યાણ કરવા પર જેટલો ભાર મૂકવામાં આવ્યો છે તેટલો ભાર આ દુનિયામાં પણ માનવજીવનનું કલ્યાણ કરવા પર મૂકવામાં આવ્યો નથી તેનું આ પરિણામ છે.' માનવીને આત્મા પણ છે અને શરીર પણ છે, એટલે બંનેનો વિકાસ એણે સાધવાનો છે. માનવીએ આ લોકમાં તેમ જ પરલોકમાં પણ રહેવાનું છે, એટલે બંનેમાં કલ્યાણ સર્જવાનું છે. એ માનવીની ફરજ છે; એ ધર્મની—અને વિજ્ઞાનની જવાબદારી છે. ઝગડાનું કારણ નથી. સમન્વયનો વિષય છે.

એક ઉદાહરણ લઇએ. સૂરજ તરફ માણસ જુદીજુદી નજરે જોઈ શકે સૂરજમાં એ દેવતા જુએ ને તેની પૂજા કરે; કે તેના સૌંદર્યથી મુગ્ધ થઈને સૂર્યોદયની કવિતા લખે; અથવા સૂર્યને પોતાના અભ્યાસનો વિષય બનાવે ને દૂરબીન તાકીને તેનું નિરીક્ષણ કરે ને સંશોધન ચલાવે; કે વળી સૂર્યની પાસેથી એ કામ લઈ શકે એનો ખયાલ થતાં એ તેની ગરમીનો સંચાર કરીને પોતાનાં યંત્રો ચલાવે સૂરજની બાબતમાં માણસે એ બધું કર્યું પણ છે. પૂજા, પ્રશંસા, અભ્યાસ, ઉપયોગ. પ્રથમ ભક્તિ કરે, પછી કવિતા લખે, એના વિષે જ્ઞાન મેળવે, અને છેલ્લે પોતાનો સ્વાર્થ સાધે. માણસ ગર્વ લઈ શકે એવો એ ક્રમ લાગતો નથી. શરૂઆતમાં સૂર્યને ઈષ્ટદેવ માને, ને છેલ્લે એને સ્થૂળ સાધન બનાવે. ધર્મથી માંડીને વિજ્ઞાનમાં આવે. એના જેવી ભ્રષ્ટતા કઈ હશે? પણ એ ખયાલ ખોટો છે. એ ભ્રષ્ટતા નથી, એ ક્રમ અધોગતિનો નથી. પૂજા ને ઉપયોગ, પ્રશંસા ને અભ્યાસ ચારેચાર વલણો યોગ્ય છે, એકબીજાનાં પૂરક છે. પૂજામાં ઉપયોગનું તત્ત્વ છે, અને ઉપયોગમાં પૂજાનો ભાવ છે. સૂર્યમાંથી પ્રેરણા મળે કે ગરમી મળે, તે આખરે એક જ વરદાનનાં બે પાસાં છે. પૂજારી પ્રાતઃકાળે સૂર્યનમસ્કાર કરે ત્યારે સૂર્યદેવતા પ્રસન્ન થાય, અને વૈજ્ઞાનિક મધ્યાહ્ને સૂર્યકિરણો લઈને યાંત્રિક ચૂલો સળગાવે ત્યારે પણ પ્રસન્ન થાય. ફક્ત એ પૂજારીને ને એ વૈજ્ઞાનિકને ઝગડતા જુએ ત્યારે એ નાખુશ થાય.

ધર્મની મૂળ ગતિ માણસને પોતાની બહાર લઈ જવા તરફ હોય છે. સ્વાર્થ તોડીને, અંગત લાભ ભુલાવીને તે માણસને બીજાઓનો વિચાર કરતો બનાવે, વિશ્વના નિયમો સ્વીકારતો બનાવે, ઈશ્વરની આજ્ઞાને આધીન બનાવે. એમાં ધર્મનો સાર છે. અને સહેજ વિચાર કરીશું તો જણાશે કે વિજ્ઞાનની મૂળ ગતિ પણ એ જ છે: બહાર તરફ, વિશ્વ તરફ, સૃષ્ટિના ક્રમ ને નિયમોના સ્વીકાર તરફ. વિજ્ઞાન માણસને બહાર લઈ જાય છે, એના સ્વાર્થની ઝૂંપડી તોડીને એને વિશાળ, મંગલ, અદ્‌ભુત કુદરતની પાસે લઈ જાય છે, એના નિયમો એની પાસે સ્વીકારાવે છે, એને આધીન રહેતાં શીખવે છે. વૈજ્ઞાનિકે પોતાના અભ્યાસખંડમાં સમીકરણો બાંધ્યાં હશે ને પ્રયોગો ચલાવ્યા હશે, પણ આખરે એ કુદરતની પાસે લઈ જઇને એની ચકાસણી કરવાની રહેશે; ને જો એ બહારના નિયમ સાથે એમનો મેળ નહિ બેસે તો એ સમીકરણો તોડવાં પડશે ને એ પ્રયોગો રદ કરવા પડશે. વિજ્ઞાનની શાળામાં માણસ નમ્ર બને, શ્રેષ્ઠ ધોરણે કામ કરતો થાય, બીજાઓની સમાનતા ને બિરાદરી આપોઆપ સ્વીકારતો થાય, પવિત્ર ઉત્સાહથી સ્વાર્થત્યાગ કરીને અભ્યાસ ને સંશોધન ચલાવતો થાય, આખા જીવનમાં સત્યની ઉપાસના કરતો થાય. અરે, આ તે વિજ્ઞાનના પાઠ છે કે ધર્મની સાધના છે? માટે સાચા વિજ્ઞાન ને સાચા ધર્મ વચ્ચે ઝગડો નથી, એકતા છે. કોઈ સંઘર્ષ હોય તો તે બંનેના ખોટા ખયાલોને લીધે હશે. મહાન ધર્મપુરુષ લૂઈ પાસ્તેરે કહ્યું હતું તેમ 'કાચું વિજ્ઞાન માણસને નાસ્તિક બનાવે છે; સાચું વિજ્ઞાન માણસને ભક્ત બનાવે છે.'

ધર્મ ને વિજ્ઞાન વચ્ચેનો સંબંધ મન ને દેહના સંબંધ જેવો છે. વિજ્ઞાન સાધનો પૂરાં પાડે છે, ને ધર્મ તેનો શો ઉપયોગ કરવો જોઈએ એ બતાવે છે. વિજ્ઞાન અણુશક્તિનું

(અનુસંધાન 'વાચકો લખે છે'ને છેડે)

ગાંધીજીની સાથોસાથ જેમની જન્મશતાબ્દીનું આ વર્ષ છે તે:

પ્રબુદ્ધ જ્ઞાનમૂર્તિ અને અભિજાત સંસ્કારમૂર્તિ

આચાર્ય આનન્દશંકર ધ્રુવ



ફોટો • રવિશંકર રાવળ

વિદ્યા, સંસ્કારિતા ને વ્યવહારકુશળતા માટે પ્રસિદ્ધ એવી વડનગરા નાગર જ્ઞાતિમાં, અમદાવાદમાં, એમના પિતામહ દયાશંકર ધ્રુવ સાધારણ સ્થિતિના ભગવત્પરાયણ સજ્જન હતા. એ દયાશંકર ધ્રુવના એકના એક પુત્ર બાપુભાઈ ધ્રુવને પિતા પાસેથી ધન કે પ્રતિષ્ઠાનો વારસો મળ્યો નહોતો, પરંતુ એમનામાં સંસ્કારિતા અને કુટુંબના દેવો પ્રત્યે ભક્તિ ઘણી હતી. સાધારણ માણસની કેળવણી લઈ એમણે ઘણી નાની વયે માસિક પાંચ રૂપિયાના પગારથી સરકારી એજન્સી ખાતામાં કારકુનની નોકરી લીધી; પરંતુ થોડા સમયમાં જ બુદ્ધિશક્તિ, પ્રામાણિકતા અને કાર્યદક્ષતાને લીધે રાજકોટમાં પોલિટિકલ એજન્ટના દફ્તરદારની પદવી પ્રાપ્ત કરી.

એ રાવસાહેબ બાપુભાઈને પ્રથમ પત્નીથી ચાર પુત્રીઓ હતી, પણ પુત્ર ન હતો. એ પ્રથમ પત્નીના અવસાન પછી દસક્રોઈ તાલુકાના મામલતદાર મહીપતરાય હિંમતલાલ સૈયદનાં પુત્રી મણિબા સાથે એમણે લગ્ન કર્યાં. મણિબાથી એમને બે પુત્રીઓ અને એક પુત્ર થયાં. ઇ. સ. ૧૮૬૯ના જાન્યુઆરીની ૨૨મી તારીખે જન્મેલા એ પુત્રનું નામ આનંદશંકર રાખવામાં આવ્યું. શ્રીમન્ત પિતાના તે એકમાત્ર પુત્ર અને છ બહેનો વચ્ચે એક જ ભાઈ હતા. સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા પછી રાવસાહેબ બાપુભાઈ વડોદરાના નાયબ દીવાન નિમાયા, એટલે આનંદશંકરભાઈનું બાળપણ રાજકોટ ને વડોદરા વીત્યું. થોડા સમયમાં જ પિતાએ નિવૃત્તિ લીધી અને પછી છેવટ સુધી અમદાવાદ આકાશેઠના કૂવાની પોળના મકાનમાં રહ્યા.

શૈશવ અને કૌમારકાળમાં સમૃદ્ધિમાં ઊછરેલા આનંદશંકરભાઈ નાના હતા ત્યારથી ગાડીમાં ફરતા, અને શાળામાં મંદિરમાં કે બીજે જે જે સ્થળે જાય ત્યાં એક નોકર એમની સાથે રહેતો. પોતે ઉજ્જ્વલ અને રમણીય પોશાક પહેરતા. ઘોડે બેસવાનો એમને શોખ હતો. એમનું શરીર સુન્દર, ગૌર ને કાન્તિમાન હતું. એમનાં નેત્રોમાં ચમક હતી અને ચરણોમાં સ્ફૂર્તિ હતી. એમનાં નેત્રોની એ મનોરમતા અને તેજસ્વિતા એમની ઉત્તરાવસ્થામાં પણ સ્પષ્ટતાથી દેખાતી. શાળાના અભ્યાસ દરમિયાન એ વર્ગમાં મોખરે રહેતા અને મુંબાઈ યુનિવર્સિટીની મૅટ્રિક્યુલેશનની પરીક્ષામાં એ બીજે નંબરે ઉત્તીર્ણ થયા હતા.

આનંદશંકરભાઈના સંસ્કૃત જ્ઞાનના ભવ્ય મંદિરનું ચણતર મૈથિલી પંડિતોને હાથે થયું. ઉનાળાના પ્રખર તાપમાં લાગટ નવ દસ કલાક ન્યાય જેવા વિષયો શીખવામાં તેઓ ગાળતા. સમસ્ત હિન્દુસ્તાનમાં સંસ્કૃતજ્ઞ તરીકે જે અસાધારણ પ્રતિષ્ઠા તેમણે પ્રાપ્ત કરી તેનું મૂળ અભ્યાસકાળમાં વિદ્યોપાર્જનમાં એમણે લીધેલા પરિશ્રમનું પરિણામ છે. ઈ. ૧૮૯૨માં તેમણે એમ. એ. થયા પછી થોડાંક વર્ષોના અંતરે એલએલ. બી.ની પરીક્ષા પસાર કરી.

એમ. એ. થયા કે તુરત જ ગુજરાત કૉલેજમાં સંસ્કૃતના પ્રોફેસર કાથવટે નિવૃત્ત થયા. તેમણે એ સ્થાને આવવા આનંદશંકરભાઈને આગ્રહ કર્યો. આનંદશંકરભાઈના પિતાશ્રીની પણ એ સ્થાનનો સ્વીકાર કરે એવી ખાસ ઇચ્છા હતી. પણ આનંદશંકરભાઈનો આદર્શ કાયદાક્ષેત્રમાં જસ્ટીસ તેલંગ જેવા થવાનો હતો. આખરે પિતાની ઇચ્છાને માન આપી, આંખમાં આંસુ સાથે એમણે એ પદ સ્વીકાર્યું અને ૧૮૯૨ થી ૧૯૧૯ સુધી તે શોભાવ્યું. સંસ્કૃતના વિષયમાં એમની ઊંડી વિદ્વત્તા, અંગ્રેજી ભાષા ને સાહિત્ય પર એમનું અદ્ભુત પ્રભુત્વ, એમનો અપાર વાગ્વૈભવ, એમનું અપૂર્વ અર્થદર્શન, એમની મહાનુભાવ આકૃતિ, એમનું સત્ય મૂલ્યાંકન, એમનું સમતોલપણું ઇત્યાદિ ગુણો વડે એઓ વિદ્યાર્થીઓનાં ચિત્ત પર જાદુઈ અસર કરતા. સંસ્કૃત ગદ્ય, પદ્ય, નાટક, તર્કભાષા, અલંકાર, તત્ત્વજ્ઞાન, જે કોઈ વિષયને તેઓ સ્પર્શતા તેને તેઓ શોભાવતા. આખા મુંબાઈ પ્રાંતની મહાશાળાઓમાં તે વખતમાં એક સમર્થ અધ્યાપક તરીકે એમણે નામના મેળવી.

આનંદશંકરભાઇએ બે વાર લગ્ન કરેલું. સોળ વર્ષની વયે શ્રી ગુલાબરાય મહાશંકર મુનશીનાં પુત્રી સૌ. અન્દુબા સાથે એમનું લગ્ન થયું. અન્દુબામાં ઉત્તમ સ્ત્રીત્વ, યથોચિત બુદ્ધિ અને પ્રશસ્ય કાર્યશક્તિ હતાં. પતિની જ્ઞાનવિકાસની પ્રવૃત્તિમાં એમને ઘણો રસ હતો અને પતિ એમ. એ. થાય એવો મનોરથ હતો. પરંતુ આ દામ્પત્યસુખનો ચાર પાંચ વર્ષમાં જ અંત આવ્યો. એ વખતે આનંદશંકરભાઈની ઉમર વીસ વર્ષની હતી. અન્દુબાના અવસાન પછી ત્રણચાર વર્ષ બાદ, માતાપિતાના અત્યાગ્રહને વશ થઈ, ગ્વાલિયરના રાજસેવક શ્રી ભગવંતરાય મુનશીનાં પુત્રી અમીરબા સાથે એમનું લગ્ન થયું. આ લગ્ન પણ પ્રથમ જેવું જ સુખી હતું. એ લગ્નથી થએલા ચાર પુત્રો અને એક પુત્રીમાંથી—ધ્રુવભાઈ, પ્રહલાદભાઈ અને જૉલી બ્હેન ઊછરી આવ્યાં.

નિવૃત્તિના સમય દરમિયાન રાવસાહેબ બાપુભાઈનું ચિત્ત ગૃહદેવતાની પૂજામાં સવિશેષ હતું. કવિવર રવીન્દ્રનાથના પિતાની પેઠે, બાપુભાઈએ ભારે સંભાળપૂર્વક પુત્રના આધ્યાત્મિક વિકાસ માટે જ્ઞાન ને સંસ્કારનું વાતાવરણ ઉત્પન્ન કર્યું હતું. દેવેન્દ્રનાથ ટાગોર અને બાપુભાઈ ધ્રુવ બંનેએ અનેક અભિલાષી માબાપોને ઉત્તમ ઉદાહરણ આપ્યું છે કે કવિ અને તત્ત્વજ્ઞ બંને જન્મે છે તે કરતાં પણ વિશેષ બનાવાય છે. મનુષ્યના સર્જનમાં મનુષ્ય-પ્રયત્નનું મૂલ્ય અસીમ છે.

આનંદશંકરભાઈને પણ પિતા પ્રતિ પરમ આદર હતો. હિન્દુ ધર્મનું એની સમગ્રતામાં એમણે પ્રથમ દર્શન પિતાના 'જૂની રીતના પણ સાચા ને વિશાળ મનના ધર્માચાર'માં કર્યું. આનંદશંકરભાઈએ

નિત્યની પૂજા ઉપરાંત રોજ ભગવદ્ગીતા, સપ્તશતી અને ચંડીપાઠમાં-થી કેટલાક ભાગનો અભ્યાસ કરવાનું રાખ્યું હતું. પોતાના ઘરના એકાન્ત ખંડમાં વિવિધ પ્રકારનાં પુસ્તકોનું પરમ પુરુષાર્થપૂર્વક તેઓ પરિશીલન કરતા. નિત્યકાર્ય વિષે બનાવેલા એમના એક નિયમિત ટાઈમ ટેબલમાં પુસ્તકોનું અધ્યયન સહુથી પ્રધાન કાર્ય રહેતું. જે જે પુસ્તકો પોતે વાંચતા તેની નોંધ પણ રાખતા; અને પચ્ચીસ વર્ષ ભાગ્યે જ પૂરાં કર્યાં ત્યાં તો જગતના સર્વ ધર્મો અને તત્ત્વદર્શનોનો સૂક્ષ્મ અને વિગતવાર અભ્યાસ પોતે કરી ચૂક્યા હતા. એ વયે પણ એમનામાં માધુર્ય અને પ્રકાશ બંને ઊભરાતાં હતાં. આનંદશંકરભાઈ-એ સત્તર અઢાર વર્ષની સુકુમાર વયે સાહિત્ય-પ્રવૃત્તિ આદરી હતી. એમની સંસ્કૃતની વિદ્વત્તાએ ગુજરાતના મહાન સાક્ષર મણિલાલ નભુ-ભાઈ દ્વિવેદીનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું. ઈ.સ. ૧૮૮૬માં પ્રીવિયસની પરીક્ષામાં મણિલાલ એમનો સંસ્કૃતનો ઉત્તરપત્ર જોઈ મુગ્ધ થયા હતા.

મણિલાલ સાથે પોતાનો સંબંધ શી રીતે થયો તે વિષે તેઓ લખે છે: "મણિલાલના 'સિદ્ધાંતસાર'નાં બસો પાનાં મેં એકી બેઠકે વાંચ્યાં હતાં, અને તે પર હું મુગ્ધ થયો હતો. મેં 'સુદર્શન'ના એ તંત્રીને પત્ર લખ્યો કે મને 'પ્રિયંવદા' અને 'સુદર્શન'ના આજ સુધીના બધા અંકો વી. પી.થી મોકલો. આના જવાબમાં તુરત એક પાર્સલ આવ્યું, પણ તે સાદું, વી. પી. નહિ. એની સાથે ટપાલમાં રા. મણિલાલનો પત્ર આવ્યો કે 'મારી પાસે જૂના પ્રિયંવદાના અંકોની માત્ર એક જ ઑફિસ-નકલ હતી તે, તથા પછીના 'પ્રિયંવદા'અને 'સુ-દર્શન'ના આજ સુધી પ્રસિદ્ધ થએલા સઘળા અંકોની એકએક નકલ મોકલું છું એ સ્નેહની ભેટ તરીકે સ્વીકારીને મને ઉપકૃત કરશો. તમે પ્રીવિયસની પરીક્ષામાં હતા ત્યારથી હું તમને ઓળખું છું' આ ક્ષણથી જ મારો મણિલાલ સાથે સંબંધ થયો." આગળ જતાં આ સંબંધને પરિણામે આનંદશંકરભાઇએ ધર્મ, તત્ત્વજ્ઞાન, રસશાસ્ત્ર વગેરે વિવિધ વિષયો ઉપર મણિલાલનાં માસિકોમાં વિદ્વત્તાથી ભરેલા લેખો લખવા માંડ્યા. ઈ. ૧૮૯૭માં શૂળની પીડાથી મણિલાલનું અવસાન થયું એ પછી પોતે ચાર-પાંચ વર્ષ 'સુદર્શન'ના તંત્રી રહ્યા.

પરંતુ ઓગણીસમી સદીના સમાપ્તિકાલે ગુજરાતનું જીવન જે અનેક દિશાઓમાં વિસ્તરતું જતું હતું એનો સાક્ષાત્કાર આનંદશંકર-ભાઇને થવા માંડ્યો. 'બુદ્ધિપ્રકાશ'નો સુધારાનો યુગ પૂરો થયો હતો અને 'સુદર્શન'નો તત્ત્વચિન્તનનો યુગ નવી જરૂરિયાતો પૂરી પાડવામાં અપૂર્ણ જણાયો હતો. આનંદશંકરભાઈને ક્ષિતિજ ઉપર ઉદય પામતા નવા યુગનું દર્શન થયું. નિત્યનિરંતર વિસ્તરતા એ નવયુગના જીવનની આકાંક્ષાઓ અને અભિલાષાઓને સંતોષે એવું એક પત્ર કાઢવું એ આનંદશંકરભાઈને યુગધર્મ જણાયો, અને એમણે 'સુદર્શન'ના તંત્રી-પદમાંથી નિવૃત્ત થઈ સને ૧૯૦૨માં 'વસંત'નો આરંભ કર્યો. 'વસંત' સર્વ વિચારોને આવકાર આપતું ઉદાર પત્ર હતું. તેમાં ધર્મ, તત્ત્વ-જ્ઞાન, કાવ્ય, નીતિશાસ્ત્ર, રાજકારણ, કેળવણી, અર્થશાસ્ત્ર, સમાજ-શાસ્ત્ર, વિજ્ઞાન, સંશોધન ને સાહિત્ય તથા જીવનનાં અનેક પ્રકારનાં સ્વરૂપો મુખ્ય હતાં. ચાળીસ વર્ષની એની કારકિર્દીમાં આનંદશંકર-ભાઇએ 'વસંત' દ્વારા ગુજરાતનું બૌદ્ધિક જીવન ઘણે દરજ્જે ઘડ્યું છે.

'વસન્ત' પત્રે અને આનન્દશંકરભાઈના 'નીતિશિક્ષણ'ના પુસ્તકે દક્ષિણ આફ્રિકામાં ગાંધીજીનું પણ ધ્યાન ખેંચ્યું હતું. આથી જ્યારે ૧૯૧૫માં આનન્દશંકરભાઈ ગાંધીજીને પહેલવહેલા મળ્યા ત્યારે ગાંધી-જીએ માનથી એમને સત્કાર્યા અને ઉમેર્યું કે હું તમારાં લખાણોથી મુગ્ધ બન્યો છું. ગાંધીજીએ આશ્રમમાં રાષ્ટ્રીય શાળા સ્થાપવા માટે-ની યોજના ને અભ્યાસક્રમ રચવામાં આનન્દશંકરભાઈની સહાય



આનન્દશંકરભાઈ અમદાવાદમાં આકાશેઠકૂવાની પોળવાળા પોતાના ઘરના વાચનખંડમાં સ્વાધ્યાય કરતા. (ફોટો: રવિશંકર રાવળ)

લીધી હતી. ઈ. ૧૯૧૭માં પ્રસિદ્ધ થએલો એમનો ગ્રંથ 'આપણો ધર્મ' વાંચીને તો તે બહુ જ પ્રસન્ન થયા. એ જ વર્ષના ઑક્ટોબરમાં ભરૂચ-માં જીવદયા કૉન્ફરન્સના પ્રમુખપદેથી 'અહિંસાધર્મ' વિષે આનન્દ-શંકરભાઈનું ભાષણ સાંભળી ગાંધીજીએ વચનો ઉચ્ચાર્યાં કે આનન્દ-શંકરભાઈએ સંપૂર્ણ રીતે સિદ્ધ કર્યું છે કે અહિંસાધર્મ એ જ અનેક યુગોમાં હિન્દની સંસ્કૃતિનો પ્રધાન સૂર છે. 'પૂના પૅક્ટ' વખતે, અસ્પૃ-શ્યતા એ અધર્મ છે ને હિંદુ ધર્મનો ખરો ભાગ નથી એમ એમણે ગાંધીજીની ઇચ્છાથી પંડિતોની સભામાં સંસ્કૃતમાં 'સ્પૃશ્યાસ્પૃશ્ય મીમાંસા' કરીને પ્રતિપાદિત કર્યું. તે પછી ૧૯૧૯માં અમદાવાદમાં મિલમાલિકો અને મજૂરો વચ્ચે ઉગ્ર વિરોધ થયો ત્યારે ગાંધીજીએ ઉપવાસ ઉપર ઊતરી પોતાની જિંદગી જોખમમાં મૂકેલી. આનન્દ-શંકરભાઈએ એક ઉત્તમ સમન્વયકાર અને નિષ્પક્ષ ન્યાયી પુરુષ તરીકે નામના મેળવી હોવાથી, મિલમાલિકો અને કામદારો બંનેએ એમના ઉપર પાકો વિશ્વાસ મૂકી એમને પંચ તરીકે સ્વીકાર્યા અને એમણે જે ચુકાદો આપ્યો તે બંને પક્ષોએ આનન્દપૂર્વક સ્વીકાર્યો.

સને ૧૯૦૩માં એમનાં પત્ની અમીરબાનું ક્ષયના વ્યાધિથી અવ-સાન થયું. એ સમયે આનન્દશંકરભાઇની ઉંમર ચોત્રીસ વર્ષની હતી. એમના જીવનમાં આ એક મોટો પરિવર્તન હતો ત્યારથી એમનું જીવન ધર્મને પંથે વળ્યું. બીજે જ દિવસે પોતાના પુસ્તકાલયમાંથી બધાં ધાર્મિક પુસ્તકો દેવઘરમાં મુકાવ્યાં અને પૂજાના પવિત્ર વાતાવરણમાં એક પછી એક તેનું વાચન કરવા માંડ્યું. ભાગવત, રામાયણ, મહા-ભારત, ભગવદ્ગીતા, વેદ, ઉપનિષદ્, પૌરસ્ત્ય તથા પાશ્ચાત્ય ધર્મ ને તત્ત્વચિન્તનના અનેક ગ્રન્થોનાં તેમણે પારાયણ કર્યાં. જે જે ભાગ પોતે સૂક્ષ્મતાથી વાંચતા તેની અંગ્રેજીમાં નોંધ રાખતા.

૧૯૧૯માં બનારસ વિશ્વવિદ્યાલયના નિર્માતા પંડિત મદનમોહન માલવીયને નિત્યનિરંતર વિકાસ પામતી એ સંસ્થા માટે સમર્થ સં-ચાલકની જરૂર પડી. એને માટે એમણે ગાંધીજીને અને સર લલ્લુ-ભાઈ શામળદાસને કોઈ યોગ્ય પુરુષનું નામ સૂચવવા માટે કહ્યું. એ બંનેએ સ્વતન્ત્રરીતે આનન્દશંકરભાઈનું જ નામ સૂચવ્યું. ત્યારે બના-

પ્રસન્ન સંવાદના પંડિતવર

આચાર્ય આનંદશંકર ધ્રુવ પંડિતયુગની પ્રતિભામૂર્તિઓમાંના એક અગ્રણી હતા. પંડિતયુગ સર્જનાત્મક સ્વરૂપે જેમ ગોવર્ધનરામમાં મૂર્તિમંત થાય છે તેમ ચિંતનાત્મક સ્વરૂપે આનંદશંકરમાં મૂર્તિમંત થાય છે. ચિંતનાત્મકતા, દાર્શનિકતા, ગંભીરતા, વ્યાપકતા બહુશ્રુતતા, જીવનલક્ષિતા, તત્ત્વાન્વેષણદૃષ્ટિ, સંસ્કૃતિપરામર્શ, સમન્વયદૃષ્ટિ, સૂક્ષ્મ નૈતિકતા, ધાર્મિકતા અને આસ્તિકતા, પ્રખર બુદ્ધિમત્તા અને પ્રસન્ન સહૃદયતા, પ્રબળ ઉચ્ચગ્રાહો છતાં ઔદાર્ય, દૃઢાગ્રહીત્વ છતાં અનાઘાતકત્વ, સરળતા છતાં ગૌરવપૂર્ણતા અને સૌને એકરસ કરતું એવું સંસ્કારી અભિજાત્ય—પંડિતયુગનાં આ બધાં લક્ષણો આચાર્ય શ્રી આનંદશંકરમાં ઉત્તમ રીતે પ્રતીત થાય છે.

એમની બહુશ્રુતતા કેવળ માહિતીસંગ્રહ નથી બની રહી. બહુશ્રુતત્વ એકરસ થઈ, આત્મસાત્ થઈ, વિદ્યા-જ્ઞાનમાં પરિણમ્યું છે. તેથી એ ભાર નહિ પણ રિદ્ધિ બની રહે છે.

વિદ્યાથી દીપ્તિમંત છતાં પાંડિત્યના ભાર વગરની, ગંભીર છતાં પ્રસન્ન એમની વાણીમાં દાર્શનિકની ગહનતા અને કવિની મુદાનો એકસાથે અનુભવ થાય છે. શ્રીમદ્ અને ઊર્જિત, જીવનનો સંયમ અને ઉલ્લાસ વગેરે વિષયક એમના વિચારો, ઑથેલો કે સરસ્વતીચંદ્રની પૂર્ણાહુતિ વિષયક એમના અભિપ્રાયો, કે ગાંધીજીના 'કોશિયો' સમજે તે કવિતા એવા અભિપ્રાયનો પ્રતિવાદ—બધાં એક જ મૂળ દૃષ્ટિબિન્દુનાં પ્રતિફલનો જણાય છે નર્મદને 'કવિવર'ને બદલે 'કવિ વીર' કહી એકસાથે ટીકા ને પ્રશંસા કરનાર આ ચતુર વિવેચક મુશાયરાના અગ્રસ્થાનેથી કવિતા બિરદાવે છે ત્યારે ય સ્પષ્ટ મર્યાદા આંકીને જ. ઉચ્ચગ્રાહમાં બાંધછોડ કર્યા વગર એ ઉદાર થઈ શકે છે. એઓ મુખ્યત્વે દાર્શનિક અને ધર્મચિંતક છે, પણ તે સાથે એમનામાં રહેલો ઉત્તમ રસિકજન—ઉત્તમ ભાવક—એમની એ દાર્શનિકતામાંથી જ એક સૌન્દર્યપ્રેમી નિપજાવે છે. —વિનોદ અધ્વર્યુ (નિરીક્ષક)

ચિંતન અને રસિકતાનો સુમેળ

મહાત્મા ગાંધીજીની જન્મશતાબ્દીનું આ વર્ષ આચાર્ય આનંદશંકર ધ્રુવની જન્મશતાબ્દીનું પણ વર્ષ છે, એ સમસ્યટના ધ્યાનમાં આવે છે. ગાંધીજી અને આનંદશંકર માત્ર સમવયસ્ક નહોતા; બંનેને એકબીજા માટે આદર અને પ્રેમ હતાં. બનારસના હિન્દુ વિશ્વવિદ્યાલયના કથળેલા વહીવટની કટોકટી વખતે પંડિત માલવીયજીને ગાંધીજીએ આચાર્ય આનંદશંકરનું નામ સૂચવ્યું હતું એ ઘટના સુવિદિત છે.

ગુજરાતને પોતાની યુનિવર્સિટી મળે એવું સ્વપ્ન સેવનારાઓમાં એક આચાર્ય આનંદશંકર હતા. એઓ માત્ર સ્વપ્ન સેવીને બેસી નહોતા રહ્યા, પણ એને માટે એમણે વણથંભ્યા પ્રયત્નો કર્યા હતા પ્રાથમિક શિક્ષણથી માંડીને ઉચ્ચ શિક્ષણ સુધીના પ્રશ્નો એમણે વિચાર્યા હતા તેની સાખ એમના એ વિષયના સંખ્યાબંધ લેખો પૂરે છે.

યુનિવર્સિટીની અવેજીમાં આનંદશંકરે 'વસંત' ચલાવ્યું 'વસંત'ના સંપાદનકાર્યમાં સાક્ષરી પત્રકારત્વનો એક આદર્શ સિદ્ધ થએલો જોઈ શકાય છે. એક યુનિવર્સિટીમાં થાય તેટલું કાર્ય એ નિમિત્તે કરવાની એમની તમન્ના હતી–જ્ઞાનની સીમાઓને વિસ્તારવી, લોકશિક્ષણનું કાર્ય કરવું અને માતૃભાષાની ક્ષમતા વધારી એની સેવા કરવી.

વિનય, સ્વસ્થતા, જ્ઞાનગાંભીર્ય અને રસિતાનો સુમેળ એમના જીવનમાં હતો. એમનાં લખાણોમાં એવી ગંભીરતાની સાથે સાથે પ્રસન્નતા છે. એમનું પોત ધાર્મિકતાનું હતું. ધર્મને કેન્દ્રમાં રાખીને એમણે ઘણાખરા જીવનપ્રશ્નો વિચાર્યા છે. પોતે સનાતની હતા છતાં, અનેક ધર્મોનું ઊંડું જ્ઞાન ધરાવતા હોવાને કારણે એમનો ધર્મવિચાર વ્યાપક બન્યો હતો. ઉદ્ગ્રીવ બુદ્ધિ અને છતાં શ્રદ્ધાવાન—આનંદશકરના જીવની આ વિશેષતા છે. રવીન્દ્રનાથે એમને વિષે કહ્યું હતું: 'મૂળ સત્ય પર્યંત એમની દૃષ્ટિ પહોંચે છે.' આ શતાબ્દી વર્ષમાં એમનાં લખાણોનું અધ્યયન થાય અને નવા બદલાતા કાળમાં એમના વિચારોનું મૂલ્યાંકન થાય એવી અપેક્ષા રાખીએ. —અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ (જન્મભૂમિ)

રસ વિશ્વવિદ્યાલય કટોકટીની અવસ્થામાંથી પસાર થતું હતું. આનન્દશંકરભાઈએ કૌશલ, ડહાપણ અને નિષ્પક્ષ નિર્ણયોથી, છ માસથી પણ ઓછા સમયમાં સર્વ તન્ત્રને વ્યવસ્થિત કર્યું પંડિત માલવીયજી આનન્દશંકરભાઈનાં વિદ્યા, પ્રજ્ઞા અને શીલથી પ્રસન્ન થઈ એમના પરમ પ્રશંસક બન્યા અને તરત એમને ઉપકુલપતિના પદે નિયુક્ત કર્યા, જે પદ પર તેઓ ચૌદ વર્ષ સુધી રહ્યા. બનારસના સત્તર વર્ષના નિવાસ દરમ્યાન હિન્દુ યુનિવર્સિટીનું સ્વરૂપનિર્માણ એ આનન્દશંકરભાઈના જીવનનું મહાન કાર્ય હતું. યુનિવર્સિટીના વહીવટી કાર્ય અને અન્ય કર્તવ્યો ઉપરાંત અઠવાડિયામાં બાર સમય અધ્યાપનનું કાર્ય પણ તે કરતા. યુરોપ અમેરિકા ને એશિયામાંથી જે વિદેશી વિદ્વાનો ત્યાં આવતા તે સર્વ ઉપર એમની સર્વદેશીય વિદ્વત્તા ને પીઢ પ્રજ્ઞાની ઘણી અસર થતી. બનારસમાંના એ નિવાસ દરમિયાન તેઓ અખિલ હિન્દના નામાંકિત પુરુષ બન્યા. સત્તર વર્ષની સેવા બાદ એમણે જ્યારે બનારસ છોડયું ત્યારે આખા વિશ્વવિદ્યાલય પર શોક છવાઈ ગયો. વિરાટ વિદાયસભામાં પંડિત માલવીયજી ચોધાર રડતા હતા ને વાક્યે વાક્યે અટકતા હતા. વિદ્યાર્થીઓ, અધ્યાપકો, નામાંકિત સ્ત્રી-પુરુષો, અગ્રેસર નાગરિકો—સભામાંના પ્રત્યેકને અન્તરનું દર્દ હતું.

હિન્દની નવીજૂની યુનિવર્સિટીઓ સાથે તેઓ અનેક પ્રકારે જોડાએલા હતા. આ ઉપરાંત બનારસના વિદ્વાન પંડિતો પણ તેમને પ્રાચીન વિદ્યાના એક મહાન ઉપાસક તરીકે ગણતા. પોતે સહેલાઇથી સુન્દર સંસ્કૃત બોલતા અને પંડિતોની વિદ્વદ્-સભાઓમાં રસપૂર્વક ભાગ લેતા. મુંબાઈ યુનિવર્સિટી તરફથી 'સંસ્કૃત, પાલી અને બીજી સંયુક્ત ભાષાઓ' વિષે પોતે જે છ મૌખિક વ્યાખ્યાનો આપેલાં તે એમની તે તે વિષયો પરની પ્રભુતા દર્શાવે છે. કવીન્દ્ર રવીન્દ્રનાથે એમને શાંતિનિકેતનમાં ખાસ નિમંત્રણ આપી સુંદર અંજલિ આપી હતી. અનેક યુનિવર્સિટીનાં સંસ્કૃત બોર્ડમાં પોતે સભ્ય હતા, અને એમ. એ.ની પરીક્ષામાં વેદાન્તના પરીક્ષક પણ નીમાતા.

અમદાવાદ આવ્યા પછી તેઓ મનુષ્યજીવનના છેવટના પ્રશ્નોનું ચિન્તન કરતા નિવૃત્તિમાં જીવન નિર્ગમન કરવા લાગ્યા. ગુજરાત વર્નાક્યુલર સોસાએટીના તેઓ કાયમી પ્રમુખ હતા અને ગુજરાતની પોતીકી યુનિવર્સિટી સ્થાપવા તેમની મહેચ્છા હતી. એનાં કાર્યોથી એમનો નિવૃત્તિ સમય ન જેવો થઈ ગયો અને વધુપડતા બોજાને લીધે શરીર પર થાકની અસર થવા માંડી. દરમિયાન ૧૯૩૯માં કૉંગ્રેસ સરકારે સંશોધન અને અનુસ્નાતક વર્ગ ઉઘાડવા માટે ગુજરાત વર્નાક્યુલર સોસાએટીને બાર હજાર રૂપિયાની વાર્ષિક ગ્રાન્ટ આપી. આચાર્યશ્રી એ સંસ્થાના માનાર્હ સંચાલક થયા ને જીવનનું એક ઉત્તમ કાર્ય કરવાનો પ્રસંગ મળ્યો તેથી પ્રસન્ન થયા. પરંતુ પોતે માર્ગદર્શન શરૂ કર્યું ત્યાં તો તેની એક સભામાં જ પક્ષાઘાતનો હુમલો થયો.

જીવનનાં છેલ્લાં બે વર્ષ તે લગભગ પથારીવશ જ હતા. અવસાન સમયે, અને પહેલાં, પોતે જે પરમ સ્વસ્થતા દાખવી (અનુ. પૃ. ૮૭)

૯૧ ('કુમાર' અંક ૫૪૩)

સાત સમંદર પાર

આજે ખયાલ પણ નથી આવતો કે ૧૮૩૭માં વીજળીનો પ્રવાહ તારના દોરડામાંથી પસાર કરી ગમે તે બે બિંદુઓને જોડવાની શોધ થઈ ત્યારે વિજ્ઞાનની કેવડી વિરાટ હરણફાળનું પ્રથમ કદમ આ પૃથ્વી પર મંડાયું હતું.

દસ-વીસ રૂપિયા તારબાબુના હાથમાં મૂકી આજે લંડન, ન્યૂ યૉર્ક કે હૉંગકૉંગ માટેના કેબલની તમે પાવતી મેળવી શકો છો અને નચિંતપણે માનો છો કે થોડા જ કલાકોમાં તમારો તાર સાત સાગરને પાર વીંધીને પહોંચી જશે. ને હવે ઉપગ્રહની મદદથી આવતી કાલનો વ્યવહાર કેટલો શીઘ્રગામી હશે તેનું અનુમાન આજે થઈ શકે છે.

પણ જ્યારે આ શોધ થઈ ત્યારની રામકહાણી સ્ટિફન ઝ્વાઈગની રસઝરતી શૈલીમાં વાંચતાં આજે એટલો રોમાંચ અનુભવાય છે કે……

શિવપ્રસાદ જોષી

યુદ્ધ અને વિજયોની સાલવારીઓ અને લડતાં રાષ્ટ્રો તથા સેનાપતિઓની નામાવલિઓ મોઢે કરાવવામાં શાળામહાશાળાઓ આજે સાર્થક્ય માને છે; પરંતુ તેનો શતાંશ પણ માનવજાતે શાંતિ અર્થે મેળવેલી અપૂર્વ સિદ્ધિના ફાળે જોવા મળતો નથી. ૧૮૩૭નીસાલનેપણ કિસ્મતેએમજ પાઠ્યપુસ્તકોમાં ચારી આપી નથી.

વીજળીની શોધ થયા પછી તેના જે ઉપયોગો સૂઝયા તેમાં તારના દોરડામાં વીજળીનો પ્રવાહ વહેવડાવી દુનિયાના કોઈ પણ બે છેડા વચ્ચે તત્કાલ સંદેશો મોકલવાની શોધે, લોકોમાં એક જબરી માનસિક ઉત્તેજના વધારી મૂકી હતી. સંદેશા મોકલવાની જરૂર તો કોને ન હોય? અને તે પણ ક્ષણના વિલંબ વિના! તારના થાંભલે ઝૂલતાં દોરડાં દ્વારા તત્ક્ષણી સંદેશાવ્યવહારનો લાભ લોકો લેતા થઈ ગયા હતા. આવડી વિશાળ દુનિયા અને છતાં મૉસ્કો, લંડન, પારી(સ), નેપલ્સ અને લિસ્બનમાં કોઈ પણ સ્થળે શું થઈ રહ્યું છે તેની ખબર એકજ સાથે, એકજ ક્ષણમાં સહુને પડે! યુરોપની રાજધાનીઓ તો જમીનમાર્ગે સાંકળી શકાય; પણ દરિયાપારના ખંડોને—સાત સમંદર વીંધીને—તારનાં દોરડાં દ્વારા કેમ સાંકળી શકાય? જમીન ઉપર, તારના થાંભલા પર લટકાવેલી ચીનાઈ માટીના સૉકેટને વીંટળાઈ લાંબા અંતર સુધી પહોંચતા તારમાંથી વિદ્યુતપ્રવાહ વહી શકે; પણ સમુદ્રના પાણીમાં શું થાય?

તેને માટે બે દાયકાનો એક પરિશ્રમ કારગત નીવડયો. ગટાપર્ચાની શોધે પાણીમાં વિદ્યુત્‌ના વહનના પ્રશ્નનો ઉકેલ આણી દીધો. તેની મદદથી પાણીમાં થઈને પસાર થતા વીજળીના તારને અડચણ કે રુકાવટ આવી નહિ, અને બ્રેટ નામના ઈજનેરે સૌપ્રથમ અંગ્રેજી ખાડીમાં દોરડાં નાખ્યાં પણ ખરાં; પણ બુલૅનના એક માછીમારે, મોટો મગરમચ્છ પકડયાના ઉત્સાહમાં, તળિયે નાખેલા દોરડાના ટુકડા કરી નાખ્યા! પછી બીજો પ્રયાસ ૧૮૫૧ના નવેમ્બરની ૧૩મીએ સફળ નીવડયો અને યુરોપની ભૂમિ સાથે ઈંગ્લન્ડનું વિધિસરનું જોડાણ થયું. આ સફળતાથી પ્રેરાઈ, ઈંગ્લન્ડ–આયર્લૅન્ડ, ડેન્માર્ક–સ્વીડન અને કૉર્સિકા ટ્રાન્સ-હરિયાઈ તાર-દોરડાંથી જોડાયાં. આ બધુ થતાં દસકો વીત્યો. પછી એવી યોજના પણ વિચારવામાં આવી કે યુરોપથી ઈજિપ્ત અને ત્યાંથી ભૂમિ માર્ગે ભારત સુધી તારની લાઈન પહોંચાડવી!

પણ સૌથી વિકટ કોયડો ઍટલાન્ટિક સમુદ્રને પેલે પાર અમેરિકા સાથે જોડાણ સાધવાનો હતો. વીજળીના ઉપયોગના એ હજી શરૂના દિવસો હતા. કેટલીક વૈજ્ઞાનિક માહિતી તથા સાધનો ઉપલબ્ધ ન હતાં. દરિયો કયાં કેટલો ઊંડો છે તેની જાણકારી પણ ન હતી, અને તેથી દોરડાં પાણીના દબાણનું વજન સહન કરી શકશે કે કેમ તેનો ખયાલ આવવો મુશ્કેલ હતો. અને આ બધું શકય હોય તો પણ, એને પાર પાડવા, બે હજાર માઈલ લાંબા દોરડાનું વજન ખેંચી દરિયામાં લઈ જઈ શકે તેવું જહાજ કયાંથી કાઢવું? વળી બે હજાર માઈલ દૂર, સમુદ્ર સોંસરો વીજળીનો પૂરવઠો પહોંચાડે તેવા જેનરેટરની શોધ પણ બાકી હતી. જેણે પણ આ તુક્કો સાંભળ્યો તેણે તેને હસી કાઢયો.

કોઈ પણ આશ્ચર્યના સર્જન માટે શ્રદ્ધા જરૂરી છે. છેવટે, ન વૈજ્ઞાનિક ન કારીગર, એવા એક સામાન્ય માનવીની હિંમતે, જે યોજનાને નિષ્ણાતોએ ટલ્લે ચડાવી હતી તેને ટેકો આપ્યો. ઈ. ૧૮૫૪માં અમેરિકામાં ન્યૂ યૉર્ક અને ન્યૂ ફાઉન્ડલૅન્ડ વચ્ચે કેબલ નાખવાની યોજનામાં પૈસા વાંકે અટકી પડેલો ગિસ્બોર્ન નામનો બ્રિટિશ ઈજનેર મદદ માટે ન્યૂ યૉર્ક ગયો. દૈવયોગે ત્યાં તેને સાઈરસ ફીલ્ડ સાથે ઓળખાણ થઈ અને ગિસ્બોર્ન પોતાની યોજનામાં તેનો રસ જાગૃત કરી શકયો.

ફીલ્ડને આ નવો વિચાર બરોબરનો જચી ગયો. એ કોઈ નિષ્ણાત ન હતો, વીજળી વિશે તેનુ જ્ઞાન પણ મર્યાદિત હતું, પણ શ્રદ્ધા અને સાહસના બે અજબ ગુણ તેનામાં ખીલ્યા હતા. તેને તો વળી આગળ વિચાર સૂઝયો: ન્યૂ ફાઉન્ડલૅન્ડથી છેક આયર્લૅન્ડ સુધી કેબલ પાથર્યો હોય તો? આ વિચારે તેના સમગ્ર મનનો કબજો લઈ લીધો. વીજળીની અદમ્ય શક્તિને નાથવામાં હવે માનવીની પ્રબળ ઇચ્છાશક્તિ ભળી. એક માનવીના મનમાં એક સ્વપ્ન ફોર્યું, અને સ્વપ્નને મળ્યો, પોતાને મૂર્ત સ્વરૂપ આપે તેવો કાળા માથાનો માનવી!


સાઈરસ ફીલ્ડ હવે ખાઈપીને મચી પડયો. નિષ્ણાતો સાથે વાટાઘાટો આદરી; છૂટછાટ મેળવવા સરકાર સાથે લખાપટી માંડી; બન્ને ગોળાર્ધમાં પૈસા માટે દોડધામ શરૂ કરી. આ યુવાન માનવીમાં કોઈ અખૂટ શ્રદ્ધા અને અપ્રતિમ જુસ્સો હતાં. જેવું તેણે કામ ઉપાડયુ કે પખવાડિયામાં જ, કેવળ ઈંગ્લન્ડમાં જ સાડા ત્રણ લાખ પૌંડ એકઠા થઈ ગયા. ઔદ્યોગિક ક્રાંતિથી માલેતુજાર બનેલા લંડન, માન્ચેસ્ટર, ને લિવરપૂલના ઉદ્યોગપતિઓએ મળીને 'ઍટલાન્ટિક ટેલિગ્રાફ કન્સ્ટ્રક્શન ઍન્ડ મેઈન્ટેનન્સ કંપની' કાઢી. સ્ટિફન્સન ને બ્રુનેલ જેવા ખ્યાતનામ વિજ્ઞાનીઓના એ યુગમાં બ્રિટને આ સાહસને અપનાવી લીધું.

કોઈ પુરોગામી યોજનાનો અનુભવ કે આધાર ન હતાં. ફક્ત એક જ વાતની સૌને ખબર હતી કે આમાં અઢળક નાણું જોઈશે, આ કાંઈ ડોવર અને કૅલે વચ્ચેની અંગ્રેજી ખાડીમાં દોરડાં નાખવાનાં ન હતાં. ત્યાં તો માંડ ૨૦-૩૦ માઈલ લાંબું દોરડું લંગર નાખે તેમ છોડતા જવાનું, અને સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીમાં તો કામકાજ પતી જાય. સમુદ્રની ઊંડાઈ પરિચિત, હવામાનની ખાસ બીક નહિ અને બન્ને તરફ કાંઠો તો દેખાયા જ કરે!

વીજપ્રવાહની સહાયથી સંદેશા-વ્યવહાર ચલાવવા માટે દરિયાની અંદર પ્રથમ ઇંગ્લંડ અને ફ્રાંસની વચ્ચે ઈ. ૧૮૫૧માં તાર-નાં દોરડાં-કેબલ્સ નખાયાં. તે પછી છ વર્ષે બ્રિટન અને અમેરિકાને આ રીતે જોડવા સારુ સાઈરસ ફીલ્ડના પ્રચંડ પુરુષાર્થથી ઍટલાંટિક મહાસાગરમાં કેબલ ઉતારવાનો પ્રથમ પ્રયત્ન થયો. આ માટે આઇરિશ કિનારે વૅલેન્શિયા અને ન્યૂ ફાઉન્ડલૅન્ડમાં ટ્રિનિટી બંદરોને જોડવાનાં હતાં. 'ઍગૅમેમ્નોન' નામના એક જંગી વહાણ વડે એનો આરંભ થયો. આ બે સ્થળો વચ્ચેના સીધા ૧૬૪૦ દરિયાઈ માઈલ(૧૮૮૮માઇલ)ના અંતર માટે દરિયાના ઊંચાનીચા તળને કારણે ૩૦૦૦ માઈલ લાંબા કેબલની જરૂર હતી. આ કેબલ બનાવવામાં લગભગ ૩,૪૦,૫૦૦ માઇલ લાંબા તાર વપરાયા હતા. વિષુવવૃત્ત પર પૃથ્વીને ૧૪ આંટા વીંટાઈ શકે અથવા પૃથ્વી પરથી છેક ચંદ્ર સુધી જઈ ત્યાંથી પાછા વળતાં અર્ધે સુધી પહોંચે એટલી એ લંબાઇ થઈ. ભયંકર નિષ્ફળતાઓ પછી અંતે જ્યારે સફળતા મળી ત્યારે યે ઉદ્-ઘાટન-સંદેશના ૯૦ શબ્દો મોકલતાં ૬૭ મિનિટ લાગેલી અને ગણતરીના જ દિવસોમાં તાર પરનાં રક્ષક આવરણોની ખામીને કારણે એ સફળતા પણ ધોવાઈ ગઈ. આ પછી ૧૮૬૦માં ફરી પ્રયત્નો થયા. 'ગ્રેઈટ ઇસ્ટર્ન' નામના એક તોતિંગ જહાજને આ માટે જરૂરી ફેર-ફારો કરી રોકવામાં આવ્યું.



સાઈરસ ફીલ્ડ



→ ઍટલાંટિકમાં કેબલ પાથરવામાં પ્રારંભમાં જેનો ઉપયોગ થએલો એ જહાજ 'ઍગૅમેમ્નોન.'

આ ગ્રેઈટ ઈસ્ટર્નની કથા પણ ઓર છે. દુનિયામાં કદાચ વધુમાં વધુ ચર્ચાએલું ને આર્થિક દૃષ્ટિએ તદ્દન નિષ્ફળ પુરવાર થએલું એ જહાજ હતું. ઈ. ૧૮૫૮માં એ તૈયાર થયું ત્યારે દુનિયાનું એ સૌથી જંગી સ્ટીમશિપ (આગબોટ) હતું. ત્યારનું બીજું મોટામાંમોટું વહાણ વધુમાં વધુ ૩૪૩૮ ટન વજન લઈ શકતું ત્યારે ગ્રેઈટ ઈસ્ટર્ન ૧૮,૯૧૪ ટન માલ લઈ જાય એવી એની રચના કરાઈ હતી. ૬૯૨ ફૂટ તો એ લાંબું હતું. અતિ લાંબી દરિયાઈ ખેપની સુવિધા માટે એ બંધાયું હતું. પણ એના બૉઇલર માટે એટલો બધો કોલસો જોઇતો કે એ ભર્યા પછી બીજા માલસામાન

પણ આ તો ઍટલાન્ટિક જેવા ધૂઘવતા મહાસાગરને નાથવાની વાત હતી. ઝડપીમાં ઝડપી જહાજને પણ તેને ઓળંગતાં ચાર અઠ-વાડિયાં તો લાગે જ. વળી લોઢા, ત્રાંબા અને ગટાપર્ચાથી મઢેલાં તારનાં ગૂંચળાં—બે હજાર માઈલમાં પથરાય એટલાં, તેને સમાવી શકે તેવું જહાજ મળવું પણ અસંભવિત. ઓછામાં ઓછાં બે જહાજ તો જોઇએ જ. ઉપરાંત, તાકીદની સેવા માટે એક વધારાનું જહાજ ખડે-પગે સાથેસાથે ચાલવું જ જોઇએ. બ્રિટિશ સત્તાવાળાઓએ દરિયાઈ કેબલ પાથરનારાઓ માટે 'ઍગૅમેમ્નોન' નામની મનવાર તૈયાર કરી, અને તે જ પ્રમાણે અમેરિકાએ એ જમાનામાં મોટામાં મોટી ગણાતી પાંચ હજાર ટનની ફ્રીગેટ 'નાયગ્રા' સાહસિકો માટે આપી. મુખ્યત્વે લડાયક હેતુઓ માટેની આ બન્ને મનવારોમાં જરૂરી ફેરફાર પણ કર્યા.

રાત ને દિવસ કારખાનાંઓએ પાળી શરૂ કરી અને પોલાદ તથા તાંબાના ડુંગરમાંથી તારનાં દોરડાં બનાવવાનું પૂર જોશથી શરૂ થયું. તારને સંરક્ષવા માટે તેના પર ચડાવવાના રબરના રસ સારુ રબર-વૃક્ષનાં જંગલોનાં જંગલ સાફ થવા લાગ્યાં. ૩,૪૦,૫૦૦ માઈલ લાંબા તારના વીંટા બનાવવામાં આવ્યા. (પૃથ્વી ફરતા આંટા લેવામાં આવે તો આનાથી ચૌદ આંટા લેવાય; અથવા સીધી લીટીમાં પૃથ્વીથી ચંદ્ર સુધી પહોંચે તેથી દોઢી આ લંબાઈ થઈ!) આ બધા વીંટાને બે જહાજોના પેટાળમાં ઠાંસીઠાંસીને ભરવામાં આવ્યા. દરિયાને તળિયે દોરડું પાથ-રવા ખાસ પ્રકારનાં યંત્રો અને એન્જિનો જહાજ ઉપર ગોઠવવામાં આવ્યાં અને આ બધી કામગીરી માટે સર્વશ્રેષ્ઠ ઈજનેરો અને કારીગરો રોકવામાં આવ્યા, જેમાંનો એક મોર્સ પણ હતો. રિપોર્ટરો અને કલા-કારોના કાફલાને સાથે રાખવામાં આવ્યો. જેથી આ અદ્વિતીય સાહ-સનું શબ્દમય અને ચિત્રમય વર્ણન દુનિયાને મળી રહે.

આયર્લૅન્ડના દક્ષિણ-પશ્ચિમ છેડે આવેલા વૅલેન્શિયાના નાનકડા ટાપુ ઉપર ઈ. ૧૮૫૭ના ઑગસ્ટની પાંચમી તારીખે એક સમારંભ થયો, જેમાં આ નવા સાહસના મંગળાચરણને નિહાળવા હજારો પ્રેક્ષકો ઊભરાયા હતા. દરિયામાં દોરડાંઓથી ભરેલું જહાજ નાંગરેલું હતું. કેબલનો એક છેડો આ બ્રિટિશ ટાપુની ભૂમિ મારફત યુરોપ સાથે જોડાતો હતો, અને તેને હવે આગળ ઍટલાન્ટિક તરફ સમુદ્રતળે પાથરવાનો હતો. મોટા મહોત્સવ જેવું દૃશ્ય હતું. પ્રસંગને અનુરૂપ ભાષણો થયાં. એક ધર્મગુરુએ ઇશ્વરને પ્રાર્થના કરી આશીર્વચન આપ્યાં: "હે દેવાધિદેવ! અનંત બ્રહ્માંડની વિશાળતા તેં વિસ્તારી છે; સમુદ્ર-ના ગુંજનમાં તારો મહિમા સંભળાય છે; વાયુ અને જલતરંગો તારી ઇચ્છા પ્રમાણે વહે છે; હવે તું તારા માનવબાળ તરફ દયા કર અને આ મહાન કાર્ય નિર્વિઘ્ને પતે એવો આદેશ આપ." કાંઠે ઊભેલા લોકોએ હર્ષનાદો કર્યા ને હવામાં હાથ ઉછાળ્યા. જહાજ અને નૌકાના કાફલા-એ લંગર ઉઠાવ્યું. આયર્લૅન્ડનો કિનારો ધીમેધીમે અદૃશ્ય થઈ ગયો.


પ્રથમ તો એવું આયોજન વિચારેલું કે બંને મનવારો—'ઍગૅમેમ્નોન' તથા 'નાયગ્રા'એ એકીસાથે મધ્ય ઍટલાન્ટિકમાંથી, તારના બે છેડા લઇને ન્યૂ ફાઉન્ડલૅન્ડ–આયર્લૅન્ડની અરસપરસ વિરુદ્ધ દિશામાં હંકારી જવું. પણ પછી આમાં જોખમ લાગતાં, એકલા યુરોપના છેડાથી જ પશ્ચિમ તરફ આગળ વધવાનું નક્કી થયું. એટલે પ્રથમ 'નાયગ્રા' જહાજે વૅલેન્શિયા બંદરેથી ઍટલાન્ટિકના મધ્ય સુધી કેબલ પાથર-વાની શરૂઆત કરી. જહાજ એકધારી ગતિએ આગળ ધપતું ગયું; એન્જિનના એકસરખા અને નિયમિત ધબકારથી લાગ્યું કે કામગીરી સંતોષજનકરીતે આગળ ધપી રહી છે. દરિયાના તળે કેબલ પથરાવા લાગ્યો. ઇલેક્ટ્રિશિયનો એક કૅબિનમાંથી આયર્લૅન્ડ સાથે સંપર્ક રાખતા

માટે પ્રમાણમાં ઓછી જગ્યા રહેતી. અને એથી ઑસ્ટ્રેલિયા ને ચીન સુધી તો સઢવાળાં વહાણો જ સસ્તાં પડતાં. ગ્રેઈટ ઈસ્ટર્ન એટલું મોટું હતું કે ઇંગ્લંડથી છેક સીલોન જઈને પાછું આવે એટલો કોલસો સાથે રાખવા છતાં યે એ ઘણો માલ વહી જતું, જેને માર્ગમાં નાનાં વહાણોમાં ઉતારતું જઈ એ આગળ વધતું.

૩૬૭૫ હૉર્સપાવરવાળાં પેડલ ચક્રો વડે અથવા ૫૦૦૦ હૉ. પા.વાળા પ્રોપેલર સ્ક્રૂ વડે એને ગતિ મળતી. આ ઉપરાંત એના પર સઢ તો હતા જ. પેડલ વડે એ કલાકે ૭½ નૉટ અને સ્ક્રૂ વડે ૯ નૉટની ગતિએ જતું. પણ સઢની સહાય સાથે આ બંને યાંત્રિક રચનાઓ સાથે ચલાવતાં એ ૧૨ નૉટનો વેગ જ લઈ શકતું. બ્રુનેલની અહીં જ ભૂલ હતી. ગ્રેઈટ ઈસ્ટર્નનાં પેડલ એટલાં ઝડપથી ફરતાં કે એણે કાપેલા પાણીમાં સ્ક્રૂ પકડ લઈ શકતો નહિ.

આ ગંજાવર જહાજને ટેમ્સ નદીમાં સીધું ઉતારવું મુશ્કેલ હોઈ એને આડું જ ઉતારવા માટે બ્રુનેલને ખાસ રચના કરવી પડેલી. ધાર્યા કરતાં યે એની પાછળ એટલો ખર્ચ ને સમય વેડફાયાં કે એમાં એના માલિકો આર્થિક રીતે સાવ ભાંગી પડયા. ૯,૦૦,૦૦૦ પાઉન્ડમાં તૈયાર થએલું એ જહાજ—એનું મૂળ નામ 'લેવીએથાન'–કંટાળીને એમણે ૨૫,૦૦૦ પા.માં વેચી નાખ્યું. એના નવા માલિકોએ એને ન્યૂ યૉર્કની ટૂંકી સફરો માટે વાપરવા માંડયું કે જેને માટે એ બંધાયું ન હતું. પણ લશ્કરી ટુકડીઓને કૅનેડા પહોંચાડવામાં એ સારું કામ લાગેલું. પાછળથી એમાં જરૂરી ફેરફાર કરી ઍટ્લાંટિકમાં કેબલ પાથરવાના કામમાં લેવાયું. આટલાંટિકમાં એણે ત્રણ વખત કેબલ પાથરેલા. બૉમ્બે-સુએઝ કેબલ પણ એણે પાથર્યો. એની આ કામગીરીઓથી એ વધુ વિખ્યાત થયું. આ પછી એને તરતા મનોરંજન મથક તરીકે ફેરવી નાખવામાં આવેલું. આખરે હરાજીમાં ૧૬,૦૦૦ પાઉન્ડમાં વેચાયા પછી લોખંડના ભંગાર માટે એને ઈ. ૧૮૯૦માં તોડી નાખવામાં આવ્યું.

ગ્રેઈટ ઈસ્ટર્ન પછી તો ઘણી સ્ટીમરો ઍટ્લાંટિકમાં ફરવા લાગેલી ને એની સગવડો ને ગતિમાં પણ વધારા થયા હતા, પણ છેક ઈ. ૧૯૦૭માં, એટલે કે ૪૯ વર્ષ પછી, 'એસ. એસ. મોરિટાનિયા' બન્યું ત્યાં સુધી ગ્રેઈટ ઈસ્ટર્નથી મોટું બીજું જહાજ હતું નહિ. ↓



હતા. હવે તો જહાજ મધદરિયે પહોંચ્યું અને જોતજોતાંમાં ૩૫૩ માઈલની લંબાઇમાં દોરડાં પાથરી દીધાં.

એવામાં ૮મી ઑગસ્ટની ઢળતી રાત્રે, સાઈરસ ફીલ્ડ આખા દિવસના પરિશ્રમથી લોથ થઈ આરામ લઈ રહ્યો હતો, ત્યાં અચાનક એન્જિનનો ધબકાર બંધ પડી ગયો અને લાગલા જ જહાજ પરના સૌકોઈ સફાળા બેઠા થઈ ડેક ઉપર એન્જિન પાસે એકઠા થયા. દરિયામાં પથરાતો કેબલ તૂટી પડયો હતો અને વિશાળ સમુદ્રના અતાગ ઊંડાણમાં તેનો છેડો હાથ કરવો મુશ્કેલ અને અશક્ય હતો! એક નાનકડી ભૂલ અને વર્ષોની મહેનત પાણીમાં! પરાજયને પામેલા આ સાહસિકો ભાંગેલે હૈયે યુરોપ પાછા ફર્યા; પણ તે અગાઉ તેમના તરફથી મળતા સંકેતો બંધ પડતાં, યુરોપને કિનારે સૌ કોઇને માઠા સમાચાર મળી ચૂકયા હતા.

પણ આ નિષ્ફળતા સાઇરસ ફીલ્ડને ડગાવી શકી નહિ. તે સાહસિક હતો, પણ સાથે વેપારી પણ હતો. તેણે નફાતોટાનો હિસાબ માંડીને શું મેળવ્યું અને શું ગુમાવ્યું તેનો અંદાજ કાઢયો. સાડા ત્રણસો માઈલ લાંબો દરિયાઇ કેબલ, શેરહોલ્ડરોના એક લાખ પૌંડ, અને એક વર્ષની જહેમત એળે ગયાં; પણ સામે જમા બાજુમાં હતો અમૂલ્ય અનુભવ! એ તો સાબિત થઈ ચૂકયું હતું કે તારના દોરડામાં તો કોઈ ક્ષતિ ન હતી. પાણીમાં તે ટક્કર ઝીલી શકતું હતું અને વિદ્યુત-સંકેતો મોકલવામાં કોઈ અવરોધ નડતો ન હતો. જરૂર હતી માત્ર સમુદ્રમાં કેબલનું નિમજ્જન કરતા યંત્રને સુધારવાની.

એટલે હિંમતપૂર્વક પુનશ્ચ હરિઃ ૐ! ફરીથી એક આખું વર્ષ તૈયારી ચાલી. આ વખતે તો પ્રથમની યોજના અનુસાર મધ્ય ઍટલાન્ટિકમાંથી જ પૂર્વ અને પશ્ચિમ બન્ને તરફ કેબલ મૂકતા જવાનું નક્કી થયું હતું. બન્ને બંદરેથી જહાજો સામસામાં આવવા નીકળ્યાં. વૅલેન્શિયા બંદરેથી ઊપડેલા 'નાયગ્રા'ને પ્રથમ સાત દિવસની મુસાફરીમાં કોઈ અનિષ્ટ બનાવ નડયો નહિ; પણ સામેથી આવતા 'ઍગેમેમ્નોન'ને ન્યૂ ફાઉન્ડલૅન્ડ મૂકયા પછી, ત્રીજે દિવસે અમંગળ એંધાણી વરતાણી. થર્મોમીટરનો પારો ઝડપથી નીચે ઊતરી રહ્યો હતો. જોતજોતાંમાં વહાણના નાવિકોને, અત્યાર સુધી નહિ અનુભવેલા પ્રલયકારી તોફાનનો અનુભવ થયો. એક મનવાર તરીકે આ જહાજ તોફાનનો સામનો અવશ્ય કરી શકે; પણ હવે અંદર ફેરફારો કરીને માલવાહક જહાજ તરીકે તેને સજ્જ કરવામાં આવ્યું હતું ને દોરડાંનું અસાધારણ વજન તેના ઉપર હતું. તેથી તોફાની સમુદ્રમાં જહાજ ઘડિયાળના લોલકની પેઠે હાલકડોલક થવા લાગ્યું અને ૪૫ અંશને કાટખૂણે તે ઝોલાં ખાવા માંડયું! વધુમાં વહાણના પેટાળમાં વજનદાર સામગ્રી ભરી હોવાથી, બળતણ માટેનો કોલસો જે તૂતક ઉપર રાખવામાં આવેલો તેમાંથી કોલસાના વજનદાર ગફા નાવિકોનાં માથાં તથા શરીરને રંગવા લાગ્યા! આવી અણધારી વિપત્તિમાંથી માર્ગ કાઢવા ઘણાએ સલાહ આપી કે તારાના વીંટા દરિયામાં ફેંકી જહાજને હલકું બનાવવું. પરંતુ કપ્તાને આ સૂચન સ્વીકાર્યું નહિ. સદ્ભાગ્યે બેત્રણ દિવસે તોફાનનું જોર ઓછું થઈ ગયું અને કપરી ટક્કર ઝીલીને પણ 'નાયગ્રા'ને સાથ આપવા તે ઍટલાન્ટિકની મધ્યમાં નિર્ધારિત સમયે આવી પહોંચ્યું.

ત્યાં તો પાછી નવી આફત! તોફાનમાંથી બહાર નીકળ્યા પછી ખબર પડી કે દરિયાઈ મોજાંની પ્રચંડ થાપટો ખાઈખાઇને દોરડાના તારને નુકસાન થયું હતું અને ઉપરનું રબર ઠેકઠેકાણે ફાટી ગયું હતું. છતાં ડગમગતા વિશ્વાસે બન્ને જહાજોએ કેબલ પાથરવાની કામગીરી તો શરૂ કરી દીધી. પણ ભૂલનો ભોગ બનાવવા કુદરતનું નિર્માણ નક્કી

હોય તેમ બસો માઇલ જેટલી કામગીરી કર્યા બાદ ફરીથી ભંગાણ પડ્યું અને કિંમતી દોરડાં તળિયે જઈ બેઠાં!

આ બીજી વારની નિષ્ફળતાની લંડનના શેરહોલ્ડરોને ખબર પડતાં જ તેઓ ચિંતામાં પડ્યા અને સાઈરસ ફીલ્ડની રાહ જોવા લાગ્યા. બે નિષ્ફળ અખતરાઓ પાછળ થાપણનો અરધો ભાગ સ્વાહા થઈ ગયો હોવાથી બધાની ઇચ્છા હવે આ સાહસ સંકેલી લેવાની હતી. મંડળીના અધ્યક્ષે તો ત્યાં સુધી કહ્યું કે જે તારનાં દોરડાં બચી જવા પામ્યાં છે તેની જાહેર હરાજી કરી, તેની ઊપજ શેરહોલ્ડરોમાં વહેંચી દેવી. ઉપાધ્યક્ષ પણ આવા જ વિચારના હતા અને તેમણે તો આવા ગાંડસાહસ સાથે પોતાને કાંઈ લેવાદેવા નથી એમ કહીને રાજીનામું પણ ધરી દીધું. છતાં આ બધાં સામે સાઇરસ ફીલ્ડ મક્કમ રહ્યો. પરાજય સ્વીકારવા તે તૈયાર ન હતો. જે અનુભવ પ્રાપ્ત થયો તેને આધારે તે આગળ વધવા માગતો હતો. તેની દલીલ હતી: 'હિંમતની જરૂર છે, મિત્રો, હિંમત! હિંમતે મરદા તો મદદે ખુદા!' સાઈરસ ફીલ્ડની મક્કમતા આગળ શેરહોલ્ડરોએ નમતું જોખ્યું અને પાંચ અઠવાડિયાં બાદ ઈ. ૧૮૫૮ની ૧૭મી જુલાઈએ ત્રીજી વાર આ સાહસનો આરંભ થયો.

પણ આ વખતે જહાજી કાફલાને વળાવવા કોઈ ચકલું પણ ફરક્યું નહિ. ન કોઈ ભાષણ કે ન કોઈ ધર્મગુરુના આશિષ. ચાંચિયાઓની જેમ છાની ચૂપકીથી નાવિકોએ જહાજોને હંકારી મૂક્યાં. બંદર છોડ્યા પછી અગિયાર દિવસે, એટલે જુલાઈની ૨૯મી તારીખે બન્ને જહાજો ઍટલાન્ટિકની મધ્યમાં જઈ પહોંચ્યાં અને મહાન કાર્યક્રમનો આરંભ થયો. ત્યાં તારના બે છેડાને જોડી, 'ઍગમેમ્નોને' આયર્લૅન્ડ તરફ અને 'નાયગ્રા'એ અમેરિકા તરફ પ્રયાણ શરૂ કર્યું. બન્ને જહાજના કપ્તાનોએ વાવટા ફરકાવી, એકમેકની વિદાય લીધી. જહાજો વચ્ચેનું અંતર એકસરખી ગતિથી વધવા લાગ્યું.

સમુદ્રના પેટાળમાં બન્ને જહાજોમાંથી કેબલ પથરાયે જતો હતો. કામ સરસ થતું હતું. જહાજો પોતે તો ક્ષિતિજ પર અદૃશ્ય થયાં, પણ પોતાની વચ્ચેનો સંપર્ક દર બે કલાકે 'સબસલામત'નો સંકેત મોકલીને ચાલુ રાખતાં હતાં. દિવસો જવા લાગ્યા. ઑગસ્ટની પાંચમી તારીખે 'નાયગ્રા'ના કપ્તાને જાહેર કર્યું કે પોતે ૧૦૩૦ માઈલ કાપીને ન્યૂ ફાઉન્ડલૅન્ડના ટ્રીનીટી અખાતમાં પહોંચી ગયું છે. આ તરફ 'ઍગમેમ્નોન' પણ એક હજાર માઇલ બાદ, આયર્લૅન્ડના કિનારે પહોંચવા આવ્યું હતું. યુરોપ અને અમેરિકાના બે મહાન ખંડોનું અદ્ભુત જોડાણ, સૌ પ્રથમ આ બે જહાજો દ્વારા થવાનું હતું. જહાજ ઉપરના થોડાક ખલાસીઓ, ઈજનેરો અને ઇલેક્ટ્રિશિયનોને જ આ મહાન સફળતાની ખબર હતી. બાકીની દુનિયા તો ઊંઘમાં હતી અને સાઈરસ ફીલ્ડના સાહસને લગભગ ભૂલી ગઈ હતી.

ત્યાં તો સ્વચ્છ નિરભ્ર આકાશમાં અચાનક વીજળી ઝબૂકે તેમ, જૂની અને નવી દુનિયામાં એકસાથે વિજય સમાચાર એકાએક આવી પડ્યા કે ટ્રાન્સ-ઍટલાન્ટિક કેબલનું સાહસ સફળ થયું હતું! રૂઢિચુસ્ત અમેરિકાના 'ટાઇમ્સે' પણ મોટા મથાળા નીચે છાપ્યું: 'કોલમ્બસે નવી દુનિયા શોધી ત્યાર પછી માનવજાત માટેનો મહાન બનાવ.' અને રાતોરાત સાઈરસ ફીલ્ડ દુનિયાની રંગભૂમિનો મુખ્ય નટ બની ગયો!

લોકો ઘરની બહાર નીકળી ચોરે અને ચૌટે એક જ વાત કરવા લાગ્યા. ફ્રૅન્કલિન તથા કોલમ્બસ સાથે સાઈરસ ફીલ્ડની સરખામણી થવા લાગી. ઍટલાન્ટિક સમુદ્રમાં, કેબલમાં થઈને, મુબારકબાદીનો પ્રથમ સંદેશો રાણી વિક્ટોરિયા તરફથી આવવાનો હતો તેની સૌ પ્રતીક્ષા કરી રહ્યા. અને ૧૬મી ઑગસ્ટની સાંજે જ્યારે તારની લિપિમાં એ સંદેશો આવી પહોંચ્યો ત્યારે દૈનિકોની છેલ્લી આવૃત્તિ બહાર પડી ચૂકી હતી, એટલે મુખ્ય તાર ઑફિસની બહાર, સામયિકોની કચેરીના મુખ્ય દરવાજે, થીએટરો તથા રેસ્ટોરાં પર–એમ બધાં સ્થળોએ પાટિયાં મૂકીને જાહેરાત કરવામાં આવી કે સમુદ્રપારથી રાણીનો સંદેશો તાર દ્વારા આવી પહોંચ્યો છે!

૧૭મી ઑગસ્ટની સવારનાં છાપાંઓમાં મોટા અક્ષરોમાં સમાચાર ચમકી રહ્યા: માનવજાતના ઇતિહાસમાં પ્રથમ વાર, સમુદ્રને વીંધીને, બે હજાર માઈલ જેટલા લાંબા અંતરે બે મહા ખંડ વચ્ચે તત્ક્ષણી સંદેશાવ્યવહાર પહેલી જ વાર સ્થપાઈ ચૂક્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સના પ્રેસિડેન્ટે રાણીને વળતો જવાબ પાઠવ્યો. તેના માનમાં બાદશાહી સલામી આપવામાં આવી. તે રાત્રે ન્યૂ યૉર્ક અને અન્ય મુખ્ય શહેરોમાં રોશની ઝળહળી ઊઠી અને આતશબાજી ફોડીને ખુશાલી વ્યક્ત કરવામાં આવી. સાઈરસ ફીલ્ડ 'નાયગ્રા' જહાજમાંથી અમેરિકાની ભૂમિ ઉપર પગ મૂકે ત્યારે તેને સત્કારવા ટોળાંબંધ આબાલવૃદ્ધ ખડે પગે તૈયાર થઈ રહ્યાં. આ ઉત્સાહનાં પૂર દક્ષિણમાં મેક્સિકો અને પશ્ચિમમાં પૅસિફિકના કિનારા સુધી ફરી વળ્યાં.

વાત એટલેથી જ અટકી નહિ. લાગલાગટ ૧૫ દિવસ સુધી આ ઓચ્છવ ચાલુ રહ્યો, ૩૧મી ઑગસ્ટે પૂર્ણાહુતિને દિવસે સાઇરસ ફીલ્ડને એવું વિરલ બહુમાન આપવાનું હતું, જેવું જુલિયસ સીઝર પછી કોઈને મળ્યું નહોતું. જેને પસાર થતાં છ કલાક લાગે એવું એક વિરાટ સરઘસ નીકળવાનું હતું. શેરીઓ, મહોલ્લાઓ અને નગરચોકો ધ્વજપતાકાથી શણગારાઈ રહ્યાં હતાં. અને કૂચ કરતું તે જ્યારે નીકળ્યું ત્યારે સૌથી મોખરે અમેરિકન લશ્કરના સૈનિકો, ત્યાર પછી મેક્સિકન યુદ્ધના બાહોશ રણયોદ્ધાઓ, ફાયર બ્રિગેડનો કાફલો, મુખ્ય શહેરોના મેયરો, રાજ્યોના ગવર્નરો, અનેક દરજ્જાના અમલદારો, પ્રોફેસરો અને શિક્ષકો, કૉલેજ અને શાળાના વિદ્યાર્થીઓ, ઑર્કેસ્ટ્રાઓ અને સંગીતમંડળીઓ એમ વિશાળ વિવિધતા દૃષ્ટિગોચર થતી હતી. સૌના હાથમાં ત્રણ છબિઓ હતી: એક અમેરિકન પ્રમુખની, બીજી સાઈરસ ફીલ્ડની અને ત્રીજી 'નાયગ્રા'ના કપ્તાનની!

દેવળોમાં ઘંટારવ થયા, તોપો ગર્જી ઊઠી, રાત્રે મશાલ-સરઘસો ઝબકી રહ્યાં, મીજબાનીઓ અને ખાણાંમાં ઉલ્લાસ ઊભરાઈ રહ્યો. સાઈરસ ફીલ્ડનો જયજયકાર થઈ રહ્યો.

અને પાછાં, વળતાં પાણી! આ બધા જયજયકાર વચ્ચે ફક્ત એક જ માણસને શ્યામ વાદળીની કાલિમાનાં દર્શન થયાં હતાં, પણ તે ચૂપ રહ્યો હતો. તે હતો મુખ્ય નાયક સાઈરસ ફીલ્ડ! એક પખવાડિયાના ઉત્સવ અને આનન્દના વાતાવરણ વચ્ચે તેને હતોત્સાહ બનાવે તેવા સમાચાર મળ્યા હતા કે ઍટલાન્ટિકનાં ઊછળતાં મોજાં નીચે ઊંડી ગહરાઈમાં ડૂબેલા તારના દોરડામાંથી વિદ્યુતવહન શક્તિ અસ્ત પામતી હતી! તારના સંકેતો મોકલવામાં અને મેળવવામાં ન્યૂ ફાઉન્ડલૅન્ડના ટેલિગ્રાફિસ્ટોને ભારે મુશ્કેલી પડતી હતી. પરિણામે બે ખંડો વચ્ચે વ્યવહાર-વિનિમયમાં અડચણ આવી. ધીમે ધીમે વાત બહાર પડતી ગઈ. એક એવી યે અફવા વહેતી થઈ કે સંદેશાવ્યવહારની આપલે વધુ કાર્યક્ષમતાથી પાર પાડવા, ઊંચા દબાણનો વિદ્યુતપ્રવાહ કેબલમાંથી પસાર કરવાને તે નકામો બની ગયો હતો. પહેલી સપ્ટેમ્બરે જાહેરાત પણ કરવી પડી કે ગ્રેટ બ્રિટનથી આવતા સંદેશા બંધ પડ્યા છે!

અતિ ઉત્સાહનો પ્રત્યાઘાત પણ ભયંકર હોય છે. જે પ્રજાએ ઘેલી બનીને સાઈરસ ફીલ્ડની સફળતાને બિરદાવી તે જ પ્રજાએ તેના પર હવે ફિટકાર વરસાવવો શરૂ કર્યો! તરેહતરેહની અફવાઓએ જોર પકડ્યું. આખી દુનિયાને છેતરવાનો–મૂર્ખ બનાવવાનો તેના પર આક્ષેપ મુકાયો. કોઈએ તો ત્યાં સુધી કહ્યું કે ઍટલાન્ટિકમાં કેબલ મૂકવા-

'ડૉક્ટર આવતાં પહેલાં' આપવાની પ્રાથમિક સારવાર [૧૮

સંધિભંગ

લેખક - ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સાંધામાંથી હાડકું ખસી જાય તે 'સંધિભંગ' (ડિસ-લોકેશન) છે. તેને 'આપણે સાંધો ઊતરી ગયો' પણ કહીએ છીએ. કદીક એક કરતાં વધારે હાડકાં પણ ઊતરી જાય છે. પડવાથી, મરડાવાથી કે ફટકો વાગવાથી સંધિભંગની સ્થિતિ આવી પડે છે.

હાડકાંને થતી બીજી ઈજા અસ્થિભંગ (ફ્રૅક્ચર)ની છે. અસ્થિભંગ હાડકાના કોઈ પણ ભાગમાં થાય છે, જ્યારે સંધિભંગ સાંધા ઉપર જ થાય છે. અસ્થિભંગમાં અંગનું અસાધારણ હલનચલન થાય છે, પણ સંધિભંગમાં અંગનું હલનચલન અટકી પડી મર્યાદિત બને છે.

સંધિભંગમાં કાં તો હાડકાંના છેડા તદ્દન છૂટા પડે છે, અગર તો અમુક ભાગ ઉપર હાડકાંઓના છેડા એકમીજાને અડકે છે. આમ થવામાં કદીક જ્ઞાનતંતુ, શિરા કે ધમનીમાં ઈજા પણ થાય છે. સંધિભંગ વખતે સાંધાનું આવરણ તૂટે છે. તેની આસપાસની માંસપેશીઓ અને સંધિબંધનો તૂટે છે; લોહીની નળીઓને ઈજા થવાથી પેશીઓમાં લોહીનો સ્રાવ થાય છે; ઉપરાંત હાડકાંઓના છેડાની કરુણાસ્થિ (કાર્ટિલેજ) તૂટે છે અગર તો હાડકાનો ટુકડો તૂટે છે. ખસી ગએલા હાડકાનું જ્ઞાનતંતુ શિરા કે ધમની ઉપર દબાણ થાય છે. આવું ઘણી વાર ખભાના સાંધામાંથી હાથનું હાડકું ખસી જતાં બને છે. મોટા ભાગે કોણી, અંગૂઠો, આંગળી ને નીચલા જડબાના સાંધા ઊતરી જાય છે.

સંધિભંગમાં સાંધા ઉપર સોજો અને વેદના હોય છે. બીજા સાંધાની સરખામણીમાં સંધિભંગવાળા સાંધાના દેખાવમાં ફેર પડે છે. સ્થાનમાંથી અંગ જુદું પડવાનું રોગી અનુભવે છે. અંગ અમુક સ્થિતિમાં સજ્જડ થાય છે. અંગમાં કોઈ તાકાત રહેતી નથી. ખભો ઊતરી ગયો હોય ત્યારે કોણી શરીરને અડકીને નહિ રહેતાં આગળપડતી રહે છે. અને ઈજાવાળા અંગની લંબાઈમાં ફેર પડે છે. યોગ્ય દિશામાં ખેંચીને દબાવવાથી સાંધો બેસી જાય છે, પણ આવા કામથી અજાણ માણસે સાંધો બેસાડવા કદી પ્રયત્ન કરવો નહિ. સંધિભંગની પ્રાથમિક સારવારમાં રોગીને રાહત આપવા સારુ ઈજાવાળા અંગનું હલનચલન અટકાવી દેવું અને ઊતરી ગએલા સાંધા પર વજન ન આવે એ જોવું.

ખભાના સંધિભંગ વખતે બાવડા અને છાતી વચ્ચે ગડ વાળેલા કપડાની ગાદી મૂકી છાતી ફરતો પાટો બાંધી હાથનું હલનચલન અટકાવવું, યા હાથ ઝોળીમાં મૂકવો. આ ઝોળી વધુપડતી નાની કે મોટી ન બને એ ખાસ જોવું.

કોણીના સંધિભંગ વખતે પણ હાથને ઝોળીમાં રાખવો.

સંધિભંગની ઈજાવાળા ભાગ ઉપર ઠંડા કે ગરમ પાણીથી ભીંજવેલો ટુવાલ કે હાથરૂમાલ મૂકવાથી પણ આરામ લાગે છે.

હડપચી પર જોરથી વાગવાથી કે બગાસું ખાતા નીચલા જડબાનું હાડકું ખસી જાય છે. આ વખતે રોગીએ દાંતનું ચોકઠું પહેર્યું હોય તો કાઢી લેવું. જડબાને ટેકો મળે એમ એક પાટો હડપચી ઉપરથી લઈ માથા ઉપર ગાંઠ મારવી. સંધિભંગમાં તુરત દાક્તર પાસે જવું. સમય વીત્યા પછી ખસી ગએલા હાડકાને બેસાડવામાં મુશ્કેલી પડે છે.

ગામડામાં જ્યાં દાક્તરની સેવા મળવી મુશ્કેલ છે ત્યાં જડબાનો સંધિભંગ બેસાડવા આટલું કરવું: જડબાના સંધિભંગ વખતે રોગીનું મોં બંધ થઈ શકતું નથી. એ વખતે બંને અંગૂઠા ઉપર જાડું કપડું વીંટી, એ રોગીના મોંમાં નીચલા જડબાના છેક છેડે લઈ જઈ બંને બાજુએ ગોઠવવા અને હાથની આંગળીઓ વતી હડપચી પકડવી. પછી અંગૂઠા વતી પ્રથમ નીચે અને પછી અંદરપડતું દબાણ કરવું અને આંગળીઓ વતી ઉપરપડતું દબાણ કરવું. સાંધામાં ગોઠવાતું જડબું બંધ થવા જાય એટલે અંગૂઠા ગાલ ભણી લઈ લેવા જેથી તેમના ઉપર દાંત ભીંસાય નહિ.

આંગળી ઊતરી ગઈ હોય તો રોગીની સામે ઊભા રહી આંગળીનો છેડો ખેંચવો અને બીજા હાથના અંગૂઠા અને આંગળીઓ વતી ઊતરી ગએલો સાંધો બેસી જાય ત્યાં સુધી દબાવવો. જો એક પ્રયત્નમાં સફળતા ન મળે તો બીજી વાર પ્રયત્ન ન કરવો. મૂળમાંથી ઊતરી ગએલા અંગૂઠાને બેસાડવા કદી પ્રયત્ન ન કરવો. આ કામ દાક્તર કે હાડવૈદનું જ છે.

(હવે પછી 'અસ્થિભંગ')

ની વાત એક બનાવટ હતી; રાણી વિક્ટોરિયાનો સંદેશો સુધ્ધાં બનાવટી હતો! ઍટલાન્ટિક ટેલિગ્રાફ કંપનીના ડાયરેક્ટરોએ આ ઠગારું કાવતરું ઘડ્યું હતું. સાઈરસ ફીલ્ડ એક લોકપ્રિય નાયક મટી આડી રાતમાં એક દગાબાજ ધૂતારામાં ખપી ગયો. બે હજાર માઈલ લાંબો તારનો દરિયાઈ કેબલ, મરેલા સર્પની જેમ સમુદ્રતળિયે પડી રહ્યો!

અને એ વાતને પણ છ છ વર્ષનાં વહાણાં વીતી ગયાં. છ વર્ષ સુધી યુરોપ-અમેરિકા વિખૂટા પડી ગયા અને ૧૯મી સદીની એક મહાન યોજના ધૂળધાણી થઈ ગઈ. અમેરિકામાં આંતરવિગ્રહ ફાટી નીકળ્યો અને આ વાત ભુલાઈ ગઈ. બ્રિટનમાં ટેલિગ્રાફ કમિટીની બેઠક મળી ગઈ પણ તેમાં કોઈ નિર્ણય લેવાયો નહિ.

દરમ્યાન વિજ્ઞાનની આગેકૂચ ચાલુ રહી. નવી શોધખોળો થઈ, નવાં સાધનો શોધાયાં, અને તે દ્વારા યુરોપમાં ભૂમધ્ય અને આફ્રિકા વચ્ચે દરિયામાં કેબલ નાખવાની નવી યોજના આગળ વધી; પણ યુરોપ-અમેરિકા વચ્ચેના કેબલને કોઈએ યાદ સુધ્ધાં કર્યો નહિ!

પણ અંતે એવો માનવી નીકળ્યો ખરો. પણ તે બીજો કોણ હોઈ શકે? જૂનો જોગી સાઇરસ ફીલ્ડ! ઍટલાન્ટિક સમુદ્રને ત્રીસમી વાર ઓળંગીને તે લંડન પહોંચ્યો અને પોતાના અગાઉના કોલકરાર તાજા કર્યા. ફરીથી છ લાખ પૌંડની રકમ ઊભી કરી. ફરીથી એ જ સાહસ હાથ ધર્યું. જહાજના બાંધકામમાં ધરખમ સુધારા થયા હતા, અને એક જ જહાજ—'ગ્રેઈટ ઈસ્ટર્ન' એટલું વિશાળ હતું કે તે હવે એકલું જ દરિયામાં પાથરવાનો સમસ્ત કેબલ-જથ્થો ગમે ત્યાં લઈ જઈ શકે.

ઇ. ૧૮૬૫ની ૨૩મી જુલાઇએ ટેમ્સ નદીમાંથી આ વિરાટ જહાજ માલસામાન સાથે ઊપડ્યું ને દરિયામાં કેબલ પાથરવાનું શરૂ કર્યું. પણ અમેરિકા પહોંચવાને બે દિવસની વાર હતી ત્યાં જ અગાઉની જેમ, આફત નડી ને છ લાખ પૌંડનો માલ દરિયાના તળિયે જઈ બેઠો!

પરંતુ હવે દુનિયા બદલાઈ ગઈ હતી. અગાઉની નિરાશા ચાલી ગઈ હતી. તાબડતોબ નવી તૈયારીઓ શરૂ થઈ અને ૧૮૬૬ની ૧૩મી જુલાઈએ એ જ જહાજ એ જ માણસો સાથે રવાના થયું. અને ફરીથી કેબલ નાખવાની શરૂઆત થઈ. આ વખતે અસાધારણ સફળતા મળી એટલું જ નહિ, પ્રથમ વાર જે કેબલ તૂટી પડેલો તેનો પણ છેડો અચાનક હાથ આવી ગયો અને તે પણ ચાલુ કર્યો. આમ, અણધારી રીતે જ, યુરોપ-અમેરિકા વચ્ચે એકીસાથે બે કેબલ લાઈન શરૂ થઈ ગઈ! ત્યારથી સર્પ જેવા તારના આ રજ્જૂએ માનવજાતની અવિરત સેવા કર્યે જ રાખી છે.

જીવનપટનાં સ્મૃતિચિત્રો

લેખક
આલેખક
રવિશંકર રાવળ



કવિ નાનાલાલ →
કાઠિયાવાડી સાફા સાથેની
એમની એક યાદગાર છબિ

૪૧૧ માથેરાનનો ટૂંકો પ્રવાસ

મુંબાઈના શ્રીમંતો ને સહેલાણીઓમાં માથેરાનનું પર્વતીય હવાસ્થળ બહુ લોકપ્રિય બન્યું લાગતું હતું. ઘણાનો તો અઠવાડિયાની શનિ-રવિની રજા ત્યાં ગાળવા જવાનો નિયમ હતો. ચોપાનિયાંમાં માથેરાનમાં રહેવા-જમવાની ગોઠવણ માટે વસનજી નારણજીની જાહેરખબરો વારંવાર વાંચવા મળતી. મુંબાઈથી પૂના જતાં બે કલાકે આવતા નેરલના સ્ટેશને મેઈલ બેત્રણ મિનિટ ઊભી રહે, એટલામાં તો કૈંક સહેલાણીઓ ઊતરી જતાં. તેમાં પારસી કુટુંબો વધારે હોય. ગાડીમાંથી જ માથેરાનનો પહાડ દેખાતો અને ઉપર મકાનો છે એવો ભાસ થતો. એટલે ઊંચે પહોંચવાને શિગરામ જેવા નાના ડબ્બા અને નાનકડું એન્જિન સ્ટેશનની બહારના કંપાઉન્ડમાં તૈયાર દેખાતાં. માથેરાનનાં સુંદર દશ્યચિત્રો મેં વાર્ષિક પ્રદર્શનોમાં બહુ જોએલાં, એટલે મનમાં અભિલાષા હતી કે એક વાર માથેરાન જોવું. પણ ખિસ્સામાં તાકાત નહોતી.

એવામાં મારા ગાઢ મિત્ર ચુનીલાલ ઘોડી ઘેર આવ્યા ને કહ્યું: 'ભઈ, તૈયાર થઈ જા, આપણે સાથે માથેરાન જવું છે. મારા ભાટિયા મિત્ર દયાળજી શેઠે મને કંપની આપવાને કહ્યું ત્યારે મેં તારી વાત કરી અને એમના ખર્ચે આપણે બેઉ, ત્રણ દિવસ માથેરાનની સહેલ કરી આવીશું. ત્યાં વસનજીની હોટેલમાં તેમણે રૂમ પણ રાખી લીધા છે.'

હું તો ખૂબ જ આભારવશ બની ગયો. તા. ૪ નવેમ્બરે (૧૯૧૭) અમે બંને સવારમાં જી.આઈ.પી. (આજની સેન્ટ્રલ) રેલવેના દાદર સ્ટેશને પહોંચી ગયા અને દયાળજી શેઠની સાથે પૂના મેઈલમાં ગોઠવાઈ ગયા. બે કલાકમાં તો નેરલ પહોંચી વહેલાવહેલા ટચૂકડી પહાડગાડી (માઉન્ટન રેલવે)માં જગ્યા મેળવી લીધી. મેઈલ ઊપડી ગયા પછી થોડી જ વારે નાનો કીડો પહાડ ઉપર ચડતો હોય તેમ ભુખહુખ કરતું એન્જિન પહાડના હળવા ચડાવ પર વળાંક મારતું અમને લઈ ચાલ્યું. જેમ ઉપર જતા ગયા તેમ હું ને ચૂનીભાઈ દશ્ય પર આફરીન થતા ચાલ્યા. ક્યાં મુંબાઈના ધમાલિયા રસ્તા ને ક્યાં અહીંની અફાટ કુદરત અને નીચેના વિસ્તારનું વિહંગાવલોકન! જેમ માથેરાનની ટોચે ગયા તેમ ઠંડી વધી, પણ અમે ગરમ કપડાંમાં સજ્જ હતા.



'સાથી તારા નભ મહીં થશે રાજહંસો રૂપાળા.' કવિ નાનાલાલના સમશ્લોકી ગુજરાતી 'મેઘદૂત' સાથે 'વીસમી સદી'માં પ્રકટ થતાં રહેલાં શ્રી રવિશંકર રાવળનાં ચિત્રોમાંનું એક.

૪૧૨ કવિ નાનાલાલ

ટોચ પરના સ્ટેશને ગાડી અટકી અને બધા શિગરામ-ડબ્બા ખાલી થવા લાગ્યા. અમારી હોટેલ નજીકમાં જ હતી એટલે મજૂરને માથે બૅગો મુકાવી અમે હોટેલ પર પહોંચ્યા. ચારે તરફની લીલોતરી અને રંગબેરંગી ફૂલોએ મુંબાઈ ભુલાવી દીધું. હોટેલના વરંડાનાં પગથિયાં ચડયા કે 'અરે રવિશંકર!' એવા બોલ કાઢતા કોને જોઉં છું? —કવિ નાનાલાલ પોતે! મને ખબર હતી કે કવિ ઘણી વાર તેમનાં કાવ્યોને આકાર આપવા રજાઓમાં અહીં પહોંચી જાય છે; પણ તેમની સાથે એક જ—અને તે આવા—સ્થળે વસવાનો પ્રસંગ તો એક વિલક્ષણ સંયોગ ગણાય! ઑક્ટોબરના 'વીસમી સદી'માં તેમનું સમશ્લોકી ગુજરાતી 'મેઘદૂત' મારાં ચિત્રો સાથે પહેલી વાર પ્રકટ થયું હતું. આરંભપૃષ્ઠે કવિની અને મારી બંનેની તસ્વીરો છપાઈ હતી. કવિએ તો મારા પર વાત્સલ્ય વરસાવ્યું. મારા સહાયક મિત્રો તો જોઈ જ રહ્યા. 'જો! સામેનો ખંડ મારો સુવાંગ છે. તું અહીં હો ત્યાં સુધી મારી પાસે જ આવજે. આપણે સાથે ફરવા જઈશું.'

પણ મેં તો મારા મિત્રોની જ સોબત સ્વીકારી અને તેમને પણ ગુજરાતના પ્રમુખ કવિનો સમાગમ થશે એ વિચારે આનંદ થયો.

ચા નાસ્તો લઈ અમે જરા આરામથી જુદાજુદા પલંગોમાં ગોઠવાયા. સાંજે જમવા વખતે કવિ સાથે હતા. પછી મને તેમના ખંડમાં લઈ ગયા. વખતોવખત તે એકલા અહીં આવી હોટેલમાં મુકામ રાખી સવારસાંજ પર્વતના ચડતા-ઊતરતા માર્ગો પર ઘૂમતા. મેં જાણ્યું હતું કે એમના નાટક 'ઇન્દુકુમાર'નાં દશ્યો એમને અહીં સૂઝેલાં. એમની કલ્પના કેમ કામ કરતી હશે તેનો થોડો અનુભવ અહીં મળ્યો.

મને ખંડમાં લઈ જઈ માથેરાનની કેટલીક લીલા વર્ણવી. અહીં ફરવાનાં જુદાજુદાં પૉઈન્ટ (શિખરાન્તો) છે. ત્યાંથી મુંબાઇ તરફનો તેમજ મહારાષ્ટ્ર તરફનો સુંદર મેદાની પ્રદેશ ને સૂર્યોદય તથા સૂર્યાસ્ત જોવાની એક ધ્યાનમસ્ત લહેર હોય છે. રાત્રે માત્ર પક્ષીઓના સ્વરો હવામાં ઘૂમે છે; બાકી પૂર્ણ શાંતિ. વાત કરતાં એમણે ટેબલ પરથી એક કાપલી ઉપાડી કહ્યું: 'કાલ રાતે આ એક લીટી સ્ફુરી છે. બારીમાંથી, પીપળાના ઝાડ પરનાં પાન ઉપર ચંદ્ર પ્રકાશ પડતો હતો ને હવામાં પાન ઊંચાંનીચાં થતાં હતાં એ જોઈને આ લખાયું:

ફૂપળને ટોડલે રે, કે તારલી પલકે સાહેલડી!

બસ; કાવ્યની આ પ્રથમ પંક્તિ સર્જાઈ છે. ઉષાના મુખેથી તે સરી છે. લે વાંચ મારી ઉષા.' એમ કહેતાં હાથે લખેલાં ફૂલસ્કેપ પાનાંની—



← માથેરાનના પ્રવાસમાં આલેખેલું ત્યાંનું એક દૃશ્ય.



'વીસમી સદી'માં કવિ નાનાલાલનું સમશ્લોકી ગુજરાતી 'મેઘદૂત' પ્રકટ કર્યું ત્યારે પહેલે પાને સ્વ. હાજીએ કવિની છબિ એ સાથે કાવ્યના ચિત્રોના આલેખક શ્રી રવિશંકર રાવળની આ છબિ પણ પ્રકટ કરેલી. →

થોકડી મન આપી: 'વાંચી જો; મારી ઉષાનું ચિત્ર કરી આપ.'

કવિતાની સૃષ્ટિમાં મારો ઊંડો પરિચય નહોતો જ. પણ કવિનાં કાવ્યો મિત્રો સાથે વંચાએલાં અને કવિનો પૂર્વપરિચય રાજકોટ, ઉમરાળા અને સાન્ટાક્રુઝમાં તથા હાજીના સમાગમ દરમિયાન થએલો તેથી તેમના આવા નિકટ નિવાસનો પ્રસંગ મને બહુ પ્રેરક લાગ્યો.

બીજી સવારે ચા મેં તેમના જ ખંડમાં પીધી અને પછી તેમણે ફરવા જવાની દરખાસ્ત મૂકી. અહીં તો સૌ બને એટલું ફર્યા જ કરતા. મેં મારા સાથીઓને એમની વાત પહોંચાડી અને તેઓ પણ તૈયાર થઈ ગયા. કવિમાં એક મોટો ગુણ હતો કે તે કોઈની પણ સાથે વાતો ચલાવી શકતા. ત્યારે તેમના મિત્ર શૂરજી શેઠની વાતો એ બહુ કરતા. ઘણી વાર બંને સાથે જ માથેરાન આવી રહેતા. મને કહે: 'તારે ખરો આર્ય જુવાન ચીતરવો હોય તો શૂરજી શેઠનું પાત્ર ઉતારી લેવું.' હવામાં એવી પણ વાત હતી કે શૂરજી શેઠ તેમને પોતાના સેક્રેટરી તરીકે થોડા વખતમાં ઇંગ્લંડ લઈ જવાના છે. તે માટે કવિએ પાસપૉર્ટ પણ કઢાવી લીધો હતો અને બીજે દિવસે તેમણે મને તે બતાવ્યો પણ ખરો. તેમાં કવિએ કાઠિયાવાડના જુવાન રાજવીઓ જેવો સાફો બાંધ્યો હતો. પછી ઘણે વખતે જાણ્યું કે શૂરજી શેઠ એકલા જ ઇંગ્લંડ ચાલ્યા ગયા અને કવિનો એ ફોટો એક યાદગીરી બની ગયો.

ગિરિનિવાસનું જીવન ઘણું ખર્ચાળ અને વૈભવી હતું. મુંબાઈના પ્રવાસીઓ માટે જ તેનું નિર્માણ થયું હતું. તેઓની સુખસગવડોવાળા બંગલા કે હોટેલો સામાન્ય માણસને પોસાય નહિ એવાં હતાં. કશી પણ નિયમિત આવક કે સંસ્કારી પ્રવૃત્તિઓ વિનાનાને આ સ્થળે કાયમ નિવાસ કરવાનું મન થાય જ નહિ. ત્યાંની લગભગ બધી જરૂરિયાતો નીચેથી આવતી અને ત્યાંના આદિજાતિ લોકો કામકાજની સેવા આપતાં, પણ તેમની અને નગરનિવાસીઓની વચ્ચે આસમાન જમીનનું અંતર જણાતું.

કવિ અને મારા મિત્રોને તો પહાડ પર ચક્કરો મારવા સિવાય કશું કામ નહોતું. પહેલે દિવસે હું તેમની સાથે ફર્યા જ કર્યો અને થાકી પણ ગયો. મેં મારી રંગપેટી અને ચિત્રકામનાં સાધનો સાથે રાખ્યાં હતાં, પણ સાથીઓ ક્યાંય પણ બેસવાનું માને જ નહિ. બીજે દિવસે ખીણના એક સુંદર દૃશ્ય આગળ હું છૂટો પડયો અને રંગમાં દૃશ્ય કરવા બેઠો. તેઓ ફરીને પાછા આવ્યા ત્યાં સુધીમાં મારું કામ પૂરું થયું હતું. એમ બે-ચાર નાના દૃશ્યાલેખો હું પૂરા કરી શક્યો પણ એ મુંબાઈમાં બતાવવા પૂરતાં સ્વપ્નાં જ હતાં. ત્રીજે દિવસે બપોરે કવિશ્રીની અને હોટેલની વિદાય લઈ અમે નેરલ ઊતરી આવ્યા અને મુંબાઈ જતી ટ્રેઈન પકડી રાત્રે ફરી ઘોંઘાટલોકમાં આવી ગયા.

૪૧૩ મુંબાઇના વાયરા

મુંબાઈ આવ્યા પછી હાજીએ મને એક નવી કસોટીમાં મૂકયો. એ કાળે બૅરિસ્ટર ઝીણા (જિન્ના)ની લોકોમાં બોલબાલા હતી. તેમના ધંધામાં અને પ્રજાસેવામાં લોકોએ તેમને ઊંચું સ્થાન આપ્યું હતું. ધારાશાસ્ત્રીની કુશળતાએ તેમને બે પ્રસંગોએ આગળ પાડયા હતા: એક 'બૉમ્બે ક્રૉનિકલ'ના તંત્રી બેન્જામિન હૉર્નિમૅનનો કેસ, અને બીજો તિલક મહારાજનો કેસ. વક્તા તરીકે તેમનામાં બહુ મોહક શક્તિઓ હતી. શ્રીમતી બેસંટ નજરકેદ થયાં ત્યારે સ્ત્રીસન્માનથી પ્રેરાઈ તેમણે હોમરૂલ લીગમાં આગળપડતો ભાગ લેવા માંડયો હતો. હાઇકોર્ટમાં કેસ ચલાવતા ત્યારે પોતાના વકતૃત્વ સાથે તે અજબ અભિનયશક્તિ દાખવતા.



તેમની કીર્તિ શિખરે હતી તેનો લાભ લઈ હાજીમહમ્મદે તેમના અનેક ફોટોગ્રાફો મિ. દેવારે પાસે લેવડાવ્યા અને એક દિવસે મને હાઈકોર્ટમાં ખેંચી ગયા. ત્યાં એક બાજુ મને ગોઠવી, આંગળીથી મને બૅરિસ્ટર ઝીણાને ઓળખાવી કહ્યું: 'એ બોલવા ઊભા થાય ત્યારે એમના જેટલા અભિનયો લઈ શકો તેટલા લેજો.' આવા પ્રત્યક્ષ પ્રસંગોની નોંધ કરવા માટે તેઓ મારી જ પસંદગી કરતા. એમ આ વખતે મને હાઈકોર્ટની સારી પેઠે ઝાંખી કરવાની તક મળી, તેમજ એક નવી જ દિશામાં મારી શક્તિ બતાવવાની આવી. મેં શ્રી ઝીણા તરફ નજર રાખી મારી સ્કેચબુક સાબદી રાખી અને તે બોલવા ઊભા થયા ત્યારે તેમની વાણી અને અભિનયની લિજ્જત માણવા સાથે આઠેક સ્કેચ કર્યા, જેમાંના ત્રણ હાજીએ 'વીસમી સદી'માં પ્રકટ કર્યા. તેમાંનો એક આ સાથે છે.

સમાચારો આવતા હતા કે અમેરિકા યુદ્ધમાં જોડાયા પછી જમની

પાછું હઠવા લાગ્યું છે. રશિયામાં ઝારને પદભ્રષ્ટ કરી મજૂરો, લશ્કર અને ખેડૂતોના પ્રતિનિધિઓએ સત્તા હાથ કરી છે. ઝાર-ઝારીના નાસી જતાં હતાં ત્યાં લોકોના હાથમાં સપડાતાં તેમને ઠાર કરવામાં આવ્યાં છે અને અત્યાર સુધી સ્વિટ્ઝર્લૅન્ડમાં એકાંતવાસમાં રહીને પ્રજાબળોનું સંચાલન કરતા લેનિને રશિયામાં દાખલ થઈ, પોતાના અનુયાયીઓની સરદારી લઈ રાજસત્તાનો દોર હાથમાં લીધો છે. અને તત્કાલ પોતાની સરકારની કામગીરી પાર પાડવા જર્મની સાથેના યુદ્ધમાંથી તટસ્થ થઈ ગયા છે. મુંબાઈમાં રશિયાની ચિંતા કોઈ નહોતું કરતું. તેનાં બોલ્શેવિક પાત્રોનાં કાર્ટૂનો-કટાક્ષો ક્વચિત જોવામાં આવતાં, તેમાં તેને એક સર્વભક્ષી રાક્ષસનું સ્વરૂપ અપાતું, પણ તેના સિદ્ધાંતો અને કાર્યોને કોઈ મહત્ત્વ આપતું નહોતું. આ એક નવો રાજકીય વાયરો છે એટલું જ કહેવાતું. યુદ્ધ પૂરું થવાના ભણકારા હતા તે પરથી રાજ-સંબંધો અને આર્થિક પરિસ્થિતિમાં મોટા ફેરફારો થવાની અટકળો ચાલતી હતી. કળાના ક્ષેત્રમાં પ્રજામાં કોઈ ચિંતા નહોતી. મારા મિત્ર બચુભાઈ મૂળાણીને તસ્વીરોના ધંધામાં કંઈ બરકત ન જણાઈ એટલે તે ઘર ઉઠાવી સાક્ષરવર્ય બળવંતરાય ઠાકોરની લાગવગથી પૂના પાસે કર્વેના મહિલાશ્રમમાં ચિત્રશિક્ષકની નોકરી કરવા ચાલ્યા ગયા હતા.

૪૧૪ ભોગીન્દ્રરાવ ગયા

ભોગીન્દ્રરાવની કાયા હમેશાં માંદગીભરેલી લાગતી. મને શિખામણ આપતા કે 'ભાઈ, કાયમનો મોટો ખર્ચ ન રાખવો. પ્રસંગવશાત્ ખર્ચ આવે તેને પહોંચી શકાય છે.' આ વાતમાં તેમનો પૂરો અનુભવ જણાતો, પરંતુ મને નવાઈ લાગતી કે તેમને જ એવો ખર્ચ રાખવો પડતો. એ વાત તેઓ સરળ ભાવે કબૂલ પણ કરતા, ને ખર્ચને પહોંચી વળવા અથાક મહેનત કરતા. એને પરિણામે તેમની તબિયત બગડી. તેમની માંદગીના દિવસોમાંયે હું વારંવાર તેમની પાસે જઈ બેસતો. તેઓ કેટલીયે જાણીતી વ્યક્તિઓનાં આબેહૂબ ચરિત્ર ચિત્રો આપતા.



ભોગીન્દ્રરાવ અવસાન પહેલાં

એક દિવસ એમણે પોતાની પ્રિય નવલકથા 'મૃદુલા'નાં ચિત્રો કરવા મને કહ્યું. મેં તે ચોપડી વાંચી પણ નાખી; માત્ર ચિત્રો નક્કી કરવાનું જ બાકી હતું. ત્યાં તો આજકાલ કરતાં તેમની તબિયત બહુ શિથિલ થવા લાગી. હું પણ ખૂબ કામમાં રહેતો એટલે તેમનું કામ તરત હાથમાં લેવાતું નહિ. તેમનાં દસેક પુસ્તકો સચિત્ર કરવાની મારી ઇચ્છા હતી. લોકોને હવે તેમની કીર્તિ અને લેખનકલાની સિદ્ધિનું ભાન થયું હતું ત્યાં ભાવિ તેમના ખખડી ગએલા શરીરને ધક્કો મારી ગયું.

એક દિવસે સવારમાં મારા પડોશી વિજુભાઈ હજરતે મને પૂછ્યું: 'રવિભાઈ, એકાદ જનોઈ સ્પેર (વધારાની) છે?' મેં કારણ પૂછ્યું તો કહે: 'ભોગીન્દ્રરાવ ગુજરી ગયા. નાતીલા તરીકે મારે જવું છે, એટલે જનોઇની જરૂર પડી છે.' હું પણ તુરત તૈયાર થઈ 'વ્હીલર વિલા'માં ગયો. ત્યાં એમના નાતીલા નાગરો શબવાહિની લઈ જવા નાહીને અબોટિયાં પહેરતા હતા. મેં તેમના દેહનાં છેલ્લાં દર્શન કરી લીધાં. રણજિતરામની વિદાય હજી તાજી જ હતી, ત્યાં આ બીજી કજા! ગુજરાતનો ડિકન્સ ચાલ્યો ગયો! ગુજરાતનું શું દુર્ભાગ્ય હશે?

૪૧૫ ડિપ્લોમા વિનાનો કલાકાર

સાન્ટાક્રુઝનો આ મારો વાસ બહુ સુખપૂર્ણ બન્યો. રોજ એક વાર બપોર પછી શહેરમાં જતો; સ્કૂલ ઑવ આર્ટના મૃત્તિકાવિધાન વર્ગમાં અર્ધા દિવસની હાજરી ભરતો ને ચિત્રવર્ગમાં આંટો મારતો. આ ટર્મને અંતે મિ. બર્ન્સ હોદ્દો છોડી જવાના હતા, એટલે વિદ્યાર્થીઓએ બે જન-રંજન કાર્યક્રમો યોજ્યા હતા અને તેમાં શિક્ષકોનો પણ ટેકો હતો. મેં અગાઉ જણાવ્યું છે તેમ 'હૅમલેટ' નાટક તૈયાર કરનારા જોડે હું મારું સંભાષણ વાંચતો; 'To be or not to be' સમજવા મથતો. એવામાં, શાળાના ભાવિ ડિરેક્ટરની જગ્યા લેનારા કૅપ્ટન સૉલોમન આવ્યા અને મ્યુરલ ડેકોરેશન વિષે વ્યાખ્યાન આપ્યું. તે વખતે જણાવ્યું કે દિલ્હીના નવા પાટનગરના મહેલોમાં ભીંતચિત્રો માટે ઘણું કામ નીકળવાનું છે અને તે કામમાં પોતે વિદ્યાર્થીઓને ખાસ તાલીમ આપશે. વળી બીજા વર્ષથી કામના દરેક વિભાગમાં છેલ્લી પરીક્ષા ડિપ્લોમાની થશે, એટલે બહાર પડેલ દરેક વિદ્યાર્થી પોતાના નામ સાથે G. D. Art (ગવર્નમેંટ ડિપ્લોમા ઈન આર્ટ) અક્ષરો લગાડી શકશે. આજ સુધી પાંચ વર્ષ અભ્યાસ કરી ગએલા વિદ્યાર્થીને માટે આવું કોઈ બિરુદ નહોતું. મને પણ તેની લાલસા થઈ, એટલે પ્રિન્સિપલને રૂબરૂ મળી ડિપ્લોમા માટે એક વર્ષ વધારે સ્કૂલમાં ભરવું કે નહિ તે વિષે તેમનો અભિપ્રાય માગ્યો. તેમણે તુરત કહ્યું: Don't be a fool. You have learnt all that is to be learnt in painting. Now go out in the world and produce half-a-dozen originel paintings of yours. That will give you a fame as an artist.' (મૂરખ ન બનતો. પેઇન્ટિંગ વિષે શીખવા જેવું બધું તું શીખી ગયો છે. હવે તો સંસારમાં જઈ તારાં પોતાનાં છએક મૌલિક ચિત્રસર્જનો કરીશ તે જ તને કલાકારનું બિરુદ અપાવશે.) આ શિખામણ મને આજ સુધી અનુભવપૂર્ણ હકીકત લાગી છે. મેં ઘણાયે G. D. Art જોયા છે. મિ. બર્ન્સનાં વચનો પ્રમાણે તે ખરા કલાકાર થઈ શક્યા નથી.

૪૧૬ માતુશ્રીની માંદગી

આ પછી મારામાં કોઈ નવો ઉમંગ જાગ્યો. ખર્ચ માટે થોડા બ્રોમાઇડ ફોટો રંગવાનું પણ કરવા લાગ્યો. મારું મકાન તો એક આશ્રમ જેવું શાંતિપૂર્ણ હતું. કોઈ જ વાર મારી પત્ની અને બાળકોને લઈ શહેરમાં જવાનું મન થતું. પડોશીઓ પણ સૌ પરિમિત ખર્ચમાં સંસાર નભાવતા સંતુષ્ટ હતા. એવામાં અણધાર્યો વિક્ષેપ આવ્યો.

મારા પિતાશ્રી વડોદરાની જગ્યા બેત્રણ માસ પૂરતી સંભાળવા ગયા હતા, ત્યાં એક બે મહિનામાં ફરી વડોદરાની જગ્યા પર કાયમી ગ્રેઈડમાં જવાનો હુકમ મળ્યો. તે વખતે તેમણે તત્કાલ બે માસની ચડેલી રજા માગી, કારણ કે મારાં માતુશ્રીને પ્રદરના વ્યાધિથી ઘણી જ અશક્તિ આવી હતી અને ખાટલે પડ્યાં હતાં. રજા પૂરી થવા આવી તો પણ તે ઊભાં થઈ શક્યાં નહિ, એટલે મને તાર કર્યો કે મારે પહેલી તકે પરિવાર સાથે ઘેર પહોંચી જવું. મને ધર્મસંકટ લાગ્યું; પણ માતાની સેવા જીવનની વિરલ તક છે, તે માટે ગમે તે ભોગ આપવો જોઈએ એવી પ્રબળ વૃત્તિ ઊઠી અને સ્કૂલના નાટકનો કે હાજીમહમ્મદનાં કામોનો વિચાર ફેંકી દઈ ભાવનગરની ટિકિટ કપાવી.

ભાવનગરમાં માતાની તબિયતમાં કટોકટી હતી, પણ મને હાજર થયો જોઈ તેમને પરમ સંતોષ થયો અને પિતાશ્રીને રાહત મળી. હું પૂરા બે માસ ત્યાં રોકાયો અને બાની તબિયત સારી થતાં, પિતાશ્રી-બેન તથા નાના ભાઈની પત્નીને લઇ વડોદરા જવાના હતા તે પહેલાં હું મારા પરિવારને લઈ પાછો મુંબાઈ ગયો. (ચાલુ)

ભારતમાં છેલ્લેથી બીજે નંબરે જંગલો ધરાવતા ગુજરાત પરના કુદરતના આક્રમણ સામે પ્રશસ્ય કિલ્લેબંધી

સૌરાષ્ટ્રનાં રોપ-વન



વેરાવળની નજીક પાટણમાં ઊડી આવેલી દરિયાઈ રેતીના ઊંચાઊંચા ઢૂવામાં દટાઈ ગએલો એ પ્રાચીન અવશેષ. આ જ રેતી આથી યે આગળ વધી પાટણ-વેરાવળ માર્ગ પર પથરાઈ જતી જેને રોજરોજ ખસેડવાનો મોટો ખર્ચ આવતો રેતીના આ ઢૂવા પર જંગલખાતાએ એક એકરે ૪૩૫ વૃક્ષોના હિસાબે સેંકડો એકરમાં કરેલું સરૂનું વાવેતર.

રાજ્યના કુલ વિસ્તારનો લગભગ ત્રીજો ભાગ વન-આચ્છાદિત રાખવાની એક નીતિ કેન્દ્ર સરકારે નિશ્ચિત કરી છે. આ દિશામાં કેટલાંક રાજ્યોને બહુ પ્રયત્ન કરવા ન પડે એટલી વનસંપત્તિ એમની પાસે છે, જ્યારે ગુજરાત રાજ્ય વનવિસ્તારની ગણતરીમાં સૌથી છેલ્લે આવતા રાજસ્થાનથી જ માત્ર આગળ છે. ભારતના કુલ વનવિસ્તારના માત્ર આઠેક ટકા જેટલાં જંગલ જ ગુજરાતનાં છે આમાં યે ગિર ને ડાંગનો મોટો ભાગ બાદ કરતાં બાકીનાની વનસંપત્તિ નામમાત્ર જ ગણાય. આ જે કંઈ છે તે જંગલોને હવે વધુ બરબાદ થતાં અટકાવવાની, અને કપાતા જતા વૃક્ષવિસ્તારોની સામે નવાં વૃક્ષારોપણોની દિશામાં સતત પ્રયત્નશીલ એવું ગુજરાતનું જંગલખાતું જે બીજી પણ ઘણી કામગીરી સંભાળે છે તેમાં સૌરાષ્ટ્રના રોપ-વનો વિષે, જેમને લાગેવળગે છે તે લોકો સિવાય, બહુ ઓછાને માહિતી હશે.

પોણી બત્રીસ હજાર વૃક્ષો

સૌરાષ્ટ્રના આશરે ૫૦૦ માઈલ લાંબા સાગરકિનારામાંથી દક્ષિણનો લગભગ ૧૧૦ માઈલ લાંબો કિનારો રેતાળ અને પથરાળ હોવા ઉપરાંત અપૂરતા વરસાદને કારણે વેરાન જેવો છે વળી ભરતીથી તથા સતત ફૂંકાતા પવનોથી ઊડી આવીને દરિયાઈ રેતીના ઢગના ઢગ રચાતા જઈ આ તરફના માર્ગો, ખેતરો ને ગામોની ધીમી પણ નિશ્ચિત બરબાદી થતી રહે છે. આના એક ઉપાય તરીકે ઈ. ૧૯૫૨માં આવા ૭૩ એકરમાં દસદસ ફૂટને અંતરે લગભગ પોણી બત્રીસ હજાર વૃક્ષો વાવ્યાં હતાં. આ પ્રયોગ સફળ થતાં પછીનાં વર્ષોમાં બીજા ૧૧૭ એકરમાં આવું વાવેતર કરીને દરિયાની રેતીને આગળ વધીને નુકસાન કરતી અટકાવી છે અને ગઈ કાલનો રેતાળ પટ આજે હરિયાળો બનાવાયો છે.

સૌરાષ્ટ્રના દક્ષિણ કંઠારનાં સૂત્રાપાડા, માંગરોળ, શિલ, સાંગાવાડા, લીકેજ, ચિનગારિયા, મુક્તપુર વગેરે અન્ય ગામોમાં પણ પ્રસરતી દરિયાઈ રેતીને અટકાવીને નવા રોપવનો સર્જવામા આવ્યાં છે.

આ માટે મોટે ભાગે સરુ અને પરદેશી બાવળનું વાવેતર થાય છે. કેટલાંક સ્થળે આ ઉપરાંત કુવાર અને મરજાદવેલ વાવવાનો પણ સફળ પ્રયોગ થયો છે પરિણામે આ વિસ્તારોમાં આજે દરિયાની રેતી આગળ વધતી અટકી જઈ ત્યાંની ખેતીને રક્ષણ મળ્યું છે એટલું જ નહિ, કેટલીક પડતર જમીનને પણ ખેતીલાયક બનાવાઈ છે. આ વાવેતરોથી આસપાસના લોકોને બળતણ અને રોજી પણ મળી રહે છે.

કચ્છના રણ કાંઠે

દરિયાની રેતી પેઠે સૌરાષ્ટ્રની ઉત્તરે આવેલા કચ્છના નાના રણની ઊડી આવતી રેતીથી પણ લગભગ ૨૨૫ માઈલનો વિસ્તાર ધીરેધીરે વધુ ને વધુ વેરાન બનતો જાય છે. રેતી ઉપરાંત એની સાથે આવતી ખારાશથી અહીંનાં પાણી પણ ખારાં થતાં જાય છે. આની સામે જંગલખાતાએ આજ લગીમાં લગભગ ૧૭૨ માઈલ સુધીમાં પરદેશી બાવળનાં રોપ-વનો ઉગાડીને રણની રેતી અને ખારાશ સામે એક કિલ્લેબંધી ઊભી કરી છે. ૫ રણામે આજે હવે એટલા ભાગમાં ખેતીને રક્ષણ મળ્યું છે એટલું જ નહિ, અગાઉ અહીં જ્યાં ઘાસ પણ નહોતું થતું ત્યાં હવે એ દેખાવા લાગ્યું છે. કૂવાના પાણીની ખારાશ પણ ઘટવા માંડતાં પીતનાં વાવેતર પણ હવે શકય બન્યાં છે.







ડાબી બાજુ: ગિરના જંગલમાં તૈયાર થઈ રહેલાં સાગનાં નવાં વૃક્ષો. વચ્ચે: દ. સૌરાષ્ટ્રમાં માંગરોળ નજીક શિલ-ચિનગારિયા વગેરે વિસ્તારના સાગરકાંઠા પર તૈયાર થઈ રહેલું નવું રોપ વન. આરંભમાં ઊંડા ખાડા કરી રોપેલાં આ બધાં વૃક્ષોને 'કુડવા' ગાળીને હાથે ભરીભરીને પાણી પાવું પડે છે. જમણી બાજુ: તૈયાર થએલા રોપવનની આડશે હવે દરિયાની રેતી અને સતત પવન સામે રક્ષણ મળતાં વિકસી રહેલી ખેતી. ચિત્રમાં મધ્યમા દેખાતી લીટીઓ એ ચાસેચાસે ઊગી નીકળેલા પાકની છે. (ફોટો: મફતલાલ દૂધિયા)

સાહિત્યસંપર્ક

સમકાલીન સાહિત્યપ્રવાહો

ઈ. ૧૯૬૮ના અંતિમ દિવસોમાં અમદાવાદ ખાતે ભરાએલા આંતરરાષ્ટ્રીય લેખક-સંસ્થા પી ઈ. એન. (P=Poets, Playwrites; E=Essayists, Editors; N=Novelists)ના અખિલ ભારતીય સંમેલનનું ઉદ્‌ઘાટન કરતાં ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્નારાયણે સ્વતંત્ર ભારતમાં લેખકોની જવાબદારીનું ચિત્ર આપ્યું; સ્વાગત પ્રમુખ શ્રી ઉમાશંકર જોશીએ અમદાવાદ અને ગુજરાતના સાંસ્કૃતિક વારસાનું રોચક બયાન આપી આજના ભારતમાં લેખકોએ કરવાના કાર્યનો 'કવિ : કાલસ્ય કારણમ્' એ સૂત્ર દ્વારા ખયાલ આપ્યો; અને કાકાસાહેબ કાલેલકરે પ્રમુખપદેથી અંગ્રેજીભણેલા વર્ગના આધિપત્ય સામે ચીમકી ધરીને પ્રાદેશિક ભાષાઓ દ્વારા પી. ઈ. એન.નો સંદેશ આમ જનતા સુધી પહોંચે એ માટે સક્રિય થવાનો અનુરોધ કર્યો.

સંમેલનની બેઠકોમાં ૧) સમકાલીન સાહિત્યમાં આધુનિકતા ૨) ભારતીય સાહિત્યમાં ભાષાંતર-પ્રવૃત્તિ, ૩) સ્વાતંત્ર્યોત્તર ભારતીય સાહિત્યમાં તરી આવતા વિષયો વગેરે પર ચર્ચાઓ થઈ. તેમાં છેલ્લી બેઠકમાં થોડું ચાતરીને છેલ્લાં વીસ વરસનું સરવૈયું આપી, ભારતનાં વિવિધ પ્રાદેશિક સાહિત્યનો અંગત રસરુચિપૂર્વક અહેવાલ રજૂ કરવા જેવું થયું. માહિતીની દૃષ્ટિએ તે ઉપયુક્ત ગણીને ભારતના વિવિધ પ્રદેશ વાર આ નીચે તારવીએ:

અંગ્રેજીમાં લખતા ભારતીય લેખકોની કૃતિઓ વિષે આંધ્રના જાણીતા વિદ્વાન શ્રી કે. આર. શ્રીનિવાસ આયંગરે ખયાલ આપતાં કહ્યું કે આ વીસીનો ગાળો જે નૈરાશ્ય, પ્રકોપ અને ભગ્નાશપણાનો છે એ માનસિક આબોહવા સાહિત્યમાં પણ પ્રતિબિંબિત થઈ છે.

સંસ્કૃત જેવી પ્રશિષ્ટ ભાષામાં યે સમકાલીન બનાવોને અભિવ્યક્ત કરવાનું વલણ દેખાય છે એમ પ્રા. ગૌરીપ્રસાદ ઝાલાએ કહ્યું.

હિન્દી વિષે ડૉ. સીતારામ જયસ્વાલે દર્શાવ્યું કે સ્વાતંત્ર્ય પછી સાહિત્યમાં ત્રણ પરિબળો વર્તાય છે: ૧) પુનઃસ્થાપનાવાદ, ૨) પ્રગતિવાદ—સમાજવાદ ને સામ્યવાદના સંકેતો, ૩) લોકશાહી અને સામાજિક ન્યાય. કવિતામાં સર્જક અને ભાવક વચ્ચે કોઇ સેતુ સ્થપાયો નથી; પ્રયોગવાદી અસર જણાય છે, જેના અગ્રણી કવિ 'અજ્ઞેય' (સચ્ચિદાનંદ હી. વાત્સ્યાયન) છે. નવલકથામાં કોમી સંઘર્ષો, રાજકીય સત્તાની ખેંચતાણ, ન્યાય અને સમાનતા પર રચાએલા નવા સમાજની માગ આદિ વિષયો તરી આવે છે. નાટકોમાં રાષ્ટ્રીય એકાત્મતાનો પ્રશ્ન પ્રધાનતા પામે છે.

બંગાળીમાં, શ્રી ગોપાલ ભૌમિકે કહ્યું કે, બીજા સ્વરૂપોને મુકાબલે નાટકનું સ્વરૂપ વિકસ્યું નથી, અને ટૂંકી વાર્તામાં બંગાળી સાહિત્ય સમૃદ્ધ છે. નવલકથામાં જીવનવાસ્તવથી ભાગી જવાની વૃત્તિ દેખાય છે; ને એમાં જે પ્રયોગો થાય છે તે પણ પૂરા પ્રતીતિકારક નથી: શહેરી સમાજમાં જીવતા એ મધ્યમ વર્ગના લેખકો એંશી ટકા ગામડાંમાં જીવતા બંગાળી સમાજનું ચિત્ર ક્યાંથી આપી શકે?

મરાઠી સાહિત્યનાં આગળ તરી આવતાં લક્ષણોમાં (શ્રી આર. બી. જોશીએ કહ્યું કે) લેખકની સ્વતંત્રતા, વિષયની પસંદગી તથા માવજતમાં હિંમતભર્યા પ્રયોગો અને મનનાં ઊંડાણોનો તાગ લઈ માનસિક પ્રક્રિયાઓનું આલેખન કરવાનું વલણ નજરે ચડે છે.

તમિળમાં નિરૂપાતા વિચારોનાં મૂળિયાં આપણી સંસ્કૃતિમાં નથી; વત્તેઓછે અંશે પરદેશી સાહિત્યમાંથી તે ઉછીના લીધેલા છે.

કન્નડમાં (શ્રી જી. વી. કુલકર્ણીએ કહ્યા પ્રમાણે) 'નવ્ય કાવ્ય'નો આરંભ શ્રી ગોકાકે કર્યો, પણ અગ્રણી કવિ શ્રી ગોપાલકૃષ્ણ અડીગા છે. વિવિધ પ્રકારોનો ખયાલ આપતાં એમણે મોટે ભાગે નામાવલિ જ રજૂ કરી.

ઉડિયા સાહિત્યનો સર્વાંગી પરિચય ડૉ. ગોપાલચરણ મિશ્રે સાહિત્યસંસ્થાઓ અને સામયિકોનાં નામ સાથે આપ્યો.

આસામીમાં આજે પણ જૂના વિષયો પર લખાય છે. જોકે નવી નિરૂપણરીતિ સ્વાતંત્ર્ય પહેલાં પણ શરૂ થઈ હતી.

ઉર્દૂ વિષે તો ડૉ. આદમ શેખે કહ્યું કે નવા વિષયોનો જ અભાવ લાગે છે અને એક જાતની



શબ્દકથા: રેંકડી · છકડો · ગાડી

જૂના વખતમાં રથ હતો ભદ્રવર્ગનું મોભાદાર વાહન, જ્યારે સાધારણ લોકોને માટે તેમ જ ભાર વગેરે વહેવા માટે હતું શકટ. પ્રસંગ અને ઉપયોગ પ્રમાણે પુષ્પરથ કે પુષ્યરથ (ક્રીડા, મહોત્સવ વગેરે માટે), યોગ્યારથ (તાલીમ માટે), અધ્વરથ (પ્રવાસ માટે), કર્ણીરથ (પાલખીની જેમ ખભે ઉપાડીને લઈ જવાતો) વગેરે રથના અનેક પ્રકાર હતા.

'રથ'નું પ્રાકૃતમાં 'રહ' બન્યું. પછી તેના મામૂલી પ્રકાર માટે તેને લઘુતાવાચક પ્રત્યય લાગ્યા. 'ડ' પ્રત્યય લાગીને પંજાબી 'રેહડા' (હાથગાડી), 'લ' પ્રત્યય લાગીને પંજાબી 'રહિલા' (ગાડી), 'ક' તેમજ 'લ' કે 'ડ' પ્રત્યય લાગીને ગુજરાતી 'રહિક્લુ' (જૂનું), 'રેંકળી' કે 'રેંકડી', હિંદી 'રહઁકલા', મરાઠી 'રેંકલા' વગેરે સ્વરૂપો થયાં. ક્યાં મૂળનો રથ અને ક્યાં આજની રેંકડી!

ગાડા માટેના 'શકટ' શબ્દના વિવિધ અવતાર થતા. 'શકટિકા' (નાની ગાડી) ઉપરથી પ્રાકૃતમાં 'સગડિઆ' થયું, અને આપણે પહેલાં જોયું તેમ તેના ઉપરથી થએલો ગુજરાતી 'સગડી' શબ્દ પૈડાંવાળા અને નાની ગાડીના આકારના અહીંતહીં હેરવાફેરવી શકાય તેવા કોલસાના ચૂલાનો વાચક બન્યો. પણ હિંદીમાં 'સગ્ગડ' રૂપે તેમ જ 'સગડી' રૂપે તે મૂળના 'ગાડી' એવા અર્થમાં જ ઊતરી આવ્યો. તો 'શકટ'નું ત્રીજું સ્વરૂપ આપણને ગુજરાતી 'છકડો', સિંધી 'છકિડો', પંજાબી, બંગાળી, હિંદી 'છકડા' વગેરેમાં મળે છે.

પણ 'શકટ'નું સ્થાન વ્યાપકપણે તો ગુજરાતી વગેરેમાં 'ગાડું', 'ગાડી' એ શબ્દોએ લીધું છે. તેમના મૂળમાં સંસ્કૃત 'ગર્ત' (રથ હાંકનારની બેઠકનું સ્થાન, રથ) છે. 'ગાદ્દી'ના મૂળમાં રહેલા 'ગર્દ' એવા રૂપની સાથે આ શબ્દ સંકળાએલો છે. પ્રાકૃત 'ગડ્ડયં', 'ગડ્ડિયા' ઉપરથી આપણા 'ગાડું', 'ગાડી' થયા છે. પાછળથી 'ગડ્ડી'નું સંસ્કૃતીકરણ કરીને 'ગંત્રી' (ગમન કરનારી, જનારી) એવો શબ્દ પણ ઘડી કાઢવામાં આવ્યો છે, અને હેમચંદ્ર વગેરે (સંસ્કૃત) કોશકારોએ તેને ગાડીના અર્થમાં નોંધ્યો પણ છે.

હરિવલ્લભ ભાયાણી

'આપણુ ગુજરાતી'ની ભાવના જેમનામાં ઊંડી ઘૂંટાએલી હતી એવાઓમાં અગ્રણી સ્વ. પોપટલાલ ગો. શાહ હતા, જેને જીવનભર ગુજરાતની પ્રજાનો વિકાસ હૈયે રહ્યો.

¶ ગુજરાતની વૈજ્ઞાનિક જીવનચર્યા, આહાર ને સમાજ વ્યવસ્થા માટે આગ્રહ રાખી, તેમાં સંશોધનદ્વારા આપણી પ્રજાગત ઊણપો બહાર આણવા જે તે પ્રકારના વિદ્વાનોનો સાથ મેળવી, તેમનાં જ્ઞાન ને અનુભવમાંથી માહિતી અને ઉપચાર પ્રસારવા તેમણે 'ગુજરાત સંશોધન મંડળ' સ્થાપ્યું, જે આજ એક ફૂલીફાલી સંસ્થા બન્યું છે.

¶ ગુજરાતી ભાષા માટે આધુનિક વિજ્ઞાનના પારિભાષિક શબ્દો શોધવા, એકત્ર કરવા અને યોજવામાં અગ્રચારી બનીને વિજ્ઞાનકોશ તૈયાર કરી એમણે પ્રથમ પ્રજા આગળ મૂક્યો.

¶ ગુજરાતની જ્ઞાતિઓ અને કોમોનાં લક્ષણો, ગુણ અવગુણ, અલ્પતા અને શક્તિમત્તા ઉપર પ્રજાને સભાન કરી.


¶ ગુજરાતના યુવાનોનાં શરીર અને મન, અન્ય પ્રદેશોને પડછે કેટલાં નિર્બળ, અસહાય કે ઉદાર છે તેના સંશોધન માટે સેંકડો યુવાન વિદ્યાર્થીઓની સંપૂર્ણ શારીરિક મફત તપાસનું કેન્દ્ર ખોલ્યું.

¶ ગુજરાતના ૬૦થી વધુ વયના વૃદ્ધોમાં કેટલું દૈવત ટકી રહ્યું છે તેની ચિકિત્સાનો પણ પ્રયોગ કર્યો અને તેમાં શ્રેષ્ઠ ગુણ પ્રાપ્ત કરનારને પારિતોષિકો આપી એ અવસ્થાને પણ વિચારણામાં આણી.

¶ ગુજરાતની આદિવાસી કોમોની નૃવંશશાસ્ત્રીય તપાસ માટે પણ એવા જ અગ્રચારી ને ભગીરથ પ્રયત્ન કરી સંશોધનકેન્દ્ર સ્થાપ્યું.

¶ ગુજરાતનો વિદ્વાન સરકારી કે રાષ્ટ્રીય ક્ષેત્રે શ્રેષ્ઠ પદે શિસ્તબદ્ધ ને પ્રામાણિક રહી શકે છે તેનું સચોટ દૃષ્ટાંત તેમણે બ્રિટિશ અમલમાં યે અખિલ ભારતના ઍકાઉન્ટન્ટ જનરલના પદ પર આરૂઢ થઈને આપ્યું.

¶ ગુજરાતના સૌજન્યપૂર્ણ ગૃહસ્થાશ્રમનો આદર્શ જીવી તેમણે કુટુંબના તેમજ અન્ય યુવાનોને હાથ આપી આગળ વધાર્યા.



ડાબી બાજુ: સ્વ. પોપટલાલ ગોવિંદલાલ શાહ લાહોરમાં હતા ત્યારે. વચ્ચે: ડૉ. જયન્ત યાજ્ઞિક; જમણી બાજુ: રવિશંકર રાવળ; પાછળ ઊભેલા: કલાકાર અબ્દુલ રહમાન છગતાઈ

¶ ગુજરાતમાં વ્યાપક મિત્રમંડળમાં અનન્ય સુહૃદ બની પ્રત્યેકને પોતાના બનાવી પોતે પ્રત્યેકના સન્મિત્ર છેવટ સુધી રહ્યા.

¶ ગુજરાતની પ્રગતિ અને ગુજરાતનું ગૌરવ હમેશાં હૈયે રાખનાર, ગુજરાતની કીર્તિ અને પ્રસિદ્ધિના પુરોધા શ્રી પોપટભાઈ એક વિશાળ કુટુંબના જીવનમાં વત્સલ વડીલ હતા. સ્નેહ, સમભાવ અને સમર્પણ તેમના જીવનમંત્રો હતા. ગુજરાતના એવા પનોતા પુત્રનું, ગઈ ૧૩મી જાન્યુઆરીએ ૮૧ વર્ષની વયે અવસાન થયું. ગુજરાતને હૈયે એમનાં સ્મરણો ચિરંજીવ રહેશે. એમને આપણી શોકાંજલિ હો.

ર. મ. રાવળ

સ્થગિતતા દેખાય છે.

પંજાબી સાહિત્યમાં કવિતા ને ટૂંકી વાર્તાએ વિકાસ કર્યો છે, પણ વિવેચન પાછળ છે.

ગુજરાતી સાહિત્ય વિષે શ્રી જયંતી દલાલે નિરાશાનો સૂર કાઢ્યો; પણ એનાં કારણો તે આપી શક્યા નહિ. એમણે ગુજરાતી શબ્દ 'થશે'ના પ્રયોગ કરીને એવો ધ્વનિ કાઢ્યો કે અહીં એક નિષ્ક્રિયતા પ્રવર્તે છે. સાહિત્યના પ્રકારો પાસે તેઓ બીજું શું કામ કરાવવા માગે છે તે પ્રશ્ન મહત્ત્વનો—અને ચિંતાનો પણ—છે. સ્વાતંત્ર્યોત્તર કાળમાં શુદ્ધ સાહિત્યસર્જનથી ચાતરીને બીજું જ કૈંક નિપજાવવાના પ્રયત્નોનો તોટો નથી. ધનવાળાઓ, રાજકારણીય માણસો અને સુધારકોસૌ, સાહિત્ય પાસે પોતપોતાનું દળણું દળાવવા ટાંપીને બેઠા હોય એ પરિસ્થિતિમાં સાહિત્યકાર પોતાનો અવાજ પોતાની શક્તિ રજૂ કરતો રહે એ ઓછું આશ્વાસક નથી. ખુદ શ્રી દલાલે પોતાનાં નાટકો અને વાર્તાઓમાં એ કર્યું છે, અને એ જ મહત્ત્વનું છે.

('નિરીક્ષક' પરથી) —રમણલાલ જોશી

સ્વ. નાગરદાસ ઈ. પટેલ

ગુજરાતી બાલસાહિત્ય તેની પા પા પગલી ભરી રહ્યું હતું ત્યારના તેના પ્રણેતાઓ તરીકે સર્વશ્રી ગિજુભાઈ,નટવરલાલ વીમાવાળા (હવે માળવી) નાગરદાસ પટેલ ને રમણલાલ ના. શાહનાં નામો સ્મરણે ચડે છે. એ પૈકી, લગભગ ત્રણસો જેટલાં નાનાંમોટાં સચિત્ર અને સોહામણાં પુસ્તકોનું લેખન, સંપાદન અને પ્રકાશન કરી બાળકો, કિશોરો, કુમારો અને નવશિક્ષિતોની સુપથ્ય સાહિત્યદ્વારા વાચનભૂખ સંતોષનાર નાગરદાસ ઈશ્વરદાસ પટેલનું ગઈ તા ૨૩-૨ ૬૯ના રોજ અવસાન થયું.

'શિશુ સદ્‌બોધ' નામે કાવ્યસંગ્રહથી એમણે સાહિત્યક્ષેત્રમાં પ્રવેશ કરેલો. આજે તો તદ્દન અમાપ્ય ને અજ્ઞાત બની ચુકેલા પુસ્તક અલંકાર સાહિત્યની 'નવવલ્લરી'ના સર્જન દ્વારા ૧૯૨૩માં, જીવનની પચ્ચીશીએ પહોંચતાં તેમણે પોતાના સાહિત્યિક સ્વાધ્યાય ને સજ્જતાની સગીન સાબિતી આપી હતી.

૧૯૪૨ થી નોકરીમાંથી નિવૃત્ત થઈ પોતાની રજની પ્રિન્ટરીનું તેમણે સુકાન સંભાળ્યું



અને બાલવિનોદ કાર્યાલય દ્વારા મુદ્રણ તેમજ પ્રકાશન ક્ષેત્રે આગવી ભાત પાડી હતી.

'બાલજીવન' અને ભૂતપૂર્વ 'ચાંદની' જેવાં લોકપ્રિય માસિકોના આ સંપાદકે બિલ્હણના અમર શૃંગારકાવ્ય 'ચૌરપંચાશિકા'નો પ્રાસાદિક સમશ્લોકી અનુવાદ કરી પોતાની કાવ્યશક્તિ અને રસજ્ઞતાની પ્રતીતિ છેક ૧૯૨૬માં કરાવી હતી. એમને આપણી શ્રદ્ધાંજલિ હો.

કલાવાર્તા

વ્રજ મિસ્ત્રી

આ અંકના પૂઠા પર અને અંદરની ચિત્રપ્લેટમાં જેમનાં બે ફોટોચિત્રો રજૂ કર્યાં છે એ ભાઈ વ્રજ મિસ્ત્રી હાલ તો ચિત્રશિક્ષકની તાલીમ લે છે, પણ ફોટોગ્રાફીમાં એમને વધુ રસ છે એ એમની કૃતિઓ જોતાં સમજાશે.

સૌરાષ્ટ્રમાં મોરબી ગામે ઈ. ૧૯૪૬માં એમનો જન્મ; પણ પિતા ઓધવજીભાઈ ધંધાર્થે અમદાવાદમાં વસેલા હોઈ એમને અહીં અભ્યાસકાળમાં યોગ્ય વાતાવરણનો લાભ મળ્યો. કારીગર કોમમાં જન્મેલા હોઈ પોતે ડાર્કરૂમનાં લગભગ બધાં સાધનો જાતે જ બનાવેલાં વાપરે છે. કામમાં પરિપક્વતા આવતાં ફોટો-હરીફાઈમાં ભાગ લેવા માંડ્યો. છએક વાર 'રમકડું'માંથી ઈનામ મેળવીને, ને પછી 'આગ્ફા ફોટો હરીફાઈ'માં આ સાથેના 'પક્ષીયુગલ'ના ચિત્ર માટે ૧૦૦ રૂપિયાનું



ઈનામ મેળવીને એમણે કુટુંબીઓને પોતાની આવડતની પ્રતીતિ કરાવી આપી અને આજે અભ્યાસ ઉપરાંત તેઓ ફોટોગ્રાફીમાંથી થોડું વળતર પણ પ્રાપ્ત કરી લે છે.

પોતાની ચીવટ અને ચપળતાને લીધે કોઈ પણ ચિત્રાત્મક ક્ષણ ઝડપી લેવામાં જેટલી ત્વરા તેઓ દાખવી શકે છે એટલી જ ધીરજ યોગ્ય ચિત્રરચના મેળવવા માટે રાહ જોવામાં પણ તેઓ રાખી શકે છે. આવા ગુણ જીવનમાં સફળતા જરૂર અપાવે. -નટુભાઈ પરીખ

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



શ્રી ગોપાલદાસ નીરજ

જન્મ ૮ ફેબ્રુઆરી' ૧૯૨૬, ઉત્તર પ્રદેશમાં ઈલવાલ જિલ્લાના પુરાઓલી ગામમાં. બચપણથી જ પિતાની છાયા જતાં ગરીબી અને મુશ્કેલી વેઠીને પણ દર વર્ષે પ્રથમ નંબરે પાસ થતા રહી એમ. એ. થયા. અલીગઢની ડી. એસ. કૉલેજમાં તેર વર્ષ પ્રાધ્યાપક. 'લય' નામના ત્રિમાસિકનું સંપાદન. ૨૩ પુસ્તકોના સર્જક, જેમાં ૧૩ તો પદ્યનાં છે. કરુણ રસ પ્રત્યે વધુ રુચિ. ઈ. ૧૯૬૦માં મુંબઈમાં 'સાહિત્યસંગમે' એમને ૫૦૦૦ રૂા. આપી બહુમાન કરેલું. ફિલ્મ માટે પણ તેઓ ગીતો લખે છે. આગ્રામાં 'શ્રી ગાંધી આદર્શ વિદ્યાલય'ના તેઓ વ્યવસ્થાપક છે. સ્વભાવે મસ્ત અને નિજાનંદી કર્મને તેઓ શક્તિ સ્વરૂપે માને છે.

૧ આપ કવિ. આપને મન કાવ્ય એ શું?

ઉ કાવ્ય, એ વિચાર, ભાવ, શબ્દ ને ધ્વનિની સુંદરતમ, ઉચ્ચતમ ને મધુરતમ સંસ્કૃતિ ને સર્જન.

૨ આપના કાવ્યક્ષેત્ર પર પ્રભાવ કોનો કોનો?

ઉ ચારનો : ટાગોરે કાવ્યની સુંદરતમ અભિવ્યક્તિનો પરિચય કરાવ્યો; શેક્સપીઅરે જીવનના અનુભવ, વ્યવહાર ને ડહાપણ શીખવ્યાં; ખલિલ જિબ્રાને કરુણા ને દર્દની અનુભૂતિ કરાવી; કબીરે ભાષાનું 'ફક્કડપણું' પ્રતીત કરાવ્યું.

૩ કાવ્ય રચાય છે શબ્દથી; 'કવિશબ્દ' કોને કહેશો?

ઉ ગદ્યમાં શબ્દના અર્થનું પ્રદાન થાય છે, કાવ્યમાં શબ્દનો આત્મા પ્રગટે છે, મજ્જાવલે છે. કાવ્ય શબ્દના આત્માને અભિવ્યક્ત કરીને શબ્દોની શાદી કરાવે છે. એમાં શબ્દો અન્યોન્યના પ્રેરક ને પૂરક (એના શુદ્ધ અર્થમાં) છે.

૪ આપ સાહિત્યસર્જન કોને કહો છો?

ઉ સર્જન મનની સહજ દશાની નૈસર્ગિક અભિવ્યક્તિ છે. એ 'અયત્ન' છે. જે યત્નથી પ્રાપ્ત થાય એ 'ઉત્પાદન' છે. 'અયત્ન'માંથી સ્વયંભૂ સર્જન પ્રગટે છે. એ છે શુદ્ધ સાહિત્યસર્જન. ગીતા પ્રમાણે એ 'અકર્મ' છે.

૫ હિંદી સાહિત્યની વિશિષ્ટતા દર્શાવશો?

ઉ હિંદી સાહિત્યની સૌથી પ્રમુખ વિશિષ્ટતા એ છે કે એ જીવનને કિનારેથી નહિ, પણ સમુદ્રના અકલ જલમાં ડૂબીને જીવનને પકડે છે. ઉર્દૂ કાવ્યમાં હુસ્ન ને ઈશ્કની રૂપક ચર્ચા છે. હિંદી કાવ્ય પ્રેમની પરાત્પર અવસ્થા દાખવે છે.

૬ પ્રકૃતિનો આપને શોખ ખરો?

ઉ હા; પણ માનવી પ્રકૃતિનો—

બસ યે હી અપરાધ મૈં હર બાર કરતા હૂઁ,
આદમી હૂઁ, આદમી સે પ્યાર કરતા હૂઁ.

આ મારી કવિતાનું મૂળ છે, અંતરધારા છે, ફિલસૂફી છે.

૭ મૃત્યુ સંબંધે આપનું મંતવ્ય?

ઉ આપણે પંચમહાભૂતોના ઋણમાં છીએ. એને અદા કરવું તે મૃત્યુ.

ગોપાલદાસ નીરજ

અમેરિકન પોસ્ટરો

વ્યવસાયી કલાકારોના 'આર્ટિસ' નામના એક આંતરરાષ્ટ્રીય ખ્યાતિવાળા માસિકના અંદાજ મુજબ અમેરિકામાં મહિને લગભગ દસેક લાખ ભીંતપત્રો (પોસ્ટરો) ચિત્રો તરીકે વેચાય છે. આગલી સરખામણીમાં આજકાલ એમાં બહુ મોટો ઉભાર આવેલો જોવા મળે છે. સામાન્યતઃ કોઈ પ્રસંગ કે જલસાની જાહેરાત, કોઈ નવી ચીજવસ્તુની ધંધાદારી રજૂઆત; ને કોઈ સામાજિક હિતના ખબરો વગેરે



જેવાં ક્ષેત્રોમાં આ પોસ્ટરોનાં આલેખનો વહેંચાએલાં રહે છે. એમાં નિયોજાતાં નિત-

નવાં ચિત્રો ને અવનવી શૈલીની રજૂઆતથી લોકો એમાં જાહેર થએલી વસ્તુ પ્રતિ આકર્ષાય છે, એટલું જ નહિ, પણ શોખીનો તો પોતાના ખંડને ખુદ એનાથી શણગારે પણ છે.

આ અંકના મુખચિત્ર સાથે ('યુસિસ'ના સૌજન્યથી) એના ચાર નમૂના આપ્યા છે જેમાં (૧) સાનફ્રાન્સિસ્કોના ફિલમોર સભાગૃહમાં 'રૉક ઍન રોલ' બૅન્ડના જલસાની જાહેરાત છે. અક્ષરોના (તથા અન્ય આકારોના) વિચિત્ર વળાંકો દ્વારા અમુક ચોક્કસ ભ્રમ ઉપજાવતી 'સાઈકેડેલિક' શૈલીમાં એનું આલેખન થયું છે (૨) ફિલાડેલ્ફિયાની ટેમ્પલ યુનિ.ના ઍમ્બલર સંગીત મહોત્સવની જાહેરાત કરતા આ પોસ્ટરમાં (પશ્ચિમી) સંગીતની મોટી સંજ્ઞા સાથે પુષ્પને સાંકળી લઈને એ મનોરંજક ઉજવણીનો ભાવ દર્શાવ્યો છે. (૩) આકાર અને રંગછાયાની હેરફેરથી કેટલેક અંશે તદ્રાજનક અસર પાડતી 'ઑપઆર્ટ'નો એક નમૂનો. અને (૪) શિકાગોના પ્રાણીસંગ્રહાલયનું પોસ્ટર, જેની સાદગીનો પ્રભાવ જ ચિત્રવિષયની રજૂઆત માટે પર્યાપ્ત છે.

કુમાર-ચન્દ્રક અને અન્ય વાર્ષિક પારિતોષિકો



ઈ. સ. ૧૯૪૩માં આ પત્રના આદ્ય સ્થાપક શ્રી રવિશંકર રાવળે લિમિટેડ કંપનીને 'કુમાર' સોંપી નિવૃત્તિ લીધી એ વખતે 'કુમાર'ના જૂના ચાહક અને મિત્ર શ્રી યશવંત પંડ્યાએ, કંપનીના ૧૦ શેર લઈને આ નવા આયોજનમાં આર્થિક ભાગીદારી જોડવાને બદલે 'કુમાર' દ્વારા નવા સાહિત્યસર્જકો ઉત્તેજાય એવી ઉદાત્ત ભાવનાથી 'કુમાર'ના નામનો એક રૌપ્ય ચન્દ્રક સ્થાપવા માટે પોતાનો એ નમ્ર ફાળો (રૂ ૨૦૦) અમને સોંપ્યો. (એમણે તો આ આયોજન માટે પોતાનું નામ પણ જાહેર નહિ કરવા સૂચવેલું.) તેમાંથી થોડાં વર્ષ સુધી એ ચન્દ્રક અપાતો રહ્યો. ને પછી એમના અવસાન બાદ પણ 'કુમારે' એ પ્રથા ચાલુ રાખી. આજ સુધીમાં એ ચન્દ્રક કયા કયા વિષયો માટે કોને કોને અપાયો છે તેની વર્ષ વાર યાદી આ નીચે આપી છે. એ ચન્દ્રકના અનુસંધાનમાં, પછી તો, 'કુમાર'-ચાહકો તરફથી બીજાં પણ બેત્રણ પારિતોષકો માટે રકમ અમને સોંપાઈ છે, જે વર્ષોવર્ષ જાહેર થતાં રહ્યાં છે.

૧) ઈ. ૧૯૪૪ ડૉ. હરિપ્રસાદ દેસાઈ 'રસદર્શન' લેખમાળા માટે
૨) ઈ. ૧૯૪૫ પુષ્કર ચંદરવાકર .... 'પિયરનો પડોશી' નાટિકા માટે
૩) ઈ. ૧૯૪૬ યશોધર મહેતા ..... 'રણછોડલાલ' નાટિકા માટે
૪) ઈ. ૧૯૪૭ રાજેન્દ્ર શાહ ..... વર્ષ દરમ્યાન પ્રકટ થએલાં એમનાં કાવ્યો માટે
૫) ઈ. ૧૯૪૮ બાલમુકુન્દ દવે..... ,, ,, ,, ,, ,, ,, ,,
૬) ઈ. ૧૯૪૯ નિરંજન ભગત ..... ,, ,, ,, ,, ,, ,, ,,
૭) ઈ. ૧૯૫૦ ('બાંધગઠરિયાં' માટે શ્રી ચંદ્રવદન મહેતાને આપવો ઠરેલો આ વર્ષનો ચંદ્રક તેમણે સ્વીકારેલો નહિ હોવાથી) વાસુદેવ ભટ્ટને 'આપણી રમતો'ની લેખમાળા માટે
૮) ઈ. ૧૯૫૧ બકુલ ત્રિપાઠી એમના હળવા નિબંધો—'નિર્બંધિકાઓ—માટે
૯) ઈ ૧૯૫૨ શિવકુમાર જોષી એમની નાટિકાઓ માટે
૧૦) ઈ. ૧૯૫૩ અશોક હર્ષ એમના ચરિત્રલેખો માટે
૧૧) ઈ. ૧૯૫૪ ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી 'કાયાની કરામત' નામની લેખમાળા માટે
૧૨) ઈ. ૧૯૫૫ ઉમાકાંત પ્રે. શાહ 'ગુજરાતનાં પ્રાચીન શિલ્પો'ની લેખમાળા માટે
૧૩) ઈ. ૧૯૫૬ 'સુકાની'–ચંદ્રશંકર બુચ એમની 'દેવો ધાધલ' ચાલુ નવલકથા માટે
૧૪) ઈ. ૧૯૫૭ જયન્ત પાઠક વર્ષ દરમ્યાન પ્રકટ થએલાં એમનાં કાવ્યો માટે
૧૫) ઈ. ૧૯૫૮ હેમન્ત દેસાઈ ,, ,, ,, ,, ,, ,, ,,
૧૬) ઈ. ૧૯૫૯ 'ઉશનસ્'—ન. કુ. પંડ્યા ,, ,, ,, ,, ,, ,, ,,
૧૭) ઈ. ૧૯૬૦ નવનીત પારેખ 'અગસ્ત્યને પગલે પગલે' નામક પ્રવાસલેખો માટે
૧૮) ઈ. ૧૯૬૧ સુનીલ કોઠારી એમણે કરાવેલા કલાપરિચયો તથા વિવેચનો માટે
૧૯) ઈ. ૧૯૬૨ લાભશંકર ઠાકર વર્ષ દરમ્યાન પ્રકટ થએલાં એમનાં કાવ્યો માટે
૨૦) ઈ. ૧૯૬૩ પ્રિયકાન્ત મણિયાર ,, ,, ,, ,, ,, ,, ,,
૨૧) ઈ. ૧૯૬૪ ચન્દ્રકાન્ત શેઠ ,, ,, ,, ,, ,, ,, ,,
૨૨) ઈ. ૧૯૬૫ રઘુવીર ચૌધરી ,, ,, ,, ,, ,, ,, ,,
૨૩) ઈ. ૧૯૬૬ ફાધર વાલેસ 'વ્યક્તિઘડતર'ની પ્રેરક-પ્રબોધક લેખમાળા માટે
૨૪) ઈ. ૧૯૬૭ હરિકૃષ્ણ પાઠક વર્ષ દરમ્યાન પ્રકટ થએલાં એમનાં કાવ્યો માટે
૨૫) ઈ. ૧૯૬૮ ગુલાબદાસ બ્રોકર એમની પ્રવાસમાળા 'નવા ગગનની નીચે' માટે

ઈ. સ. ૧૯૬૮ની
'કુમાર'માંની શ્રેષ્ઠ કૃતિઓ માટે

કુમાર-ચન્દ્રક



શ્રી ગુલાબદાસ બ્રોકરને
'નવા ગગનની નીચે'
લેખમાળા માટે
નિર્ણાયકો: સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી
અનંતરાય રાવળ અને યશવન્ત શુક્લ

'કુમાર' તરફથી રૂ. ૩૦
શ્રેષ્ઠ નવલિકા યા નાટિકા માટેનું
'સત્યના પ્રયોગો'
નાટિકા માટે પ્રો. સુરેશ શાહીને
નિર્ણાયકો: શ્રી અનંતરાય રાવળ અને
'કુમાર'ના તંત્રી

'એક લેખક' તરફથી રૂ. ૩૦
'આ પારણે પાછી જડી'
કાવ્યકૃતિ માટે શ્રી ભાનુપ્રસાદ પંડ્યાને
નિર્ણાયકો: સર્વશ્રી ડોલરરાય માંકડ
ગૌરીપ્રસાદ ઝાલા અને રમણલાલ શાહ

'એક લેખક' તરફથી રૂ. ૩૦
શ્રી સુનીલ કોઠારીને
શ્રેષ્ઠ ગદ્યલખાણ તરીકે
ભારતીય નૃત્યોની લેખમાળા માટે
નિર્ણાયક: ડૉ. રમણલાલ શાહ

અગ્રગણ્ય અખબારો

દુનિયાનાં મોટા ભાગનાં વર્તમાનપત્રો 'કાદવ ઉડાડતાં, ઉપરછલ્લાં વિચારહીન અને છીછરાં' હોઈ વાચકોને 'તુચ્છ વૈવિધ્યનો ખીચડો જ પીરસે છે' એવી આકરી ટીકા કરીને અમેરિકાની મિસૂરી યુનિવર્સિટીના પત્રકારત્વના પ્રાધ્યાપક જ્હૉન સી. મેરિલ દુનિયાનાં વર્તમાનપત્રોને લગતા પોતાના પુસ્તક 'ધી ઈલાઈટ પ્રેસ'માં ઉમેરે છે કે, 'ગંભીર અને વિચારપૂર્વક ચાલતાં પત્રો વિવિધ દષ્ટિબિંદુ સાથે ધીરેધીરે વિકાસ પણ સાધી રહ્યાં છે' આવાં પત્રોને એમણે 'ચુનંદાં' અખબારો તરીકે ઓળખાવ્યાં છે. ઉત્તમ અખબારોની નામાવલિથી જ ન અટકતાં એણે પોતાના પુસ્તકમાં એ અગ્રગણ્ય પત્રો પછી ઊતરતા ક્રમમાં બીજાં સોએક અખબારોનો (૧૦+૨૦+૩૦+૪૦) ઉલ્લેખ પણ કર્યો છે.

મેરિલ ૪૪ની વયના ને આયોવા યુનિ૦ના 'માસ કૉમ્યુનિકેશન'-ના વિષયના પીએચ. ડી. છે. સતત ત્રણ વર્ષ સુધી પરદેશી અખબારો-ના અભ્યાસ અને દેશનાં અનેક વર્તમાનપત્રોનાં દફતરોની મુલાકાત પછી પોતે તારવેલાં ચુનંદાં પત્રોને એમણે 'કાળજીવાળાં પત્રો, જ્ઞાનદાયક પત્રો, ગંભીર પત્રો અને બધા દેશના વિચારવંત અગ્રણીઓ જેમને ગણનામાં લે તેવાં પત્રો'માં વિભાજિત કર્યા છે. ઉપરાંત ચાળીસેકનો પરિચય પણ આપ્યો છે. એમાં 'ચુનંદાં અગ્રગણ્ય' તરીકે તો દસ જ ગણાવ્યાં છે. એ પછીની બીજી કક્ષામાં ૨૦, ત્રીજીમાં ૩૦ અને પછીનાં ૪૦ને 'ચુનંદાં' નહિ, પણ એની નજીકનાં પત્રો ગણાવ્યાં છે. એના મત પ્રમાણેનાં દુનિયાનાં પ્રથમ દસ વર્તમાન પત્રો આ પ્રમાણે છે:



ન્યૂ યૉર્ક ટાઈમ્સ: ગુમાની લાગે એટલું આખાબોલું, સૌને કદાચ ન ગમતું, છતાં જેની ઉપેક્ષા પણ ન થઇ શકે એટલું પ્રભાવક. વૃત્ત અને વિચારને બહોળું ક્ષેત્ર આપે છે. સંપૂર્ણતા એ એનો મુખ્ય ગુણ. અમેરિકન પત્રકારત્વના માપદંડ સમું, બધાં જ અગ્રિમ વર્તુળોમાં જતું પત્ર.

ન્યૂ ઝૂર્ખેર ઝાઇટુંગ: (ઝૂરિખ) તટસ્થ અને સ્વાતંત્ર્યપ્રેમી સ્વિટ્ઝર્લૅાડનું સૌથી અનોખું, ગંભીર, જવાબદાર અને ઠરી બૌદ્ધિક દષ્ટિથી જગતને જોતું સર્વદેશીય પત્ર.

લ મૉન્દ (પારી): સૌથી બુદ્ધિકઠોર, લેશમાત્ર નમતું ન મૂકતું, દુનિયાનાં વહેણો પરથી અફર અર્થઘટન અને ગણતરીપૂર્વકની આગાહી આપી શકતું, સર્વ ક્ષેત્રોમાં પોતાના અભિપ્રાયનું વજન ધરાવતું. ઠંડું, ધીટ અને કાંઈક ડાબેરી વલણનું ફ્રેંચ પત્ર.

ધ ગાર્ડિયન (માંચેસ્ટર/લંડન): નાફેરવાદી સ્થિતિચુસ્ત બ્રિટિશ માનસને પલટો આપનારું, પ્રગતિવાદી, ઉદારમતવાદી, જાણકાર બુદ્ધિવંતોનું માહિતીપૂર્ણ પત્ર. રાજકીય તેમજ અન્ય ક્ષેત્રો પરત્વેના એના વિચાર અને વિવેચન સમતોલ અને વજનદાર લેખાય છે.

ધ ટાઇમ્સ (લંડન): દૈનિકોનો વિચાર કરતાં જેનું નામ પ્રથમ યાદ આવે એટલું પ્રતિષ્ઠિત; સ્વસ્થ, સુસંપાદિત, ગરવું અને વિવેકી; સ્પષ્ટ, સુશ્લિષ્ટ અને સુંદર લખાવટ માટે જાણીતું.

પ્રાવદા (મૉસ્કો): સામ્યવાદી પક્ષનીતિનું રક્ષક રહીને જાહેર જીવનના બધા જ પ્રશ્નો છાણતું સોવિયેત સંઘમાં—કદાચ દુનિયામાં—નિઃશંકપણે સૌથી ઠંડું, વ્યવહારુ ને વગદાર, ધ્યેયચુસ્ત અને પ્રચારક પત્ર, જેને અન્ય માધ્યમો અનુસરે છે.

જેન-મિન જિહ-પાઓ (પીકિંગ): સત્તાધારીઓના હથિયાર તરીકે કોઈ વાર અતિશયોક્ત, અર્ધસત્ય કે હડહડતાં જુઠાણાં નિઃસંકોચ ફેલાવતું અને અખબાર કરતાં વધુ તો સરકારી બુલેટિન તરીકે ચાલતું હોઇ આ પત્ર દુનિયાભરમાં વધુમાં વધુ ફેલાવો ધરાવે છે!

બોરબા (બેલગ્રેડ): અન્ય સામ્યવાદી પત્રો કરતાં ઉચ્ચ ટીકાત્મક, બુદ્ધિશીલ અને વૈવિધ્યસભર હોઇ, નાગરિકોના રોજિંદા પ્રશ્નોને જીવતપણે છાણતા યુગોસ્લાવિયાના આ પત્રનું વિદેશ ખાતેના પ્રતિનિધિઓનું જૂથ કદાચ પૂર્વ યુરોપમાં શ્રેષ્ઠ છે.

લ'ઑઝરવેટોર રોમાનો (વૅટિકન સિટી): નામદાર પોપના વિચારોનું પ્રતિબિંબ પાડતું અને મુદ્રિત અભિપ્રાય તથા ઇતિહાસદષ્ટિ સાથે વૃત્ત વિવેચન કરતું પત્ર-જેનો ફેલાવો માત્ર ૭૦,૦૦૦નો હોવા છતાં ક્રેમલિન અને દ ગૉલ જેવા ભિન્ન મતવાળા વાચકો ધરાવે છે.

એ.બી.સી. (માદ્રિદ): સરમુખત્યારી રાજ્યના સખત છાપાં-કાયદા વેઠીને પણ સ્પેઈનના પત્રકારત્વની રૂખ સ્થાપનાર, સઘન ને ચોક્કસ આ પત્ર તમતમતાં રાજકીય લખાણોની ખોટ ઉચ્ચગ્રાહી લેખો તથા ચિત્રો સાથે ખૂબીપૂર્વકની અર્થગર્ભ ટીકાઓ દ્વારા પૂરવામાં ગજબની ચતુરાઈ ને હિંમત દાખવે છે. સાહિત્ય, કલા, સંગીત, ફિલસૂફી આદિ પણ ચર્ચે છે. (ટાઈમ)

ટિકિટસંગ્રહ

આ વર્ષે આવતી કેટલીક ખાસ તિથિઓ નિમિત્તે બ્રિટન પ્રસંગાનુરૂપ સૂચક આલેખનોવાળી આ (જમણી બાજુની) ખાસ ટિકિટો બહાર પાડશે. એમાં ઉપરથી અનુક્રમે પહેલી ટિકિટ આલ્કૉક અને બ્રાઉનની જોડીએ ઍટલાંટિક પાર જે પ્રથમ વણથંભ ઉડ્ડયન કરેલું એની સુવર્ણજયંતીની છે. બીજી ટિકિટ યુરોપની તાર ટપાલ કૉન્ફરન્સની ૧૦મી જયંતી નિમિત્તની; ત્રીજી આંતરરાષ્ટ્રીય કામદાર સંઘની અર્ધશતાબ્દીની, ચોથી 'નાટો' કરારની ૨૦મી જયંતીની અને પાંચમી ઇંગ્લંડ-ઑસ્ટ્રેલિયા વચ્ચેના પ્રથમ હવાઈ ઉડ્ડયનની સુવર્ણ-જયંતીની છે. અગાઉની કૉન્કૉર્ડના પ્રથમ ઉડ્ડયનની ટિકિટમાં પરરાષ્ટ્ર-ફ્રાંસનો ધ્વજ આપ્યા પછી નાટોની જયંતીની આ બ્રિટિશ ટિકિટ પર એક-સાથે ૧૫ રાષ્ટ્રધ્વજો આવી રહ્યા છે જેમાં તુર્કીનો ચાંદતારાવાળો ધ્વજ વધુ ધ્યાન ખેંચે છે. ¶ ગાંધી જન્મશતાબ્દી નિમિત્તે બ્રિટન ખાસ ટિકિટ બહાર પાડશે કે નહિ એવા એક સાપ્તાહિક-'સ્ટૅમ્પ વીકલી'ના જાહેર પ્રશ્નના જવાબ રૂપે જાન્યુઆરીમાં આમસભામાં બ્રિટનના પોસ્ટ માસ્ટર જનરલે એ પ્રકટ કરવાની જાહેરાત કરી છે. આ ટિકિટનાં ડિઝાઈન માટે, બ્રિટનની નાતાલની સુંદર ટિકિટોનાં આલેખક શ્રીમતી રોઝલિન ડીઝી તથા (એમના ભૂતપૂર્વ પતિ) ડેવિડ જેન્ટલમૅન સાથે જે પાંચ કલાકારો આમંત્રાયાં છે એમાં છેલ્લાં આઠ વર્ષથી બ્રિટનમાં વસેલા કલકત્તાના શ્રી બિમલ મલ્લિકનો પણ સમાવેશ થાય છે એ આપણા માટે ગૌરવપ્રેરક ગણી શકાય. આ ટિકિટો કેવી અને ક્યારે બહાર પડશે એ નિશ્ચિત નથી, પણ સંભવ છે કે ભારતના આગામી સ્વાતંત્ર્યદિન નિમિત્તે એ આપણને પહોંચી શકે એટલી વહેલી, કદાચ ૧૩ ઑગસ્ટ ને બુધવારે એ બહાર પડે. નવી ટિકિટો માટે બ્રિટનનું ટપાલખાતું બહુધા બુધવાર પર જ પસંદગી ઉતારે છે.



ગયા ડિસેમ્બરમાં ભારતે કોચીનના સીનેગૉગ (યહૂદી દેવળ)ની ચોથી શતાબ્દી નિમિત્તે જેમ એક ખાસ ટિકિટ બહાર પાડેલી તેમ સુરિનામે પણ પોતાના પાટનગર પૅરામારિબોમાંના એક ૧૭મી સદીના સીનેગૉગના પુનરુદ્ધારની યાદમાં આ ત્રણ ખાસ ટિકિટો બહાર પાડી છે. બ્રાઝિલથી ધાર્મિક હેરાનગતિને લીધે નેધરલૅન્ડઝ જઈ વસેલા યહૂદીઓ ફરી અહીં-દ. અમેરિકાની ઉત્તરે અગાઉના 'ડચ ગીની'માં આવી વસેલા ત્યારનું એમનું આ દેવળ ઈ. ૧૮૩૨-માં આગમાં તારાજ થઈ ગએલું. એ પછી આજ સુધી એમની વસાહત, આ દેવળ અને કબ્રસ્તાનનાં ખંડેરો આસપાસ ઊગેલી ઝાડીમાં અટવાઈ પડેલાં, જેનો હમણાં પુનરુદ્ધાર થયો છે.



બ્રિટનની પાંચ આગામી ટિકિટોનાં આ ચિત્રો તથા વિગત લંડન-થી શ્રી રમણિકલાલ સોલંકીએ ખાસ 'કુમાર' માટે મોકલ્યા છે.



પચ્ચીસ વર્ષ પહેલાં

ફેબ્રુઆરી ૧૯૪૪ અંક ૨૪૨

ભાવિ ગુજરાતના એક ઉપયોગી કાર્યકર નીવડી શકે તેવા તેજસ્વી જુવાન અને આશાસ્પદ કવિ ભાઈ ગોવિન્દ સ્વામીનું આજથી પચ્ચીસ વર્ષ પહેલાં ૧૯૪૪ની ૫મી માર્ચે માત્ર ત્રેવીસ વર્ષની વયે અકાળે અવસાન થયું. આજની પેઢી માટે એમનો પરિચય:

ઈ. સ. ૧૯૨૧ના એપ્રિલની ૬ઠ્ઠી તારીખે અમદાવાદમાં એમનો જન્મ. અભ્યાસકાળથી જ એ તેજસ્વી હતા, અને પચ્ચીસીને ઉંબરે પણ નહોતા પહોંચ્યા ત્યાં સુધીના પોતાના ટૂંકા જીવનને એમણે ધ્યેયશીલતાની કસોટીએ ચડાવી દીધું હતું.

શાળાજીવન દરમ્યાન જ એમને રાષ્ટ્રભક્તિની દીક્ષા મળેલી. શાળાનું શિક્ષણ પૂરું કર્યું એટલામાં આજુબાજુનાં ગામડાંઓમાં કિસાન વસતિમાં કામ કરવાની હાકલે એમને આકર્ષ્યા અને અમદાવાદના કૉંગ્રેસ સમાજવાદી પક્ષના સંપર્કમાં આવી સક્રિય સેવાકાર્યની દિશામાં એમણે પગલાં માંડયાં.

ત્યાર પછી એ પાટણની આયુર્વેદ કૉલેજમાં જોડાયા. ત્યાં એમના સમવયસ્ક યુવાન કવિ પ્રજારામ રાવળ સાથે ગાઢ મિત્રતા જામી અને તેમના સહકારમાં પાટણના વિદ્યાર્થીઓની સાંસ્કારિક તથા પ્રાગતિક પ્રવૃત્તિઓના નેતા અને મંત્રી બન્યા. એમનો સાહિત્યસંપર્ક ને કવિતાલેખનનો વિકાસ ત્યારે થયો. ૧૯૪૧માં જાપાની સૈન્ય બ્રહ્મદેશની સરહદે આવી પહોંચ્યું ત્યારે પંજાબ વિદ્યાર્થી સંઘે ખોલેલી ગેરીલા યુદ્ધની તાલીમછાવણીમાં ગુજરાતના દસેક વિદ્યાર્થીમાં ગોવિંદ સ્વામી પણ હતા.

પાટણમાં આયુર્વેદનો અભ્યાસ પૂરો કરી એમણે થોડો વખત વડોદરામાં દવાખાનું ચલાવેલું; રાષ્ટ્રકાર્ય તો સાથોસાથ ચાલતું જ હતું; અને બીજી બાજુ સાહિત્યવિકાસ પણ ઉત્તરોત્તર વધતો જતો હતો. ૧૯૩૯માં મહાયુદ્ધ શરૂ થયું એ વખતે એમના પ્રાણે ઉદ્રેક અનુભવ્યો, અને એમણે બે લાંબાં યુદ્ધકાવ્યો લખ્યાં. સાથે 'ફાલ્ગુની' ત્રૈમાસિકનું સંપાદન પણ હાથ લીધેલું તે પછી અમદાવાદમાં દવાખાનું ખોલ્યું અને પોતાની સહૃદયતા તથા સેવાવૃત્તિથી ખૂબ લોકપ્રિય થયા. એ લોકહિતાર્થ દવાખાના ઉપરાંત કાળુપુરની સહકારી પ્રવૃત્તિના તે પ્રમુખ હતા. એવા પ્રાણવાન યુવાનને કાળે ઊગતા ચૂંટી લીધા.

સાહિત્ય, કલા, કુદરત આદિના સંપર્કથી જીવનમાં લાધેલા જે રસાનુભવોએ પોતાને સૌન્દર્યલોકમાં પ્રવેશ કરાવ્યો તેનાં સંસ્મરણો ડૉ. હરિપ્રસાદ વ્ર. દેસાઈએ 'રસદર્શન' મથાળા નીચે શરૂ કરેલાં. તેની થોડી વાનગી:

ન્યૂ ઇંગ્લિશ સ્કૂલમાં હું અંગ્રેજી છઠ્ઠે ધોરણમાં હતો ત્યારે કવિતામાં અમારે ગોલ્ડસ્મિથની 'ટ્રાવેલર' કવિતા ચાલતી. એ 'ટ્રાવેલર' (મુસાફર) કાવ્યનું થોડુંક ભાષાન્તર ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'માં આપેલું છે. એ ભાષાન્તર સાથે વંચાવીને માસ્તરે અમને એ કાવ્યમાં અને ગોલ્ડસ્મિથના બીજા કાવ્ય 'ડેઝર્ટેડ વિલેજ' (ઉજ્જડ ગામ)માં બહુ રસ લગાડયો:

'ઘર તજી ભમું હું દૂર, સ્વજનહિન,
ઉર ભરાઈ આવે.
નહિ ચરણ ઊપડે હુંથી શોકને માર્યે.
ધીમીધીમી 'શેલ્ટ' વહી જતી, 'પો' નદી છંદે,
ભમી ભમી મૂક્યા વિશ્વાસ ત્યાં જ મન મંદે.'

ડાકોર પાસેનું અમારું બ્રહ્મક્ષત્રિયોનું મૂળ અલીણા ગામ છોડીને અમે બધા શહેરી જીવનના મોહથી તેમજ પુરુષાર્થ ખેડવા અમદાવાદ નાસી આવ્યા તેથી તે ઉજ્જડ થએલું મેં જાતે જોયું હતું, એટલે 'ડેઝર્ટેડ વિલેજ'ની છાપ હું આબાદ મનાગત કરી શકયો.

મારા પિતાજીને ગામ-પરગામ બદલીઓ બહુ થતી હોઈ અમે સંજોગવિજોગનાં સુખદુઃખ પણ વેઠેલાં. ગોલ્ડસ્મિથની કવિતામાં માસ્તરે મને એવો તો રસ લગાડયો કે ત્યારથી જીવનની ઊંડી ભાવનાઓ માટેનું સંવેદન મારામાં જાગૃત થયું. એટલું જ નહિ પણ બીજી બાજુ સૃષ્ટિસૌન્દર્ય પણ જોતાં આવડયું.

એક વાર હું વડોદરાનો લક્ષ્મીવિલાસ મહેલ જોવા ગએલો. ત્યાં રાજા રવિવર્માનું એક મહાન ચિત્ર મેં જોયું: માતા પૃથ્વી, પાછળથી પોતાની દુઃખી દીકરી સીતાને છાતી સરખી દબાવીને પોતાને ઘેર—ભૂમિના અંતરાળમાં લઇ જતાં હતાં. રામ, લક્ષ્મણ, લવ, કુશ અને વસિષ્ઠ-વિશ્વામિત્ર વગેરે આ કરુણ દૃશ્ય ભયચકિત થઈને જોઈ રહ્યા હતા. મારા હૃદયને હલાવી નાખનારું એ પહેલું ચિત્ર.

ચાળીસ વર્ષ પર અજમેર ગએલો ત્યારે સ્ટેશન પર ગુલમહોરનાં વૃક્ષો એટલાં બધાં જોયાં કે મરુભૂમિની તમામ શુષ્કતાનું દુઃખ હું ત્યાં વિસરી ગયો, અને ત્યાં ને ત્યાં ભગવાનની પ્રાર્થના કરી કે મને બીજું કંઈ ન આપવું હોય તો ન આપીશ. પણ ગુલમહોરનાં ઝાડ તો આપજે જ! તે પછી ૨૩-૨૪ વર્ષે ભગવાને મારી એ પ્રાર્થના સાંભળી અને આજે મારા ઘર પાસે બે મોટાં ગુલમહોર ઝૂકી રહ્યાં છે. એના ઉપર કોયલ, બુલબુલ, દેવચકલી વગેરે મીઠાં પક્ષીઓ આવે છે અને ગ્રીષ્મ બેસતાં જ્યારે બધે સૂકવણાં પડે છે ત્યારે લીલાં ઝીણાં પાન અને લાલચટ્ટક ગુલમહોરના ગુચ્છેગુચ્છા આંખને તૃપ્તિ આપે છે.

મારા પિતાજીની બદલી સૂરત થઈ ત્યારે એ સુઘડ, સંસ્કારપૂર્ણ અને રળિયામણા શહેરમાં અમને રહેવાનું મળવાથી મને આનંદ થયો હતો. મુખ્ય રસ્તા પર એક ફોટોગ્રાફરની દુકાન હતી. દુકાનને ઓટલે અને દાદર પર એણે સુવસ્ત્રધારિણી સુન્દર સ્ત્રીઓની ઘણી ઘણી જાતની છબિઓ ગોઠવીને મૂકી હતી. વારંવાર એ છબિઓ જોવા હું જતો, અને બહુ વાર એ સ્વરૂપો જોયા કરતો. જણાવવાની જરૂર છે કે એ નિરીક્ષણમાં સ્હેજ પણ વિકારની દૃષ્ટિ નહોતી. જેવા તાપીકિનારા પરના સંધ્યાના રંગો જોવા ગમતા, જેવાં રાણીના બાગનાં ફૂલો મોહક લાગતાં, અને પછીનાં વર્ષોમાં એ જ સૂરતના રઝાક બૅન્ડ જેવા સંગીતનો આનંદ આપેલો, તેવા જ ભાવસૌન્દર્યની કોઇ અજબ પ્રાપ્તિની લાગણીઓથી હું પેલી છબિઓ જોતો.

કવિશ્રી નાનાલાલને ત્યાં એમની પુત્રીનો લગ્નપ્રસંગ હતો. સ્વ. મણિશંકર ભટ્ટ-'કાન્ત', કરુણાશંકર માસ્તર અને એમની મંડળી, તથા લલિતજી વગેરે તે વખતે આવ્યા હતા. કવિ દલપતરામ જે ઘરમાં રહેતા તે જ એ ઘર હતું. ત્યાં લલિતજીએ બંને દિવસ મંજીરાં સાથે

'એક જ્વાલ જલે તુજ નેનનમાં,
રસજ્યોત નિહાળી નમું હું નમું.'

એ નાનાલાલનું ગીત બહુ જ ભાવપૂર્ણરીતે ગાયું હતું અને એના એકેએક અર્થ રસોલ્લાસથી ભરી દીધો હતો. એમાં યે જ્યારે

'તુજ નેનમાં મોર ચકોર હતા'


આવ્યું ત્યારે તો મારા પત્નીપ્રેમમાં અદ્ભુત પ્રફુલ્લતા આવી ગઈ જે સદાકાળ રહી.

વાવનું કપિલેશ્વર શિવાલય

ડૉ. હરિલાલ ગૌદાની અને મધુસૂદન ઢાંકી

રાજસ્થાનની હદને અડીને આવેલો ઉત્તર ગુજરાતનો ઈશાન ખૂણો આજે ટાઢા પડી ગએલા તારા જેવો નિસ્તેજ દેખાય છે. એ તરફ પુરાન્વેષકો અને ગામડાંના વેપારીઓ સિવાય ભાગ્યે જ કોઈ સંચરવા ઇચ્છે. એવો કોઈ ખાસ આકર્ષણનો મધપૂડો ત્યાં નથી. પણ સોલંકી કાળ, અને એથી યે આગળ પ્રતિહાર યુગમાં એ પ્રદેશ મરુમંડલમાં પ્રવેશવાનું મહાદ્વાર ગણાતો; અને એ કારણે ત્યાંના નિવાસીઓ એ દિશાનું ગુજરાત તરફથી સંત્રીપણું સાચવતા. એનું મહત્વનું કેન્દ્ર હતું થારાપદ્ર. જૈન પ્રબંધકારોએ એના અતીતની અસ્મિતાનાં સુસ્મરણો જાળવી રાખ્યાં છે. આઠમા શતકના મધ્ય ભાગે અહીં વટેસર સૂરિએ થારાપદ્ર ગચ્છની સ્થાપના કરેલી. એ યુગમાં અહીં યુગાદિદેવના પ્રસાદનું નિર્માણ થએલું. તે પછી સોલંકી યુગના મધ્યાહ્ન સમયે ગુર્જરેશ્વર કુમારપાળે અહીં કુમારવિહાર બંધાવેલો, અને મંત્રીશ્વર તેજપાળે (જિનહર્ષના શબ્દોમાં કહીએ તો) 'કુમારવિહારના સહોદર સમું નવીન જિનાલય' પોતાની પત્ની અનુપમાદેવીના શ્રેયાર્થે રચાવેલું.

આ થરાપદ્ર (હાલનું થરાદ) વિધર્મીઓના વારંવાર આક્રમણથી પરાસ્ત બનેલું. ખરી પડેલાં પીળાં લુમખઝુમખ ફૂલ પછીના ઠૂંઠા ગરમાળા જેવી એની કાયા ભૂતકાળની યશોગાથાનાં સ્મારકોથી અળગી થઈ ચૂકી છે. આ ભૂમિમાં પ્રગટેલી કલાનુભૂતિની સ્પર્શના હવે તો આજુબાજુનાં ગામોમાં જે કંઈ ખૂણેખાંચરે રહી બચી ગયું હોય તે પરથી જ કરવાની રહી. થોડાં વર્ષો પહેલાં આ પંથકના વડવાલ ગામમાંથી ગુજરાતના યુવાન સર્વેક્ષક અને સંશોધક શ્રી રતન પરીખને વીરેશ્વર સહિતનો સપ્તમાતૃકાઓનો આઠમા શતકની મહાગુર્જર શૈલી અનુસરતો આરસી પ્રતિમાઓનો બેનમૂન સંગ્રહ હાથ લાગેલો. એ દ્વારા આ પ્રદેશની કલાભિધા પરિચય પામી. પશ્ચિમ ભારતનો કલાકોશ આ બહુમૂલ્ય રત્નોથી વિશેષ સમૃદ્ધ તો બન્યો, પણ આઠમા શતક બાદ, અને કુમારવિહારની રચના પહેલાં કલાસંસ્કાર-પ્રવાહે કેવો વળાંક લીધો હશે એનું માપન અશતઃ પણ થઈ શકે એવું એક પણ સ્મારક નજરે ચડતું નહોતું. થોડાં વર્ષો પહેલાં થરાદની લગોલગ આવેલા વાવ ગામ પાસે આખરે એ જડ્યું. એ હતું અહીં ચર્ચવા




(ચિત્ર ૧) વાવના કપિલેશ્વર શિવાલયનો મંડોવર, જેમાં દેવમંદિરના સ્થાપત્યના વિવિધ ભાગોનાં નામ પણ દર્શાવ્યાં છે.

ધારેલું, આ લેખના પ્રથમ લેખકે નિરીક્ષા કરેલું કપિલેશ્વર મહાદેવનું મંદિર ખંડિત, ત્રુટિત અંગવિચ્છિન્ન હોવા છતાં, અલંકારની કંઈક આછપ ઝાંખપ તેમજ અંગઉપાંગોમાં ગ્રામિણતાની છાયાથી કટાણું લાગવા છતાં, અને એમાં કંઈ અધૂરું રહી ગયું હોય તેમ પુનરુદ્ધારને પ્રતાપે ટેભા મારેલા જરી ગએલા જૂના કિનખાબ સમું આ મંદિર કલા ઇતિહાસમાં તો ઊંચી મૂલ્યવત્તા ધરાવે છે. પ્રતિમાવિધાનશાસ્ત્રના પૂજકોને પણ કેટલાંક વિરલ લક્ષણો ધરાવતી અહીંની મૂર્તિઓ પર પિંજણ કરવી ગમે તેમ છે. શુદ્ધ કલાનું તત્ત્વ પણ અહીં ગેરહાજર નથી; એનો ઉદ્રેક રૂંધાયો છે એટલું જ.

મંદિર પૂર્વાભિમુખ છે. મંડપ તેમજ શિખર નષ્ટ થઇ ચૂક્યાં છે. પીઠ હશે તો દટાયેલું છે. મંડોવરની વેદીબંધના ઉપાંગો નિરાલંકૃત રાખ્યા છે. પણ જંઘાઓ પર પ્રતિમાઓનો તમરાટ અને સાથે જ ભરચકતા વરતાય છે. મૂળ બાંધકામમાં આવી ગિરદી નહોતી. પંદરમી શતાબ્દીના સવાઈશાણા જીર્ણોદ્ધારકોએ મૂળ પ્રાસાદને વિખેરી નાખી એના તલ તેમજ ઊર્ધ્વોદયનાં ત્રણ મૂલ અંગો કર્યું. પ્રતિરથ અને ભદ્રમાં અસલી કામ સાથે વચ્ચે બીજા ઘડેલા પથ્થરો ઘુસાડી દઈ આયામ–વિસ્તાર અને ઉન્માનની સમતુલા ઉડાડી દીધી છે (ચિત્ર નં. ૧, ૨ અને ૩). આ ખોસેલા પથ્થરો પર કંડારેલ અપ્સરાઓ અને સિદ્ધોની લક્કડ મૂર્તિઓથી એક જબરો ગૂંચવાડો, વિસંવાદ ઊભો થાય છે. પાછોતરા કાળના કામને લક્ષમાંથી દૂર કરતાં મંદિરના અસલી 'સંઠાણ'ના ભાગની સુષમા અને એને લગતી પ્રતિમાઓની ચઢિયાતી ગુણવત્તા તુરત છતી થાય છે.

અત્યારે તો પ્રાસાદના પશ્ચિમ ભદ્રમાં બ્રહ્મા, દક્ષિણ ભદ્રમાં લકુલીશ અને ઉત્તર ભદ્રે વિષ્ણુની આસનસ્થ પ્રતિમાઓ છે. આથી એવો ભ્રમ થાય કે આ પ્રાસાદમાં મૂળનાયક દેવ તરીકે બ્રહ્મા બિરાજમાન હશે. સંભવ તો એવો છે કે જીર્ણોદ્ધાર સમયે ભદ્ર દેવતાઓની ફરીથી ગોઠવણી કરતી વખતે સ્થાનચ્યુત થએલી હોવી જોઇએ. મૂળ આયોજનમાં તો, પ્રાસાદની પાછલી ભીંતના ભદ્રમાં લકુલીશ હશે અને ઉત્તરમાં વિષ્ણુ અને દક્ષિણે બ્રહ્મા હશે. શિવાલય માટે એમ હોવું શાસ્ત્રમાન્ય અને ક્ષેત્રસુસંગત છે. નવી રચનામાં દિક્પાલો સ્વસ્થાને બેસાડેલા છે કે નહિ એનો નિર્ણય તો તુરત જ થઈ શકે, પણ અપ્સરાઓ મૂળ સ્થાને છે કે નહિ તે નિશ્ચયપૂર્વક કહેવું દુષ્કર છે. અત્યારે ૧૬ ફૂટ × ૧૬ ફૂટના માનનો પ્રાસાદ મૂળ સ્વરૂપે તો ૧૨ ફૂટ × ૧૨ ફૂટનો જ હોવો જોઇએ.


હવે આ દેવાલયની પ્રતિમાઓની વિશિષ્ટતા તરફ વળીએ. ઊર્ધ્વ નૃલિંગને સ્થાને શિવલિંગ, તેમજ બીજપૂરક નાગ અને નકુલધારી પદ્માસનસ્થ ભગવાન લકુલીશની (ચિત્ર નં. ૪) આવા પૂર્ણ શિવસ્વરૂપનો ઉઠાવ બતાવતી પ્રતિમાઓ પશ્ચિમ ભારતમાં બહુ જ થોડી છે; એ જ રીતે અર્ધ પર્યંકાસનમાં સ્થિર થએલી વિષ્ણુમૂર્તિ (ચિત્ર નં. ૫) પણ જવલ્લે જ જોવા મળે છે. બન્ને પ્રતિમાઓમા સુડોલત્વ જળવાયું છે. અક્ષિયાલેખન તો મારુગુર્જર પ્રથાને અનુસરે છે પણ મેદપાટનો પ્રભાવ અંગસંસ્થાન પર અને લકુલીશના શીર્ષની ૫ છળ ઊર્ધ્વ ભાગે રહેલા ઇલિકા તોરણમાં દૃષ્ટિગોચર થાય છે. કલા ની દૃષ્ટિએ પ્રતિરથ પરની ચમરા નાયિકાનો અંગભંગ (ચિત્ર નં. ૧) અને 'કંટકશોધનક્રીડા'રત અપ્સરા (ચિત્ર નં. ૩) સહજરીતે ધ્યાન ખેંચી રાખે છે. ઉપરની ગ્રાસપટ્ટીના અસલી ભાગના પ્રાણવાન ગ્રાસ, તેમજ તમામ ગાળાઓ-સલિલાન્તરો-માં ગોઠવેલા વ્યાલ દશમા શતકની પરંપરાનો સંકેત કરે છે. તો બીજી બાજુ વ્યાલની એકવિધતા, દેવપ્રતિમાઓની મોઢેરાના સૂર્યમંદિર (ઈ. સ. ૨૨૭)ની પ્રતિમાઓની સમીપ સરતી લક્ષણાઓ, દ્વિભુજને બદલે ચતુર્ભુજ દિક્પાલો અને મંડપના અવશિષ્ટ રહેલ ઘટ્પલ્લવ સ્તંભના કંડારની વિગતો (ચિત્ર નં. ૬) એનો નિર્માણકાળ અગિયારમા શતકના પ્રથમ ચરણ પહેલાંનો ન હોવાનું સૂચવી જાય



ઉપર ડાબી બાજુ: ચિત્ર નં. ૪–ઊર્ધ્વ નૃલિંગને સ્થાને શિવલિંગ તેમજ બીજપૂરક નાગ અને નકુલધારી પદ્માસનસ્થ ભગવાન લકુલીશ. પૂર્ણ શિવસ્વરૂપનો આવો ઉભાર બતાવતી પ્રતિમાઓ પશ્ચિમ ભારતમાં બહુ જ ઓછી છે. એ જ રીતે (વચ્ચે ચિત્ર નં. ૫) અર્ધપર્યંકાસનસ્થ વિષ્ણુમૂર્તિ પણ બહુ ઓછી જોવા મળે છે. બંને પ્રતિમાઓમાં સુડોલત્વ જળવાયું છે. સાથે મદપાટનો પ્રભાવ પણ તેમાં જોવા મળે છે. છેલ્લે ચિત્ર ૬: ઘટ પલ્લવસ્તંભ. એનો નિર્માણકાળ અગિયારમા શતકના આરંભ પછીનો જ ગણાય છે. નીચે અને સામેના પાના પર (ચિત્ર નં. ૨ તથા ૩): વાવના કપિલેશ્વર શિવાલયના મંડોવરનાં બે ચિત્રો. બધા ફોટોગ્રાફ: ડૉ. ગૌદાની

છે. સમગ્ર કંડારમાં વ્યક્ત થતું દીર્ઘસૂત્રીત્વ અને લુખ્ખાશ રચયિતા શિલ્પીઓના કલોન્મેષ અને એમની શ્રેણીની પેઢીદરની પરંપરાની મર્યાદાનાં દ્યોતક છે. એ સમયની કલાના સર્વસામાન્ય માનદંડ તરીકે એને ગણવાની ભૂલ નહિ કરીએ. પ્રાદેશિક સ્થાપત્યકલાની ઉત્ક્રાન્તિના ઇતિહાસમાં એને નિઃશંક સ્થાન છે જ. અને કુમારપાળ કે સિદ્ધરાજના સમયમાં દેખાતા ચતુરસ્ર મુખસંસ્થાન, જડાંગતા અને વૈવિધ્ય-વિહીનતાથી કપિલેશ્વરનું શિલ્પ સ્થાપત્ય મહદ્ અંશે મુક્ત છે. એની અસલ વિભાવના સાથે પંદરમી સદીમાં ચેડાં ન ખેલાયાં હોત તો આજે એનું મૂલ્ય સવિશેષ રહેત; તો પણ જે કંઈ ઉપલબ્ધ છે તેની ઉપયુક્તતા વિષે કોઈ સંદેહ નથી.



રાગ ભૂપાલી

સાધુરામ ન્યામતરાય ચોંત્ર

'ઓ નીલ ગગનકે તલે, ધરતી કા પ્યાર પલે'

ફિલ્મ:'હમરાઝ'નું આ ગીત તો સારી પેઠે જાણીતું છે. ભૂપાલી રાગના આધાર પર એની સ્વરરચના છે. 'ભૂપાલી' એ કલ્યાણુ થાટમાંથી ઉત્પન્ન થતો એક બહુ પ્રચલિત, સરળ અને સુમધુર રાગ છે. 'ભૂપ' કે 'ભૂપકલ્યાણ'ના નામથી પણ એ ઓળખાય છે. સીધો સરળ રાગ હોઈ સંગીતના વિદ્યાર્થીઓને આરંભમાં એ શીખવાય છે. ભૂપાલીના આરોહ-અવરોહમાં મધ્યમ તથા નિષાદ સ્વરો વર્જ્ય હોઈ એની જાતિ ઔડુવ ગણાય છે. વાદી સંવાદી સ્વર ગાંધાર અને ધૈવત છે.

આરંભમાં 'ગ રે સા, રે ગ રે સા' આ સ્વરો લેતાં જ ભૂપાલીની છાયા પ્રકટ થશે. એના સ્વરોને થોડા વિસ્તારીને લઈએ તો 'ગ રે સા, રે ગ, ગ રે ગ, રે સા ધ઼ પ઼, ધ઼ સા રે સા, ગ, ધ પ ગ, પ ગ રે ગ, ગ રે સા.' આ પછી અંતરાના આરંભમાં 'ગ પ ધ સાં, સાં રેં સાં ધ, પ ગ, રે ગ, રેં સાં ધ પ ગ, રે ગ, ગં રેં સાં ધ પ ગ, સાં ધ પ ગ, ધ પ ગ રે, ગ, રે સા.' ધીમી લયમાં આટલા સ્વરો ગાશો તો ભૂપાલી તાદૃશ્ય રૂપમાં રજૂ થશે. ભૂપાલી સરળ રાગ છે એ ખરું, પણ એમાં 'પ ગ' સ્વરો એવી કુશળતાથી લેવા પડે છે કે જો તે ન આવડે તો ગાયનમાં તત્કાળ 'દેશકાર' રાગની છાયા દેખાવા લાગશે.

આપણી સંગીતપદ્ધતિમાં પૂર્વાંગવાદી તથા ઉત્તરાંગવાદી રાગ જેવા વિભાગો પણ પાડવામાં આવ્યા છે. એ તરફ દુર્લક્ષ કરવા જેવું નથી. ભૂપાલીમાં ધૈવત સ્વર સંવાદી હોવાથી તે ગાંધારની પાછળ પાછળ આવતો દેખાશે. પણ તેને હમેશાં ધ પ ગ, પ ગ, ધ઼ સા રે ગ, સાં ધ પ ગ' જેવા સ્વર-ટુકડાઓમાં લઈ ગાયક શ્રોતાને ગાંધાર સ્વર પ્રતિ દોરી લાવે છે. આવા સ્વરોને બદલે જો ગાયક 'ધ, ધ પ, ગ પ ધ પ, ગ રે સા, સા રે ગ પ, ધ ધ પ, ધ પ, સાં' જેવી સ્વરસંગતિમાં ધૈવત લેવા માંડે તો ભૂપાલી લુપ્ત થઈને 'દેશકાર' રાગ ચમકવા લાગશે. અને આમ થતાં ગાયનમાં પ્રાતઃકાલીન વાતાવરણ ઉત્પન્ન થઈ ભૂપાલીથી તદ્દન વિપરીત અસર નીપજશે. આ જ રીતે 'દેશકાર'માં ઉત્તરાંગમાં ધૈવત ન ચમકાવી શકાય તો ત્યાં 'ભૂપાલી' ઊપસવા લાગશે. 'દેશકાર' વધુ કુનેહ માગી લે તેવો રાગ છે અને ઘણી વાર નવાસવા ગાયકો એ ગાતાંગાતાં 'ભૂપાલી'માં સરી પડે છે. એટલે સ્વરસંગતિ તેમજ સ્વરો પર મુકામ કરવાનું જ્ઞાન એ સંગીતકલાનું એક અગત્યનું પ્રત્યક્ષ અંગ છે. માત્ર વર્ણનથી નહિ પણ શ્રવણથી એ વધુ સ્પષ્ટતાથી સમજી શકાય છે.

જેમ 'દેશકાર'થી તેમ 'શુદ્ધ કલ્યાણ'થી પણ ભૂપાલીને અલગ કરવો પડે છે. જોકે શુદ્ધ કલ્યાણમાં અવરોહમાં મધ્યમ તથા નિષાદ સ્વરો લેવાતા હોવાથી એ ભૂપાલીથી અલગ પડી જાય છે, પણ આરોહમાં તેના 'સા રે ગ પ ધ સાં ભૂપાલી જેવા જ હોઈ ગાતી વેળાએ તેને ભૂપાલીથી અલગ રાખવાની કોશિશ કરવી જોઈએ.

યમનની પેઠે ભૂપાલી પણ રાત્રિના પ્રથમ પ્રહરમાં ગવાતો રાગ છે. આનો અર્થ એવો લેવો જોઈએ કે સાયંકાલીન સંધિપ્રકાશ રાગોના ગાયન બાદ રાત્રિના નવ વાગતાં સુધીના પ્રથમ પ્રહરમાં યમન, ભુપાલી, શુદ્ધકલ્યાણ, હમીર, કેદાર વગેરે રાગો ગવાય છે. ગાયક રાગો આ જ ક્રમમાં ગાય એવું નથી. આમાંના કોઈ પણ રાગથી પોતાના ગાયનનો એ સમય દરમિયાન આરંભ કરી શકે.

રાગ ભૂપાલી

आरोही अवरोहिमें सुर मनि कीन्हे त्याग।
ध ग संवादीवादितें कहो भूपाली राग॥

(ચંદ્રિકાસાર)

ભૂપાલી રાગ કલ્યાણ થાટમાંથી ઉત્પન્ન થયો છે. આ એક બહુ સરળ છતાં મધુર રાગ છે 'શુદ્ધ કલ્યાણ', 'જેત કલ્યાણ' અને 'દેશકાર' રાગોથી એને છૂટો પાડી બતાવવો મુશ્કેલ છે છતાં પોતાના આગવા નિયમોથી એ ભિન્ન છે.

રાગની-જાતિ : ઔડુવ
વર્જ્ય સ્વર : મધ્યમ અને નિષાદ
વાદી-સંવાદી : ગાંધાર અને ધૈવત
ગાવાનો સમય : રાત્રિનો પહેલો પ્રહર

આરોહ-અવરોહ

સા રે ગ પ, ધ, સાં | સાં, ધ પ, ગ, રે, સા

પકડ

ગ, રે, સા ધ઼, સા રે ગ, પ ગ, ધ પ ગ, રે, સા

ભૂપાલી પર આધારિત બે ફિલ્મી ગીત:
નીલ ગગનકે છાંવમેં દિન રૈન ચલે
('આમ્રપાલી'માં લતા મંગેશકર)
ઓ નીલ ગગનકે તલે, ધરતીકા પ્યાર પલે
('હમરાઝ'માં મહેન્દ્ર કપૂર)
'મોરે આંગનમેં છીટકી ચાંદની, ઘર આ જા સજન'
(જવાર-ભાટા' ગાયક?)

જબ તે સબ નરપતિ નિરાસ ભયે।
ગુરુપદ કમલ વંદે રઘુપતિ ચાપ સમીપ ગયે॥

ભૂપાલી રાગની વિલંબિત એકતાલની આ ચીજના મુખડા 'જબ તે સબ નર'માં નર શબ્દ પર 'પ ગ' સ્વરસંગતિ આભૂષણ રૂપ છે. આમાં તીવ્ર મધ્યમનો બારીક કણસ્વર મીંડમાં લઈ ગાંધાર પર ઊતરી આવતાં ગાયક ભૂપાલીનું બેનમૂન સ્વરૂપ ખડું કરી શકે છે.

લઘુકથા

બારાક્ષરી

ઉપેન્દ્ર રાવળ

'મમ્મી, હવે મને બારાખડી આવડી ગઇ. જો વાંચું?!'

ખભા ઉપરથી દફતર ઉતારતાં એકશ્વાસે નાનકડી અનિતાને બોલતી જોઇને સુલોચનાને હસવું આવી ગયું. છતાં ગંભીર મોં રાખવાની બનાવટ કરી કાયમની ફરિયાદ પ્રમાણે કહ્યું : 'હજી તો બારાખડી શરૂ કરે છે ત્યાં તું શું વાંચવાની!' છતાં ય દફતરમાંથી કંઈક શોધતી અનિતાની આતુર આંખોની સાથે સુલોચના પણ કંઇક શોધી રહી.

બાળમંદિરની ફી રસીદના ચોળાએલા કાગળને નાનકડી હથેળી વડે સરખો કરી અનિતા વાંચી રહી: ''અ ને કૈં નૈં અ…નિ…તા કુ…મા…રી… સુ…લો…ચ…ના…બે…ન…—'

અને એ બારાક્ષરી સુલોચનાના હૃદયમાં શારડીની જેમ ઊતરી ગઈ.

અંતરગઠરી-૪૧

તમે અને હું

વાચક અને લેખક

ચંદ્રવદન મહેતા

આ લેખમાળા પુસ્તક રૂપે પ્રગટ થશે ત્યારે એનું મથાળું 'પ્રીત ગઠરિયાં' હશે, પરંતુ એમાં આ પ્રીતવિહોણું પ્રકરણ નહિ હોય! ગઠરિયાં નહોતી લખી ત્યારે હું તમને ઓળખતો નહોતો. વિવિધ પ્રકારનાં મથાળાં હેઠળ લખવા માંડી ત્યારે તમારી સાથે ઠીકઠીક સંબંધ બંધાયો. પછી ન લખવાનું ઠરાવ્યું ત્યારે આ હારમાળા તો ચાલુ રાખવી જ એવું ઘણાં વાંચનારાંઓનું દબાણ આવ્યું, અને અમે આ પ્રીત પ્રકરણો—મારાં, અન્યનાં, મારા મિત્રવર્યોનાં, અમારા નિકટના સંબંધોનાં પ્રસંગચિત્રો—આલેખવાં શરૂ કર્યાં. કેટલાકે પીઠ થાબડી, કેટલાકે ઠપકો પણ આપ્યો.

હવે આપણે લંડનથી અમેરિકા વગેરે પ્રદેશોમાં જઈએ તે પહેલાં એક બે બાબતની વાંચનારાઓ સાથે ચોખવટ કરી લેવા ધાર્યું છે. મારા ઉપર કે બચુભાઈ ઉપર દરેક વાચકને કાગળ લખવાનો હક્ક છે, ટીકા કરવાનો પણ હક્ક છે, મને લખતો બંધ કરવાની ભલામણ કરવાનો પણ હક્ક છે કેટલાક ભાઈઓને મારા લખાણની સચ્ચાઈ માટે શંકા પણ આવી હતી અને બચુભાઈને પુછાવ્યું હતું કે આ હકીકત સાચી? દાખલા તરીકે 'બાંધ ગઠરિયાં'ની શરૂઆતના ભાગમાં સર સયાજીરાવનાં પુત્રી સાથે વડોદરાના રેલવેના કારખાના પ.સેની ફાર્ક આગળની બંગલીના બહારના બાગમાં બાળપણમાં રમતો રમ્યા હતા, એ હકીકતમાં કોઈને ડંફાસ જ નહિ પણ ધરાધર અસત્ય વાત લાગી હતી. લાગે. આગળ ઉપર પાંત્રીસ વર્ષે દાર્જીલિંગનાં (એ કૂચબિહારનાં મહારાણી હતાં) એમની પુત્રી સાથે મળ્યાની વાતમાં પણ એ ભાઈને શંકા આવી હોય. વાચકને માનવું હોય તો માને, ન માનવું હોય તો ન માને. આગળ ઉપરનું ન વાંચે. અમે એમને બારણે ચોખા મૂકવા નથી ગયા કે ભાઈ વાંચો, માનો, રે માનો જ માનો! યુરોપ ખૂંદતાં ક્યાંક ઇંડાં-ઑમલેટ, બીઅર વાઈન, જાતજાતનાં કૉકટેઈલ વગેરેના ઈશારા આવે, તો આવું આવું કેમ લખાય એવી ફરિયાદો આવ્યા કરી છે. તો શું, બની હકીકતોને ફેરવવી? યા બાતલ કરવી? ચાલુ કથામાં એનું કંઈક રહસ્ય હોય, કડી સંકળાએલી હોય તો તે કાઢી, કાપી નાખવી?


સ્ત્રીઓની વાતો આવે છે, એમાં ક્યાંક કો'કનો હાથ પકડ્યો, ક્યાંક બે ભેટ્યાં, ક્યાંક નદીકાંઠે હાથમાં હાથ ગૂંથી ચાલ્યાં, ક્યાંક આંખમાં આંખ પરોવી મલક્યાં, તો કેટલાક હિતેચ્છુ વાચકોના દિલમાં ચમળોના એવા અમળાટ પેદા થઈ ગયા, કે લેખકે આવા રૌરૌ નર્કે લઈ જનારા પાપમાંથી ઊગરવું એવી સૂચનાઓ મળવા લાગી; એટલું જ નહિ પણ લેખકને બચાવવા, આવું નહિ લખવા માટે ફરિયાદો પણ થવા લાગી; ને એ એટલી હદ સુધી કે બચુભાઈને કે મને સીધા લખે તો એનો જવાબ પણ આપીએ; પરંતુ સિત્તેરને ઓટલે બેઠેલાની નીતિ સુધારવા, જેને અમે મનથી પૂજ્ય માનીએ, જેનો અમે પડતો બોલ ઝીલીએ, જેની સલાહે અમે ચાલીએ, જેને વિષે અમે આ લેખમાળામાં જ અમારી ભક્તિ આલેખેલી એવી વ્યક્તિ ઉપર સીધા કાગળો લખી ફરિયાદ કરવામાં આવી ત્યારે અમને પારાવારનું દુઃખ થયું કયા પ્રદેશમાં કયા સંજોગોમાં અમે જીવીએ છીએ એનું ભાન થયું. હકીકતોને આલેખવામાં એકને અસત્ય લાગે છે, બીજા એમાં અનીતિ લાગતાં હકીકતો ફેરવવા યા ગપચાવવા માગે છે, ત્યાં લેખકે 'લખવું યા ન લખવું?' એવી હૅમલેટિયા મનોદશા ઊભી થાય એ સ્વાભાવિક છે.

સૌ. પદ્મા વસંત શાહ—મારી મા મારાથી ઘણી નાની પણ દીકરીમાંથી મારી સદ્ગત માને સ્થાને બેઠેલી—જેની આ જ હારમાળામાં અમે છબિ છાપી ગયા છીએ, અને અમારા મીઠા સંબંધની વાત પણ આપી ગયા છીએ, એની ઉપર વાચકવર્ગમાંથી હિતેચ્છુઓએ કાગળ લખ્યા ત્યારે અમને વધારે દુઃખ થયું. એ લખનાર જાણે કે ગઠરિયાંનો છપાએલો આખો સેટ એને ત્યાં છે; એ લખનાર જાણે, કે 'કુમાર'ના અંક એને ત્યાં નિયમિત પહોંચે જ છે; એ ભાઈ જાણે, કે મારા પોતીકા જીવનમાં મારી કરણીમાંથી હું કશું મા થકી ખાનગી નથી રાખતો, એને ઠપકો આપવાનો હક્ક છે. એની આગળ ફરિયાદ કરવા થકી એનું તો રૂંવાડું પણ ન ફરક્યું, ન જ ફરકે. પણ એના દિલમાં કચવાટ પેદા કરવા કોઈ આવું પગલું ભરે એનો અમને ભારે સંતાપ છે. મારી મા જીવતી હતી ત્યારે, અમે કૉલેજમાં ભણતા તેવે ટાણે, કૉલેજમાંથી અમે ચાર-પાંચ જણા સાંજે સિનેમા જોવા ગયા. એમાં બે કન્યકા અને બાકીના કિશોર. ત્રીજે જ દિવસે મારી મા આગળ અમારી નીતિ-મર્યાદા, કુળ-કુટુંબ-લાજનાં ઈજારદાર એક સન્નારી ફરિયાદ કરવા ઊપડી ગયાં હતાં, ત્યારે મારી માએ જવાબ વાળ્યો હતો: 'મને ખબર છે. રાતે આવીને, કોણ કોણ હતા એની મારે દીકરે વાત કરી હતી. અને ન પણ કરી હોત તો હું મારા દીકરાને ઓળખું છું' એ તો વીસ-ત્રીસનો જમાનો. આજે? વાત સિનેમાથી પતતી નથી; પિકનિક, ટૂર, ટ્રિપ, ઉજાણી ને યુવક મહોત્સવોમાં તેમ ખભેખભા મિલાવી કિશોર-કિશોરી હિમાલયનાં ગિરિશિખરો પર પણ ચડે છે. સૌ. પદ્માએ હસીને કાગળ મને આપી દીધો, કારણ એ મને જે રીતે ઓળખે છે, એમાં આવી ફરિયાદથી તસુભાર પણ તડ પડવાનો સંભવ નથી.

ખરું પૂછો તો વાત નાની છે પણ હું મોટી બનાવું છું, કારણ આ જમાનાની તાસીરનું એમાં પ્રતિબિંબ છે.

આત્મકથા, કથાનકો લખવાની દિશામાં છેલ્લી સદીમાં જાતજાતના પ્રયોગો થયા છે. કોઈ એ લખાવટમાં આત્મનિવેદન ઉપર ભાર મૂકે છે, કોઈ એ શબ્દમાં આવતા 'કથા' શબ્દ ઉપર ભાર મૂકે છે. એ તો જેની જેવી રીત, જેની જેવી શૈલી, જેનો જેવો ઉઠાવ, અને જેને જે કહેવું હોય તેનો માવો-મસાલો, એની માવજત કરવાની લેખકની શક્તિ, પ્રતિભા ને કલાસિદ્ધિ. ટૂંકમાં લેખક નોંધપોથી નથી લખતો; પોતાનું બધું જ વિચારેલું આચરેલું એ નથી લખતો. હમણાં આ લખતાં મેં છીંક ખાધી એ હું ન લખું. બગાસું આવ્યું તેનો ઈશારો સરખો પણ ન કરું. (ઈશારો કરું, અને તમને બગાસું આવે તો તમે વાંચવાનું પડતું મૂકો.) તો સવાલ એ થાય છે કે હું લખું છું શાને માટે, કોને માટે? કોઈ કહેશે લેખકના પોતાના મનોરંજન માટે, પોતાનો અહમ્ભાવ પોષવા માટે, પોતાનામાં જે છે તે વ્યક્ત કરવા માટે. તો તે કર્યા કરો,—ઘરના ખૂણામાં બેસીને ચીતર્યા કરો, પણ એને છાપવા-છપાવવા શાના દોડ્યા દોડ્યા ફરો છો? લેખકની ઓળખાણો ઘણી હોય છે. જાતજાતના કિસ્સાઓ જોયાજાણ્યા અનુભવ્યા હોય છે. એ બધા જ એ નથી ચીતરતો; ઘણું જતું કરે છે. એ જે ઘાટ વિચારે છે યા કલ્પે છે, તે ઘાટમાં બેસે એવી વાતને એ ઉઠાવ આપવા મથે છે.

પણ આપણે વળી આડા ફંટાયા. આત્મકથાના ઘાટ ઉપર આ નિબંધ કે વિવેચના નથી. જેને જે ઘાટ માફક આવે તે સર કરવા મથે. અમે અમારી રીતે લખીએ, એને રસ ઊપજે એવું કરીએ, જરા કોતરણી કરીને આંખને ગમે એવું કરીએ, ક્યાંક રંગ પૂરીને પ્રફુલ્લિત કરે એવું કરીએ, પણ મૂળ તાંતણો પકડી રાખી એનો છેડો ન છોડીએ.



ઈ. ૧૯૬૮માં શરૂ કરેલી આ માળામાંનો બીજો હપતો ફરી વાર વાંચી જાઓ : 'પ્રીત ન કરિયો કોઈ': કિશનગઢની રાજગાદીના રાજકુંવર નાગરીદાસ અને બનીઠનીનો કિસ્સો. પોતે પરણેલા છે, સાવકી મા સંગાથે દાસી રાજમહેલમાં આવી, એની સાથે પ્રીતની ગાંઠથી જોડાયા છે. વયનો તફાવત અઢાર વીસ વર્ષનો. એ બેની ચિત્રછબિ પણ છાપી છે. અને જે જીવનમાધુરી માણી છે એની સામે આટલે દાયકે પણ કોઈએ વાંધો નથી લીધો. પણ અમે સામાન્ય માણસ. રાજકુંવર નહિ, ગાદીવારસ નહિ. મારીબાર ગામમાં જઈ બેડા સાથે અંતરની ઓળખાણ થતાં દોસ્તી બાંધી; એની સાથે ફરવા ગયા; એની નાનકડી દીકરી, એનો વર, એના મિત્રો સંગાથે હર્યાફર્યા; વાતો કરી; કેવળ એકાંત ક્યાં ય નહિ. ઍરપોર્ટનો ખૂણો યા નદીકાંઠાનું રેસ્ટારાં, ત્યાં બેઠા. એટલામાં અમારી તો નહિ જ પણ વાચકની નીતિની ભાવનામાં ઘા વાગી ગયો, તે સડ દઈને અમારી માનેલી 'મા'ને શિરનામે ફરિયાદનામું લખી મોકલવા ઉશ્કેરાયા! એ કઈ ઘટિત પગલું નથી. અણઘટતું લખવા માટે સરકાર પાસે વિવિધ કાયદાઓ છે જ. પ્રકાશક, તંત્રી, પોતાની જવાબદારી સમજે છે જ. એ બધાંની ઉપરવટ થઈ આપ જ જાણકાર સમજદાર અમારી કલમની નીતિના ઈજારદાર જાતને માની આવા કાગળો લખવા બેસો, એ કંઈ ઠીક વાત નથી.

ગુજરાતી સાહિત્યમાં રોમાંચકથી માંડી અશ્લીલ તત્ત્વોવાળું ઓછું નથી લખાયું. અમારાં લખાણોમાં અમે સ્પષ્ટતાને ધ્યાનમાં રાખી પ્રસંગો–સંબંધોનાં મંગલમય પાસાં રજૂ કરવાનું ધ્યેય રાખ્યું છે એ તો જે શરૂઆતથી ચાલુ વાંચનારા છે તે જાણે જ છે અને સમજે પણ છે. એમાં ક્યાંક એકાદ કડિકા કે સંવાદની થોડી કડી અનાયાસ વાંચી તે પર ઉશ્કેરાઈ જઈ કિહેોટેની પેઠે લઈ ભાલો, અને ઘોડે ચડી દુનિયા

ચંદ્ર: સૂર્યમાળામાં એનું સ્થાન અદ્વિતીય છે. બીજા ગ્રહોને પણ પોતાના ઉપગ્રહો તો છે, પણ મૂળ ગ્રહના કદના પ્રમાણમાં એમનું કદ ઘણું નાનું છે. એ રીતે જોતાં —પૃથ્વી—ના પ્રમાણમાં ચંદ્રનું કદ મોટું છે.

પૃથ્વીની એક પ્રદક્ષિણા પૂરી કરે તે દરમિયાન ચંદ્ર પોતાની ધરી પર માત્ર એક જ વાર ફરતો હોઈ આપણે તેની માત્ર એક જ બાજુ જોઈ શકીએ છીએ. પૂનમની રાતે એનો આખો ગોળાકાર આકાશમાં ઝળહળતો હોય ત્યારે નહિ, પણ અર્ધચંદ્રની તિથિઓના ગાળામાં, અને ખાસ તો ચંદ્રના પોતાના ક્ષિતિજમાં સૂર્ય જ્યારે નીચે હોય ત્યારે, એની સપાટી પર પડછાયા પડવાને કારણે એનું નિરીક્ષણ કરવું વધુ અનુકૂળ થઈ પડે છે.

નરી આંખે તો ચંદ્ર ચળકતાં અને ઘેરાં ધાબાંવાળો દેખાય છે. એમાં ચળકતો ભાગ એ સૂર્યપ્રકાશમાં ઝળહળતાં પર્વતો અને જ્વાળામુખીનાં મોં જેવાં ક્રેટર્સ છે. ઘેરો ભાગ એ સામાન્ય સપાટીથી નીચેના વિસ્તારો છે. એક કાળે એને સમુદ્ર સમજવામાં આવતા હતા. આજે યે એ વિસ્તારો સમુદ્રોના નામે જ ઓળખાય છે, પણ હકીકતે ચંદ્ર પર બિલકુલ પાણી નથી. એ પર્વતશિખરોમાં 'ઍપેનાઈન્સ' જેવાં શિખર ૨૦,૦૦૦ ફૂટ ઊંચાં છે. ચંદ્રના દક્ષિણ ધ્રુવ વિસ્તારમાં 'લીબનિટ્ઝ' નામનું એક શિખર તો ૩૫,૦૦૦ ફૂટ ઊંચુ છે–આપણા સર્વોચ્ચ શિખર એવરેસ્ટ કરતાં યે વધુ ઊંચું; અને ચંદ્રના પોતાના કદની સરખામણીમાં તો આ ઊંચાઈ અતિશય વધારે ગણાય.

પણ ચંદ્રની સપાટી પર વધુ ધ્યાન તો તેનાં 'ક્રેટર્સ' ખેંચે છે. સંખ્યાતીત પ્રમાણમાં એ ચંદ્રની સપાટી પર પથરાએલાં છે. આપણા પ્રાચીન ફિલસૂફો અને વિજ્ઞાનીઓના નામે આપણે એમાંના કેટલાંકને ઓળખાવીએ છીએ. ચંદ્ર પર પડતા ખરતા તારાઓના પાછડાટથી એ સર્જાયાં હશે એવી એક માન્યતા છે. એકાદ માઇલથી યે ઓછા વિસ્તારથી માંડી 'ક્લેવિસ' જેવાં, કિનારા પર ઊંચી દીવાલોવાળાં ક્રેટર લગભગ ૧૫૦ માઈલના વ્યાસ જેટલાં પહોળાં છે! 'કૉપરનિકસ' અને 'ટાઇકો' નામનાં બે ક્રેટર ૫૦ માઈલથી વધુ વ્યાસવાળાં છે, અને ખાસ તો એની ચોતરફની બબ્બે માઈલ ઊંચી દીવાલને કારણે જાણીતાં છે. વળી, આ બંને ક્રેટરમાંથી, તથા એવાં બીજાં ક્રેટરોમાંથી, એની આસપાસ હજારો માઈલ સુધી પ્રકાશનાં કિરણો પેઠે ઝળહળતા લીસોટા પસરતા દેખાય છે. આનું મૂળ હજી સમજાયું નથી, પણ મનાય છે કે તે સપાટીની તિરાડોમાંથી બહાર આવેલો કોઈ ઊજળો પદાર્થ છે અથવા ક્રેટર રચાતી વેળા ચોપાસ ઊડેલો સપાટી પરનો પદાર્થ છે.

પૃથ્વી કરતાં લગભગ ચોથા ભાગના વ્યાસના ચંદ્રની સપાટીનું કુલ ક્ષેત્રફળ ઍટલાંટિક મહાસાગરથી લગભગ અર્ધું છે. આપણને એનો જે વિસ્તાર દેખાય છે તે લગભગ ઉત્તર અમેરિકા જેટલો હશે. ચંદ્રના નાના કદને કારણે સ્વાભાવિક જ એનું ગુરુત્વાકર્ષણબળ પણ ઓછું—પૃથ્વીથી લગભગ છઠ્ઠા ભાગનું જ છે. પૃથ્વી પર છ ફૂટ કૂદી શકતો આદમી ચંદ્ર પર ૧૮ ફૂટ કૂદી શકે અને ઉપરથી નીચે પડવાની એની ઝડપ પણ અહીંના કરતાં ત્યાં ઓછી રહે. ત્યાંથી ઊપડનારા અવકાશયાનને કલાકના ૫૦૦૦ માઈલની ઝડપ પૂરતી થઈ પડે, જ્યારે પૃથ્વીના ગુરુત્વાકર્ષણમાંથી છૂટવા ૨૫,૦૦૦ માઈલનો વેગ જોઈએ.

ચંદ્ર પર વાતાવરણ નથી. કારણ કોઈ પણ વાયુને પકડી રાખવા જેટલું એનું ગુરુત્વાકર્ષણબળ નથી. આથી આપણને—પૃથ્વીવાસીને તો ત્યાં અજબ અનુભવો થાય. પ્રકાશનાં કિરણો પર અસર કરી શકે એવું વાતાવરણ ત્યાં ન હોઈ ત્યાં પડતા પડછાયાની ધાર એકદમ સ્પષ્ટ ને તીણી જોવા મળે. વાતાવરણને લીધે જણાતો કોઈ પ્રકારનો ઘસારો ત્યાં ન હોઈ, કોઈ આંદોલનો પેદા ન થવાથી, ત્યાં કોઈ પ્રકારનો અવાજ શક્ય નથી! દિવસ-રાતના સંધ્યાકાળે પૃથ્વી પર વાતાવરણને કારણે જે ઝાંખો ઉજાસ દેખાય છે એ ત્યાં ન મળે. રાતના ઘોર અંધારા પછી સીધો જ ઝળહળતો સૂર્યપ્રકાશ, ને સાંજે સીધું જ અંધારું! (જોકે 'ઍપોલો ૮'ના યાત્રીઓએ ચંદ્ર પર સૂર્યોદય અગાઉ અત્યંત આછો ઉજાસ જોએલો ખરો.) વળી, સૂર્યપ્રકાશને મંદ પાડે ને એમાંથી પ્રાપ્ત કરેલી ગરમીથી રાત્રે હૂંફ આપી શકે એવું વાતાવરણ ત્યાં ન હોઈ ચંદ્ર પર દિવસ ને રાતનાં ઉષ્ણતામાન વચ્ચેનો તફાવત ઘણો મોટો છે. ચંદ્રના વિષુવવૃત્ત પ્રદેશમાં દિવસે લગભગ ૧૦૦° સેન્ટીગ્રેડ (એટલે કે ઉત્કલનબિંદુ જેટલી) ગરમી ને રાત્રે શૂન્ય નીચે ૧૮૦° સેન્ટી. જેટલી કાતિલ ઠંડી અનુભવવી પડે. આટલી ઠંડીમાં તો હવા પણ ઠરીને પ્રવાહી બની જાય! એટલે આવી સ્થિતિમાં કોઈ જીવ ત્યાં ટકી શકે નહિ.

←ચંદ્રની ૧૦ પ્રદક્ષિણા કરી પાછા ફરતી વેળા 'ઍપોલો-૮'ના યાત્રીઓએ આ છબિ લીધી હતી. ચિત્રમાં જમણી તરફની ધાર નજીક નીચેની બાજુ દેખાતાં કિરણો પ્રસારતાં બે મોટાં ક્રેટરો અગાઉના માનવ વિના ગએલા અવકાશયાન 'ઑર્બિટરે' લીધેલી છબિમાં આટલાં સ્પષ્ટ દેખાયાં નહોતાં. ચિત્રમાં ઉપરની બાજુએ દેખાતો મોટો ઘેરો ગોળાકાર વિસ્તાર 'સી ઑવ ક્રાઇસિસ' (કટોકટીનો સાગર) નામે ઓળખાય છે. પૃથ્વી પરથી જોતાં એ ચંદ્રની પૂર્વ કિનાર પર જોવા મળે છે પણ છબિમાંનો બાકીનો મોટાભાગનો પ્રકાશિત દેખાતો ભાગ ચંદ્રની પાછલી બાજુનો હોઈ આપણે કદી જોઈ શકતા નથી.
(ફોટો 'યુસિસ'ના સૌજન્યથી)


પડકારવા કે સમાજ સુધારવા નીકળી પડો એ ઠીક વાત નથી. તાજેતરમાં બર્ટ્રાન્ડ રસેલે પોતાની જીવનકથા પ્રગટ કરી છે, એમાં પોતીકા વધારેપડતા જાતિનેય સ્વભાવની છણાવટ કરી પ્રસંગો આલેખ્યા છે. એથી ઇંગ્લંડમાં કોઈ ધ્રૂજી-ધ્રૂણી નથી ઊઠયું. પણ આ અંગ્રેજનો દાખલો જવા દઇએ. આપણે ત્યાં નર્મદને શા માટે પોતાની હકીકત બ્રિટિશ રાજ્યમાં છાપતાં કોઈએ અટકાવ્યો નહિ? ને ભારત સ્વતંત્ર થતાં એનાં પુસ્તકો બાળ્યાં શા માટે નહિ?

આપણે ત્યાં સમાજનાં કેટલાંક બંધનો છે—સારા માઠા બંને પ્રકારનાં. એમાં અંતરની વાત લખનારને જાતજાતનાં ગૂંચજાળાંમાંથી નીકળવાનું હોય છે. ચાર્લી ચૅપલિનની પાંચમી વહુ કે બર્ટ્રાન્ડ રસેલ જે વિનાસંકોચ લખી શકે તે આપણે ત્યાં ન લખી શકાય. દેશકાળ, ધર્મસમાજની કેટલીક પ્રથા પાળવી પડે છે. કોઈ એ ઓળંગવા પ્રયત્ન પણ કરે છે, ફાવે પણ છે, છતાં એકંદરે જ્યાં પોતા સિવાય બીજી વ્યક્તિના સંબંધની વાત આવે ત્યારે કાવ્યાત્મક શૈલી અનુસરી, રૂપકો યોજી ઘટનાને કલ્પનાના વાઘા સજાવવા પડે છે. માતાના મંદિરને ઓટલે બેસી બે વાર કન્યા જોયા બાદ અજ્ઞાન યા મુગ્ધાવસ્થામાં પ્રકટેલી લાગણી વિષે, છઆઠ મહિના કે એકાદ બે વર્ષ કન્યા સાથે પ્રીતિની ગાંઠ બાંધી હર્યાફર્યા બાદ પેલીએ નવો મૂરતિયો શોધ્યો કે પેલાએ નવી કન્યા બિરદાવી એ વિષે, યા બાલપણમાં કે કુમાર અવસ્થામાં નંખાએલાં મૂળ બે દાયકે એકાએક પ્રગટ થઈ ગયાં તો એ વિષે નિખાલસપણે લખવું કપરું. એવા સંજોગોમાં અંતરની કથાઓ આલેખનારના હાથ ઉપર આપણે ત્યાં સમાજની સાવચેતી રાખનાર સેંકડો વીંછી-કરોળિયાનાં ડંખ-જાળાં ખડાં પડયાં છે. એની કદર કરવાને બદલે પરદેશની વાતોમાં વિશુદ્ધ પ્રીતિના કે કોમળ લાગણીના પ્રસંગો સ-

શતરંજ...... સુરેશ મોદી

સ્ટેનિટ્ઝને ઈ. ૧૮૯૪માં હરાવીને ૨૭ વર્ષ સુધી વિશ્વવિજેતા રહેનાર ઇમેન્યુઅલ લાસ્કરની રમતમાંથી એક કોમ્બિનેશન આપણે આ મહિને જોઇએ. અહીં તેમના પ્રતિદ્વંદ્વી માર્શલ એક વિશ્વવિખ્યાત ખેલાડી હતા. એમની રમત બહુધા આક્રમક રહેતી.

LASKER



MARSHALL

કાળાએ રમવાનું

અહીં સફેદ R×Rથી હાથી જીતવાની તેમજ Q×BPch અને Q×RPની ધમકી આપે છે.

1..., N–N4; 2 Q×RP, R/1-Q7; આ સિવાયની ચાલ ચાલે તેમ ન હોતી. દા. ત. 2..., N×R પછી સફેદ Q×BPch અને Q-R5chથી કાયમી શેહ દઇને ડ્રૉ મેળવે. વળી, 2..., QQ4 (હાથીને બીજું રક્ષણ આપવા) પછી 3 Q×N, Q×R; 4 Q×R ch, R×Q; 5 R×Q. હવે સફેદ પાસે એક મહોરુ વધુ રહ્યું અને તે જીતી શકશે. આ જોતાં રમાએલી ચાલ જ ઉત્તમ છે કારણ કે તે 3..., Q×Pch; 4 K-R1, Q×P mateની ધમકી પણ આપે છે.

3 N–Q3! માર્શલનો આ જવાબ પણ એટલો જ સુંદર છે. પોતાના KBPનું રક્ષણ કરવા સાથે એ સામા વજીર ઉપર હુમલો પણ કરે છે ને 4 R–K8ch, Q–B1; 5 R×Q ch, K×R; 6 Q–R8 mateની ધમકી આપે છે. પણ 3..., N×R! લાસ્કર વજીરનો ભોગ આપીને આખી બાજી પલટાવી નાખે છે.

4 N×Q, R×Rch; 5 K–R2, N×P; 6 Q–B5, R–K1; 7 N×P, N–Q8; અહીં 8..., R×Pch; 9 K×R, N–K6chથી ફૉર્ક અને વજીર જીતવાની ધમકી છે.

8 Q–B5, R–K3; 9 Q–B1, N–K6!

આમાં 10..., R×Pchની સીધી ધમકી છે અને હાથીનું આડકતરું રક્ષણ છે; જેમ કે 10 Q×R, N–B8ch; અને પછી 11..., N×Q.

10 Q–B8ch, K–R2; 11 Q–B3, R–KN3; 12 Q×N, R/7×Pch; 13 K–R1, R/7-N6 હવે 14..., R×P mateમાંથી બચવા વજીર આપવો પડે તેમ છે માટે 14 Resigns.

આ કોમ્બિનેશનમાં બને પક્ષે સુંદર રમત જોઇને એક અંગ્રેજ વિવેચકે લખ્યું છે, 'રમતમાં આ રીતે ચાલ ચાલવી એ જાણે કોઈ સુંદર બાગમાં લટાર મારવા જેવું આનંદપદ છે.'


હૃદયતાથી આલેખનાર સામે એની કાળજી લેનારા નાના તોયે વડીલો, આપ્તજનો આગળ પોતરાંફોતરાં લખી ચાડી ખાવા જવું એ લાજમ નથી. હજી હું જીવતો બેઠો છું. મને લખો, મને ઠપકો આપો, જાહેર છાપાંઓમાં ટીકા કરો, પણ અમારા જેવાની કડવાશભરી જિંદગીમાં ક્યાંક અમૃત સમી મીઠી વીરડીઓ જીવનને અજવાળે છે ત્યાં બારોબાર કૂડા કંકર નાખવાના પ્રયત્ન કરવા એ ઠીક નથી.

એથી તો અમે આ હારમાળાની શરૂઆતમાં બનીઠનીના, રૂપમતીના, સૂરતના અભ્યાસના પ્રીતપ્રસંગોના દાખલા નોંધ્યા હતા. તે પછી પ્રીતના ઠીકઠીક દાખલા ટાંકતા આવ્યા છીએ. લેડા-યુનિકા ઉપરાંત છાયા-પડછાયાવાળી નીનબાઈ તેમજ સારા બર્નાર્ડના પ્રસગો પણ આલેખ્યા છે. ઈન્ગ્રીડ બર્ગમાનની અમારે માટેની લાગણી માટે શું કહેશો? ગઠરિયાંમાં છૂટીછવાઈ એની કથા ગૂંથાઈ છે અહીં એક નવું સ્વરૂપ આલેખ્યું છે. પ્રીત, પ્રિયતમા મા કે બહેનની જ હોય, એ સિવાય પ્રીતનાં સ્વરૂપો છે જ નહિ, એવું તે કોણ માને? પહેલો જ દાખલો લ્યો—બનીઠની અને રાજકુંવર નાગરીદાસની પ્રીત. એક રાજા, બીજી દાસી, સેવિકા. બંને કવિ, બંને ભક્ત. એમનાં અંતસ્તલનો તાગ મેળવવા આપણે કયે પથે જઈશું? આપણે કયાં માપ વાપરીશું? અને એમ કરતાં એમની જે 'બન ગઈ' તેનો પૂરો કયાસ આપણે પામી પણ નહિ શકીએ. મૈત્રીમાં યે હીરા જેવાં પહેલપાસાં છે. અમે સ્વચ્છ નિર્મળ પાસાંપડખાંને જ પ્રમાણવા મથ્યા છીએ.

છેલ્લો સારા સ્ટીફન ટૉમસનો કિસ્સો લખ્યો. સ્ટીફન માટે આટલો પ્રેમ ધરાવતી એ બાઈ, એના દિલમાં અમારું સ્થાન જ નથી એમ કોણ કહેશે? અને એમાં અજુગતું પણ શું છે? દસદસ વર્ષ સુધી નથી મળતાં, છતાં લાગણીના ઝરા ભીતરમાં એમના એમ જ વહેતા રહ્યા છે. ચોમાસું જતાં, ધરતી સુકાતાં, નીચે તો ઝરણાં આપમેળે વધારે ને વધારે નિર્મળ થતાં વહ્યા કરે છે.

ના; અમે આ હારમાળા ન લખત, અને અંતરની વાતો રજૂ ન કરત. પણ પહેલા જ હપ્તામાં જિતુભાઈ મહેતાનું મેણું વાંચો: 'તમે ચન્દ્રવદન, અમને છેતરી ગયા. બધાની વાત કરી, તમારા અંતરની વાત ન કરી.' એ મેણું ટાળવા અમે આ અંતરપ્રીતનો દરિયો ડહોળવા બેઠા. ત્યાં અમારા ઉપર આ આફત! આ તો ઠીક છે, હજી લંડનની ધરતી પર યુરોપને પેલે છેડે ઊભા છીએ. ન્યૂ યૉર્ક ઊતરશું ત્યાં તો પ્રીતનાં પાસાં બદલાતાં રહેશે એ નહિ લખવાં? નહિ લખીએ.

યુનાઇટેડ સ્ટેટ્સથી પાછા ફરતાં કવિ મિત્ર રાજેન્દ્ર શાહે 'કવિલોક'માં 'હિપ્પીઝ' ઉપર મારું ભાષણ રાખ્યું. અને તે યુનાઇટેડ સ્ટેટ્સ ઈનફર્મેશન સર્વિસ (યુસિસ)ના ખંડમાં રાખ્યું. 'હિપ્પીઝ' પર તો મારે ઘણું લખવાનું થશે, કારણ એમના ઘણા ખેલ—ઘણા ભંગ અમે જોયા: કાવ્ય, ભોજન, યોગ, સમાધિ નશાબાજી શું નથી જોયું? અને અમે એ ભાષણમાં હિપ્પીઝની ફિલસૂફીમાંનો વામમાર્ગ ખણી બતાવ્યો. એરકંડિશન્ડ ખંડમાં ગાદીતકિયે બિરાજી યોગમાર્ગે બ્રહ્મજ્ઞાન મેળવવાના પ્રયોગને ચકાસી બતાવ્યો. કેટલીક કવિતા પણ વાંચી સંભળાવી. પરિણામે ભાઈશ્રી રાજેન્દ્ર શાહને એ ખંડ 'કવિલોક'ની સભા માટે મળવો બંધ થઈ ગયો! એ પછી છ જ મહિનામાં હિપ્પીઝની સમગ્ર ક્રિયા ઉપર ખુદ અમેરિકાના મોવડીઓએ આંખ ખોલી, દંભના પરદા ચીરાયા, અને મારા વક્તવ્યની સાર્થકતા સાચી રીતે તરી આવી. હવે ફરીના વપરાશ માટે એ ખંડ મળશે કે કેમ તે ભાઈ રાજેન્દ્ર જાણે પરંતુ એમ થવાના કારણે હિપ્પીઝની સાચી હકીકત પ્રજા સમક્ષ મૂકવી નહિ એમ? અમેરિકાખંડમાંથી તો એવી કૈંક વાનગીઓ મળશે: ન્યૂયૉર્કના ગ્રીનીચ વિલેજમાંના ભાંગ-ધતુરાના કેફને માર્ગે ભગવાન મેળવવાના પંથો, લાસ વેગાસ જેવાં શહેરોમાં ચોવીસે કલાક ચાલતા જુગારના અડ્ડા, અને ત્યાં સરજાતા પ્રીતના પ્રસંગો અમારે જતા કરવા? નહિ લખવા? આપને આઘાત થતો હશે, આપની લાગણી દુભાતી હશે, આપને મારા મોક્ષની ચિંતા થતી હશે તો ભલા! અમે નહિ લખીએ. (ચાલુ)



રાણી ઇલિઝાબેથ બીજીના સમયમાં અંગ્રેજી વહાણોની બાંધણીમાં અને વહાણવટામાં સારો વિકાસ થયો. પણ એ સમયનાં વહાણો દેખાવમાં સુંદર નહોતાં મોટે ભાગે એ બે પ્રકારનાં જોવા મળતાં: એક તો દરિયાની સપાટીથી બહુ નજીકના તૂતકવાળાં અને બીજા આગળપાછળ બહુ ઊંચે સુધી ખેંચાતાં વધારે તૂતકવાળાં.

આ બીજા પ્રકારની બાંધણીમાં પાછળના ભાગે વહાણના માલિક અને એના નાખુદાઓના આવાસ રહેતા. પણ આ રચના એટલી તો ભારે બની જતી કે એની સામે સમતોલન રાખવા માટે મોરા પર એક ભારે લાંબી ચાંચ લગાડવી પડતી હતી. આગળના એ ભાગમાં ખલાસીઓ સૂતા-બેસતા અને રસ્સા વગેરે જેવી જરૂરી ચીજવસ્તુઓ પડી રહેતી.

આ કાળનાં વહાણોમાં મોટે ભાગે એક જ તૂતક પર તોપખાનું રખાતું હતું. એ તૂતક ઉપર પણ ખલાસીઓને સૂવાની સોઈ રખાતી. નાના અમલદારોની ઓરડીઓ પણ એમાં રહેતી. આની નીચેના મજલે પીવાનું પાણી, ખોરાક, દારૂ વગેરે ભંડાર રખાતો. ઉપરાંત વહાણને ભારે રાખવા પથ્થરકાંકરી પણ ત્યાં ભરાતી.

આ વહાણોમાં ખાસ કરીને લાલ, કાળો ને સફેદ રંગ વધુ વપરાતો. અંદર ઉજાશ વધારવા ધોળો રંગ ચોપડાતો. શોભન મોટેભાગે ભૌમિતિક આકારોમાં થતું ને એમાં સોનેરી ભભક પણ પુરાતી. કેટલાંક વહાણોને મોરે શોભાની પૂતળી પણ બેસાડાતી.

દરિયાખેડના ક્ષેત્રમાં કેટલોક વિકાસ થયા છતાં હજી સઢ ઉતારવાની ત્યારની રીત પૂરતી સંતોષકારક નહોતી. છેક સત્તરમી સદીના અરધ સુધી એ ચાલતી રહેલી ત્યારે સઢ સંકેલવા માટે એને જેની સાથે બાંધ્યો હોય એ આખા દાંડાને નીચે ઉતારતા. આમાં ક્યારેક આણીની પળે સઢ ઉતારવા પડે ત્યારે ઉપરનો સઢ ઊતરે તે દરમિયાન નીચેના સઢ તો ખુલ્લા જ રહેતા હોઈ એ વહાણને આગળ ખેંચી જ જાય.



માધુકરી


છો આંખના તારક ઝંખવાયે, / ને અંતરે હામ રહે ન લેશે,
છો મૈત્રી, છો પ્રેમ બધુંય ભાગે, / આપત્તિઓ છો વિધિ લાખ સર્જે,
ને પંથ રૂંધે ઘન અંધકાર, / નિસર્ગ આખી ક્રોધે ભરી ભીંસ ભલે તને દે;
તોયે ન, આત્મા મુજ! તું ભૂલીશ / કે 'દેવી તું'; આગળ જા, ધપ્યે જા!
ના ઉત્તરે, દક્ષિણમાં ન, કિન્તુ / જા ફક્ત આદર્શ ભણી સદા તું!

મરાઠાકાલીન દસ્તાવેજોના પ્રખર જ્ઞાતા સ્વ. ગણેશ કૃષ્ણ ગોખલે

જૂના દસ્તાવેજોનું ઊંડું સંશોધન કરી એમાંથી ઐતિહાસિક મહત્ત્વની બાબતો તારવનાર વડોદરાના પીઢ ઇતિહાસવિદ્ ગણેશ કૃષ્ણ ગોખલેનું ગઈ ૨૩ નવેમ્બરે ઍનિમિયાને કારણે અકાળ અવસાન થતાં એ ક્ષેત્રના અભ્યાસીની મોટી ખોટ પડી છે. શ્રીમંત સયાજીરાવ ગાયકવાડના વડોદરા રાજ્યના દફતરખાનાના રાજદફતરદાર સ્વ. પ્રો. ચિંતામણરાવ જોષી પાસે ઇતિહાસ-સંશોધનની દીક્ષા પામી એમણે એમની પ્રણાલિકા યશસ્વી રીતે સાચવી રાખી હતી. અનેક જિજ્ઞાસુઓને દફતરી આધાર શોધી આપનાર ગોખલેજી વિદ્વાનોમાં અને લોકોમાં પ્રિય બન્યા હતા. 'હિસ્ટૉરિકલ રૅકર્ડ્સ કમિશન'નાં અનેક અધિવેશનોમાં વડોદરા રાજ્યની રાજમુદ્રાવાળી દસ્તાવેજી સામગ્રી સાથે તેઓ હાજરી આપતા.

ગણેશરાવનો જન્મ સને ૧૯૧૫માં રત્નાગિરિ જિલ્લાના રાજાપુર તાલુકે પિઠગાવણે ગામમાં કોંકણસ્થ ચિતપાવન બ્રાહ્મણ જ્ઞાતિમાં થએલો. એમના દાદા લક્ષ્મણ ભટ્ટજી તથા કાકા ગોપાલ ભટ્ટજી વિદ્વાન વૈદિક અગ્નિહોત્રી હતા. પિતા કુટુંબમાં સૌપ્રથમ ઉચ્ચ કેળવણી લેનાર હોઈ બી. એ. એલએલ. બી. થઈ, મરાઠી ને અંગ્રેજીના સારા જ્ઞાતા બની, રામદુર્ગ વાંસદા, સૂરત ને વડોદરામાં સારા હોદ્દાએ પહોંચેલા. ગણેશરાવે પ્રાથમિક ગુજરાતી કેળવણી વાંસદામાં લીધેલી. ૧૯૩૪માં પૂનાથી મૅટ્રિક થઈ કૉલેજમાં ગએલા, પણ એ શિક્ષણ અધૂરું મૂકી એમણે વડોદરા રાજ્યમાં નોકરી લીધી. મરાઠી ભાષા ઉપરાંત મોડી લિપિનો પણ એમને સારો પરિચય હતો, જે એમનાં દસ્તાવેજી સંશોધનોમાં ઘણો ખપ લાગતો.

નર્મદાના બાવા પ્યારાના ઘાટ આગળથી ઘોડાં ઓળંગાવીને સને ૧૭૭૫માં મરાઠાઓએ ગુજરાત પર આક્રમણ કર્યું એનો કવિ વિશ્વનાથે એક 'પવાડો' રચેલો. એ ઐતિહાસિક ગુજરાતી કાવ્યનું સંપાદન, 'પવાડા' વિષેના ટિપ્પણ સહિત, એમણે આ લેખક સાથે ઈ. ૧૯૬૪માં પ્રકટ કરેલું. 'ગુજરાત રાજ્ય લોકસાહિત્યમાળા'ના પાંચમા મણકામાં એમણે, સને ૧૭૨૩માં મરાઠા સામે વીરતાથી લડનાર નાંદોદના એક 'વીરસિંહ વાઘેલાનું કવિત' પણ નોંધ સાથે પ્રકટ કરેલું. મહાકવિ પ્રેમાનંદને સં. ૧૭૨૯ થી ૧૭૪૫ સુધી નંદરબારમાં આશ્રય આપનાર ત્યાંના સરકારદેસાઈ મહેતા શંકરદાસના ઘરાણાના દુર્બોધ મોડી લિપિમાં લખાએલા દસ્તાવેજોનું અવગાહન કરી ગોખલેજીએ ઇતિહાસાચાર્ય પ્રો. કેશવલાલ કામદાર સાથે એક માહિતીપૂર્ણ લેખ તૈયાર કરેલો, તે પ્રેમાનંદ-ત્રિશતાબ્દી-મહોત્સવગ્રંથમાં ઈ. ૧૯૬૮માં પ્રકટ થયો છે. વડોદરાની 'પ્રેમાનંદ સાહિત્યસભા'ના તેઓ વર્ષોથી સક્રિય સભ્ય



હતા. એ સભાના ઉપક્રમે ગુજરાતના ઇતિહાસનું સંશોધનકેન્દ્ર ઊભું કરવાની યોજના તૈયાર કરવામાં પણ એમણે અગ્ર ભાગ ભજવેલો ને એથી તેઓ તેના સંકલ્પિત 'નિયામક' થવાના હતા. ગુજરાત રાજ્યભરનાં દફતરોની પુનર્વ્યવસ્થા માટે પણ એમણે સરકાર સમક્ષ એક વ્યવહારુ યોજના રજૂ કરી હતી જેમાં સરકારે સારો રસ દાખવેલો.

શ્રીમંત ગાયકવાડના રાજકુટુંબનાં વિશિષ્ટ દેવસ્થાનોનો ઐતિહાસિક પરિચય અને એની સાથે સંકળાએલી અવનવી વિગતો સાથેની એક પરિચય-પુસ્તિકા પણ તેઓ તૈયાર કરી રહ્યા હતા. શ્રીમંત સયાજીરાવ તથા ખંડેરાવ ગાયકવાડ તથા રાજ્યના પ્રથમ ગુજરાતી દીવાન દી. બ. મણિભાઈ જસભાઈ વિષે એમણે અનેક અપ્રકટ માહિતીઓ પ્રકાશમાં આણેલી. વડોદરાના દીવાન સર મનુભાઈ મહેતાના સમયના ઘણા ગુપ્ત દસ્તાવેજો જોવાની સરકારી પરવાનગી મેળવી એમણે એમના ચરિત્રગ્રંથ માટે દોઢેક હજાર પાનાં જેટલી વિગતો ખોળી કાઢેલી, ને એના આધારે 'સર મનુભાઈ જન્મશતાબ્દી ગ્રંથ' માટે એક અભ્યસનીય જીવનકથા તૈયાર કરેલી જે સંજોગવશાત્ હજી અપ્રકટ છે. આ કાર્ય અંગે સંશોધનો કરતાં ગણેશરાવે શ્રીમંત સયાજીરાવ પર જોહાનિસબર્ગ (દ. આફ્રિકા)થી ઍટર્ની એમ. કે. ગાંધી (ગાંધીજી)નો હજી સુધી અપ્રકટ એવો એક પત્ર પણ શોધી કાઢયો છે. 'વ્યાયામ જ્ઞાનકોશ'ના સંપાદક શ્રીમંત ચિંતામણરાવ મુઝુમદારના 'વ્યાયામ' માસિકના સંપાદનમાં પણ એમણે સેવાભાવે ઘણું કામ કરેલું.

મધ્ય વય થતાં પહેલાં બે નાના પુત્રો થોડા દિવસના આંતરે બળિયાના રોગમાં અવસાન પામતાં, સુશીલ પત્ની સાથે એ દુઃખને જિંદગીભર બરદાસ્ત કરી એમણે સંશોધનક્ષેત્રે ઐતિહાસિક અને સામાજિક મહત્ત્વની અનેક અવનવી બાબતો પ્રકટ કરવામાં જે લગન દાખવી છે એ સદા અનુકરણીય બની રહે તેવી છે અને એથી જ એમની ખોટ પૂરનાર હજી શોધવો પડે તેમ છે. —(ડૉ.)મંજુલાલ ર. મજમુદાર

ઈસ્વી સનની દ્વીસહસ્રાબ્દી

જાણીને કદાચ નવાઈ લાગશે કે ઈસ્વી સન ૨૦૦૦ની ઉજવણી માટે જ્હૉન ગૂડમૅન નામના એક હૉલૅન્ડવાસીએ એક જગતવ્યાપી મંડળ રચવા માંડયું છે. છેલ્લાં વીસેક વર્ષથી બાળકોના જન્મદિનની ઉજવણીમાં મનોરંજન આપીને નિર્વાહ કરતા આ અદના માણસને ટેલિવિઝન પર હાઇડ્રોજન-બૉંબ અંગેનું એક નાટક જોતાં એકાએક આ વિચાર સ્ફૂર્યો અને ઈ. ૧૯૬૩થી એણે ઈસ્વી સનની દ્વીશહસ્રાબ્દી ઉજવણી માટે આ મંડળની સ્થાપના કરી. આ અંગે આરંભમાં એ કેટલીક જાણીતી પીઢ વ્યક્તિઓને મળેલા, પણ ૨૦૦૦ની સાલ સુધી કદાચ પોતે હયાત નહિ હોય એમ માની તેઓએ આમાં ખાસ રસ દેખાડયો નહિ. આ પછી ગૂડમૅને જુદાંજુદાં શહેરોને આમાં જોડાવા તૈયાર કર્યાં અને એ:રીતે આજે એના મંડળમાં ૧૪ શહેરો ભળ્યાં છે.

એ કહે છે: 'લોકોને છેક ઈ. સ. ૨૦૦૦ વિષે બહુ ઉત્સાહ નથી, એટલે મારે તો એ સમયે આપણે જીવતા જ હોઈશું એટલું જ નહિ, પણ ત્યારે એક સુખી-સંતોષી દુનિયાની સિદ્ધિઓ ઊજવતા હોવાનું ચિત્ર ખડું કરવું છે.' આ ઉજવણીમાં એણે વિશ્વ સમસ્તની પ્રગતિનો ચિતાર આપતું એક સંગ્રહસ્થાન, વિશાળ વ્યાપારી પ્રદર્શનો અને બધી જ જાતની જકાત અંગે એક સર્વમાન્ય કરાર કરવાની કલ્પના રજૂ કરી છે. ઉજવણીને ઈ ૧૯૯૫ થી આરંભી ૨૦૦૫ સુધી લંબાવી, દરમિયાન દરેક દેશ પોતાની આગવી ઊજવણી કરે, તેમાંના સર્વશ્રેષ્ઠ માટેની હરીફાઈ યોજવાની પણ ઇચ્છા છે.

પરંતુ આ બધાથી વધુ અજબ ખયાલ તો એ છે કે જૂની ને નવી દુનિયા–આફ્રિકા અને અમેરિકાની વચ્ચે કૅનેડી ટાપુઓની આસપાસ 'વર્લ્ડ મિલેનીઅલ આઇલૅન્ડ' (વિશ્વ સહસ્રાબ્દી ટાપુ) નામનો એક સાતેક ચોરસ માઈલનો કૃત્રિમ બેટ રચવો. એ માને છે કે આ ઉજવણીના સમય સુધીમાં તો માણસે એટલી સિદ્ધિ મેળવી લીધી હશે. અલબત્ત, આની પાછળ મબલખ ખર્ચ જરૂર થાય, પણ એમ તો યુદ્ધ-સરંજામ અને અણુશસ્ત્રોનો ખર્ચ પણ ક્યાં કમ હોય છે? તો પછી આખી દુનિયાને સાંકળી લેતી આવી ઉજવણીમાં ખર્ચ કેમ ન કરવો? આથી યે વધુ આગળ વધી એણે તો આ ઉજવણી દરમિયાન આખી દુનિયાને હૂંફ અને પ્રકાશ આપે એવો એક કૃત્રિમ 'સૂર્ય' પણ અવકાશમાં તરતો મૂકવાની ખ્વાએશ પ્રદર્શિત કરી છે.

બ્રિટનમાં દશાંશ ચલણ

ચારેક સદીથી ચાલ્યા આવતા પાઉન્ડ, શિલિંગ, પેન્સના અટપટા ચલણમાં હવે દશાંશ પદ્ધતિ અપનાવી બ્રિટને ગયા એપ્રિલમાં ૫ અને ૧૦ પેન્સના નવા સિક્કા ચલણમાં મૂકી એનો આરંભ કર્યો. છેક ૧૯મી સદીમાં બ્રિટનના વિખ્યાત રાજપુરુષ એવર્ટ ગ્લૅડસ્ટને દશાંશ ચલણની હિમાયત કરીને પાઉન્ડના દસમા ભાગ તરીકે ઈ. ૧૮૪૫માં ફ્લૉરિનનો સિક્કો બહાર પડેલો. પણ એ પછી એક સદી વીતી ગઈ અને એક યા બીજા કારણે બ્રિટન આ દિશામાં હજી હવે પગલાં ભરે છે. અને હવેનાં ત્રણ વર્ષ દરમિયાન ધીરેધીરે નવા ચલણનો પ્રસાર કરતા જઈ ઈ. ૧૯૭૧ની ૧૫મી ફેબ્રુઆરી ને સોમવારથી સત્તાવાર રીતે



દસ, પાંચ, બે, એક અને અર્ધી પેનીના બ્રિટનના નવા ચલણી સિક્કા. વચ્ચે દર્શાવેલા રાણીના મહોરાવાળી છાપ આ બધા સિક્કા પર એકસરખી છે. જ્યારે એ બધા નવા સિક્કાની પાછલી બાજુ ઉપર દર્શાવ્યા પ્રમાણેની છે.

પોતાનું સઘળું ચલણ દશાંશ રૂપમાં ફેરવી દેવાની એની નેમ છે. એક અંદાજ છે કે આ માટે એને ૧૨૮૦ લાખ પાઉન્ડનું ખર્ચ થશે. નવા ચલણમાં પાઉન્ડનું મૂલ્ય ૨૦ શિલિંગ કે ૨૪૦ પેનીને બદલે ૧૦૦ નવા પેની રહેશે અને એમાં ૫૦, ૧૦, ૫, ૨, ૧ અને ½ પેનીના સિક્કા ચલણમાં આવશે. હાલ તુરત ચલણમાં મુકાએલા ૫ અને ૧૦ નવા પેન્સના સિક્કા એક અને બે શિલિંગના સિક્કાના જ મૂલ્ય કદ ને વજનના હોઈ સ્વયંસંચાલિત યાંત્રિક વહેવારોમાં મુશ્કેલી નહિ પડે. સાથે દર્શાવ્યા મુજબ આ નવા સિક્કાઓ પર બધામાં એક તરફ રાણી ઇલિઝાબેથ બીજાની છબિ અને પાછળ બ્રિટન, વેલ્સ કે સ્કૉટલૅન્ડના પ્રતીકનું આલેખન હશે. બ્રિટનના સિક્કા પર છેક ચાર્લ્સ બીજાના સમયથી ચાલી આવતી બ્રિટાનિયાની છબિ હવે દૂર થાય છે.

આજે જ્યારે ઘણાખરા દેશોએ દશાંશ પદ્ધતિ અપનાવી છે ત્યારે એક નવો વર્ગ દ્વાદશાંશ પદ્ધતિની હિમાયત કરે છે. એમના મતે દશાંશમાં દ્વિભાજન સરળ છે એ ખરું, પણ વહેવારમાં એના તૃતિયાંશ ચતુર્થાંશ કે ષષ્ઠાંશ સહેલા નથી. દ્વાદશાંશ રીતમાં ૧૦ ને બદલે ૧૨ને પાયાની સંખ્યા તરીકે અપનાવવાથી ગણતરીમાં બે, ત્રણ, ચાર કે છ ભાગ સહેલાઈથી ગણી શકાય અને એમ વ્યવહાર વધુ સરળ બને.

અનનાસ

કોલંબસ, ઓન્ઝાલો અને સર વૉલ્ટર રૅલેએ વેસ્ટ ઇંડીઝ ટાપુઓમાં આ ફળ ખાવામાં અને દારૂ બનાવવામાં વપરાતું હોવાનું નોંધ્યું તે પછી આજ સુધીમાં તો અનનાસ એક મધુર ફળ તરીકે ખૂબ લોકપ્રિય થઈ ગયું છે. આહ્લાદક સોડમ અને રેસાદાર મોટું દળ ધરાવતા આ ફળના પ્રસારમાં ફિરંગીઓએ ઘણો ભાગ ભજવ્યો છે. આપણે ત્યાં તે ઈ. ૧૫૫૦ આસપાસ દાખલ થયું. ૧૬મી સદીના અંત સુધીમાં તો દુનિયાભરના મોટા ભાગના ગરમ પ્રદેશોમાં જાણીતું થઈ ગયું હતું, કેમ કે વહાણમાં લેવાતા ખાદ્ય પૂરવઠામાં એનો ખાસ સમાવેશ થતો. ઉતાર્યા પછી લાંબા સમય સુધી એ બગડતું ન હોઈ આ રીતે એ ઉપયોગી નીવડતું.

એનો છોડ લગભગ દસ વર્ષે ફળે છે. આરંભમાં છૂટાંછૂટાં પણ એક ઘટ્ટ ગુચ્છના રૂપમાં બેઠેલાં એનાં ફૂલમાંથી જ આગળ જતાં આ ફળ વિકસે છે. આમ બ્લૅકબેરી કે રાસ્પબરી ફળની પેઠે અસલ તો સંખ્યાબંધ નાનાંનાનાં ફળોનો જથ્થો જ છે. એની એકેક આંખ એ પેલા પુષ્પગુચ્છના એકેક ફૂલમાંથી વિકસેલી છે.


પાંચ થી છ મહિને અનનાસ પાકે છે ત્યારે પાંચ-છ ઇંચ પહોળું ને આઠથી તેર ઇંચ જેટલું મોટું થઈ જાય છે. આ વખતે એ સહેજે બે થી પાંચ રતલ વજનનું હોય છે, પણ કેટલાક દેશમાં તો એને છોડ પર રહેવા દઈ ૨૦ શેર વજન જેટલું મોટું થવા દે છે.

એના વૃક્ષનાં કડક પાંદડાંથી બચવા ફળને ઉતારતી વખતે હાથ પર કંઈ રક્ષણ રાખવું પડે છે. બ્રાઝિલ, મલાયા અને ફિલિપ્પાઈન્સમાં તો આ પાંદડાંના રેસામાંથી વણેલું કાપડ લોકો વાપરે છે.

ઉષ્ણકટિબંધના ભારે વરસાદમાં અનનાસ વધુ દળદાર ને રસદાર બને છે. એનાં પાંદડાંમાં પણ ઘણું પાણી સંઘરાય છે. હાવાઈ, ઑસ્ટ્રેલિયા, દ. આફ્રિકા, ક્યૂબા, ને પોર્ટોરિકોનાં અનનાસ વખણાય છે. વાર્ષિક ફસલ લગભગ ૧૭,૫૦,૦૦૦ ટનની અંદાજાય છે. આમાંથી આશરે ૪૫ ટકા જેટલી પેદાશ તો હાવાઈ ટાપુઓ, બ્રાઝિલ, મેક્સિકો, ફિલિપ્પાઈન્સ ક્યૂબા ને ફૉર્મોસામાં થાય છે.

અનનાસમાં સ્ટાર્ચ ન હોઈ વજન વધવાથી ગભરાતા માણસો છૂટે હાથે એ ખાઈ શકે છે. પાકતું જાય તેમ તેમ તેના દાંડામાં રહેલો કુદરતી સ્ટાર્ચ શર્કરામાં રૂપાંતરિત થઈ ફળમાં ઊતરતો જાય છે. બરાબર પાકી રહેવા આવે ત્યાં સુધીમાં આ પ્રક્રિયા પૂરી થઈને મૂળ ફળમાં હોય એથી યે બેવડું ગળપણ એકઠું થઈ જાય છે; આથી છોડ પર પાકેલા અનનાસનું પોષણમૂલ્ય ઘણું વધારે છે.

અનનાસને પીરસવાની એક ઉત્તમ રીત એ છે કે, રકાબીમાં એ ઊભું રહી શકે એટલું છોલી, તેનો ઉપરનો પાંદડાંવાળો છેડો કાપી નાખી; અંદર કરકરી ધાટવાળી છરી ઊભી ખોસીને માવાને છાલથી જુદો કાપી કાઢવો. આથી નારિયેળની કાચલીમાંથી જેમ કોપરું છૂટું પડી જાય છે તેમ એ માવો બહાર આવી જશે.



આ રાક્ષસી કોઠીઓ અનાજના સંઘરા માટે નથી, પણ ગટરના પાણીને શુદ્ધ કરવા માટે પશ્ચિમ જર્મનીમાં એલ્બ નદીને કાંઠે તૈયાર થએલા એક પ્લાન્ટના એ ભાગ છે. ('ડાડ')

આ માસ (માર્ચ) ઇતિહાસમાં·વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્ય.વિ.: કવિ દલપતરામ ડાહ્યાભાઈ

ગુજરાતી સાહિત્યના પુનરુદ્ધારકોમાં કવિ દલપતરામ ડાહ્યાભાઈનું સ્થાન અગ્રગણ્યોમાં



છે. સૌરાષ્ટ્રના વઢવાણ ગામમાં ઈ. સ. ૧૮૨૦માં શ્રીમાળી બ્રાહ્મણકુટુંબમાં એમનો જન્મ થયો. ગામઠી નિશાળમાં અક્ષરજ્ઞાન મેળવી આઠ વર્ષની વયથી જ એમણે સામવેદનો અભ્યાસ કરવા માંડેલો. મૂળીમાં દેવાનંદ સ્વામી પાસે તેમણે પિંગળ અને અલંકાર શાસ્ત્રનું જ્ઞાન મેળવ્યું ને ત્યાં સ્વામીનારાયણ સંપ્રદાયની દીક્ષા લીધી. અમદાવાદમાં સારસ્વત વ્યાકરણ તથા કુવલયાનંદનો અભ્યાસ કર્યો. બચપણમાં એમણે 'કમળલોચિની' અને 'હરિદંતી' નામે બે વાર્તાઓ દોહરા-ચોપાઈમાં રચેલી. 'જ્ઞાનચાતુરી' નામે એક ઉપદેશાત્મક કાવ્યગ્રંથ પણ લખેલો.

ઈ. ૧૮૪૮માં તેઓ ભોળાનાથ સારાભાઈ દ્વારા ફાર્બસ સાહેબના પરિચયમાં આવ્યા અને કવિના ભાવિ ઉદયનું બીજ રોપાયું. ફાર્બસે સ્થાપેલી 'ગુજરાત વર્નાક્યુલર સોસાએટી'ની અભિવૃદ્ધિમાં દલપતરામનો ઘણો મોટો હિસ્સો હતો. ફાર્બસની ગેરહાજરીમાં શિથિલ પડી ગએલી આ સંસ્થામાં પુનર્જાગૃતિ લાવવા એમણે પોતાની સારી આશાવાળી સરકારી નોકરી છોડી દઈ ને એને ફરી પગભર કરી દીધેલી. જનસમાજમાં વાંચવાલખવાની રુચિ વધારવા ગુર્જરભાષાના વિકાસ માટે એમણે ત્યાંથી 'બુદ્ધિપ્રકાશ' નામે માસિક શરૂ કર્યું જે આજ સુધી ચાલુ છે. એમની જ મદદથી ફાર્બસે પ્રાચીન કથાઓ પરથી 'રાસમાળા'નું સંપાદન કર્યું. પ્રાચીન ગુજરાતી કાવ્યો એકત્ર કરી 'કાવ્યદોહન' નામે સંગ્રહ પણ દલપતરામે તૈયાર કરેલો. ઈ. ૧૮૫૯માં નેત્રવ્યાધિને કારણે ઉપચારાર્થે મુંબાઈ જવાનું થયું ત્યાં પારસીઓની 'જ્ઞાનવર્ધક' તથા હિંદુઓની 'બુદ્ધિવર્ધક' સભાઓમાં એમણે કરાવેલા કવિતા-આસ્વાદ માટે એમનું બહુમાન થએલું. ઈ. ૧૮૮૫માં સર ટી. સી. હોપની ભલામણથી એમને સી.આઈ.ઈ.નો ખિતાબ પણ મળ્યો. એ ઉપરાંત, દેશી રાજ્યોએ પણ એમની ઘણી કદર કરેલી.

જૂની ગુજરાતી વાચનમાળામાંની એમની અનેક કવિતાઓ જોતાં જણાય છે કે તેમણે વિવિધ વિષયો ઉપર સાદી, સરલ અને ઉપદેશાત્મક બાનીમાં પોતાના વિચારો પ્રસરાવ્યા છે. સૌને મીઠી લાગે એવી શાંત, સુધારાના બોધવાળી અને વ્યવહારદક્ષતા ભરેલી, જનસમાજથી સમજી શકાય તેવી, સમર્યાદ, શુદ્ધ ને ઘરગથ્થુ શબ્દોથી શોભતી એમની કવિતાઓ સર્વના મનનું રંજન કરનારી છે. અસ્ખલિત વાણીપ્રવાહવાળી, ઝડઝમક અને પ્રાસાનુપ્રાસ, દૃષ્ટાંતો તથા સાદા પણ સચોટ અલંકારોથી ઓપતી એમની કવિતાઓ ભારી અસર પાડી શકે છે. ચાતુરીભરી મર્માળુતા એમની કવિતાની એક લાક્ષણિકતા છે. તેઓ સુધારાના હિમાયતી હતા, પણ લોકવૃત્તિને ઓળખીને ધીરેધીરે એ દાખલ કરવાનો એમનો ખયાલ હતો. ગુજરાતી ઉપરાંત હિંદીમાં 'શ્રવણાખ્યાન' વગેરે કાવ્યો લખેલાં. ભુજની પાઠશાળામાં અભ્યાસ કરીને એમણે રચેલો પિંગળનો ગ્રંથ તો કાવ્યશાસ્ત્રના એક મૂલ્યવાન પાઠ્યપુસ્તક સમો છે.

એમણે ગદ્યમાં બહુ લખ્યું નથી અને એ ગદ્ય બહુ સારું પણ નથી. અંગ્રેજી ભાષાનું એમને જ્ઞાન નહોતું. પ્રચલિત વાતાવરણમાંથી એના સદ્અંશો અને સંસ્કાર એમણે ઝીલેલા. સદાચારના પૂરા આગ્રહી, વ્રતધારી, ધર્મવિષયમાં રત તેઓને માટે સરસ્વતીસેવા દ્વારા સમાજસુધારો એ જાણે એમનું એક જીવનધ્યેય હતું.

ઈ. ૧૮૯૮માં ૨૫મી માર્ચે એમનું અવસાન થયું. તેર વર્ષની ઉંમરે એમનાં લગ્ન થએલાં. પાંચ પુત્રો અને ચાર પુત્રીઓનો એમનો વસ્તાર હતો, જેમાંના એક પુત્ર કવિ નાનાલાલે તો એમના પછી ગુજરાતી સાહિત્યમાં એક અનોખી જ પ્રતિભા દાખવીને નવા પ્રવાહો વહેતા કરેલા.

દિનવિશેષ

તા. ૬ જગવિખ્યાત કલાકાર અને શિલ્પી માઈકેલ ઍન્જેલોનો જન્મ, ૧૪૭૫.

તા. ૧૩ ખગોળશાસ્ત્રી હર્ષેલે 'યુરેનસ' ગ્રહની શોધ કરી, ૧૭૮૧.

તા. ૧૪ હિંદી કારીગરીનું પ્રથમ જહાજ ૮૦૦૦ ટનનું 'જળઉષા' તરતું મુકાયું, ૧૯૪૮.

તા. ૧૫ ગાંધીજીના રચનાત્મક કાર્યને આગળ ધપાવવા સર્વોદય સમાજની સ્થાપના ૧૯૪૮.

તા. ૨૧ ગુજરાતના વિખ્યાત મસ્તકવિ બાલાશંકર ઉલ્લાસરામનું અવસાન, ૧૮૯૮.

તા. ૩૦ હિંદ અને ઇંગ્લંડ વચ્ચેના વિમાનવ્યવહારનો આરંભ થયો, ૧૯૨૯.

પ્રસંગવિશેષ : ટેલિફોનની શોધ, ૧૦ માર્ચ ૧૮૭૬

ટેલિફોનના શોધક તરીકે ઍલેક્ઝાંડર ગ્રૅહામ બેલનું નામ વિખ્યાત છે. નિશ્ચિત સંજ્ઞાઓ દ્વારા બધિર બાળકોને બોલતાં શીખવનાર શિક્ષકોને એ તાલીમ આપતો. ટેલિગ્રાફીની સંજ્ઞાઓ પેઠે વીજળીની સહાયથી તાર દ્વારા લાંબા અંતરે અવાજનાં આંદોલનો મોકલી શકાય કે નહિ એવો એને એક વિચાર આવ્યો અને એ દિશામાં રાતદિવસ પ્રયોગો કરી એણે એક એવું સાધન બનાવ્યું પણ ખરું કે જેના વડે અર્થહીન અવાજનું વહન થઈ શકે. અવાજ ઝીલીને ધ્રૂજતી એક પડદી એની સાથે જોડેલા તારમાં વીજળીના પ્રવાહનું દબાણ વધારી-ઘટાડીને દૂરના છેડે લોહચુંબક દ્વારા ઓછુંવત્તું આકર્ષણ પેદા કરીને એની સામેની પડદીને પણ એવી જ ધ્રુજારી આપી અવાજ ઉત્પન્ન કરી શકે કે નહિ એ અંગે એણે પ્રયોગો કરવા માંડ્યા. ઈ. ૧૮૭૬ની ૧૦મી માર્ચે આ રીતે પ્રયોગ કરતાં પોતાનાં કપડાં પર એકાએક તેજાબ ઢળી પડતાં એણે બાજુના ખંડમાં રાખેલા પોતાના સાથીને બૂમ મારી. સાથીએ પેલા સાધન પર એ સ્પષ્ટ સાંભળ્યું, અને એ પ્રયોગની સફળતાના ખબર આપવા દોડી આવ્યો. સૈદ્ધાંતિક રીતે ટેલિફોનનો એ સૌપ્રથમ પ્રયોગ હતો. ચાર મહિના પછી ગ્રૅહામે પોતાની આ શોધ ફિલાડેલ્ફિયામાં



પ્રદર્શિત કરી ત્યારે એનું મહત્ત્વ એક બ્રાઝિલના રાજા અને બીજા વીજળીના નિષ્ણાત વિજ્ઞાની સર વિલિયમ ટૉમ્સન સિવાય કોઇને સમજાયું નહોતું. પણ એ પછી બીજે જ મહિને આઠ માઈલ દૂર સુધી સફળતાથી સંદેશ મોકલી બતાવીને પોતાની શોધની એણે મહત્તા સમજાવી દીધી. આ પછી થોડા જ સમયમાં એની ઉપયોગિતા સ્વીકારાવા લાગતાં ધંધાદારી ટેલિફોન વ્યવસ્થાનાં પગરણ મંડાયાં.

ઉતારવા સ્વર્ગ થકે ધરા પે, તેણે ધરામાં અવતાર લેવો,
પૃથ્વી તણો પ્રાકૃત ભાર ધારવો, ને પંથ એનો ગમગીન કાપવો.

અણ્ણાસાહેબ સહસ્રબુદ્ધે જાપાન ગયા ત્યારે ત્યાંના પોતાના મિત્ર માટે કેરી લઈ ગએલા. જકાતખાતાના તપાસ-અધિકારીએ પૂછપરછ કરતાં એમણે કહ્યું કે, 'ભારતનું આ સૌથી મધુર ફળ મારા મિત્ર માટે લાવ્યો છું.'

અધિકારીએ કેરી જપ્ત કરતાં કહ્યું : 'આવાં મધુર ફળ ખાવાથી, જાપાનીઓમાં તે મંગાવવાની લાલસા જાગે, પરિણામે જાપાનનો એટલો પૈસો ભારત ચાલ્યો જાય, એ ઈષ્ટ નથી.'

અનેકાર્થી શબ્દ : **મણિ**=ચમકારા મારતો તેજસ્વી મૂલ્યવાન પથ્થર, સ્ફટિક, રત્ન; તે પરથી માનવ કે વસ્તુને લગાડાતો શ્રેષ્ઠતાવાચક શબ્દ; મૅંગેનીઝ ધાતુ માટેનો શબ્દ; માટીનું પાત્ર; બકરીના ગળાનો આંચળ; શિશ્ન તેમજ યોનિનો આગલો ભાગ; લોહચુંબક.

પુરાણ-વ્યક્તિવિશેષ : **મણિ**-કશ્યપ અને કદ્રુના પુત્ર એક પ્રાચીન ઋષિ, જેમણે તપશ્ચર્યાથી શિવને પ્રસન્ન કરી ગરુડ તરફથી પોતાને કોઈ ભય ન રહે એવું વરદાન મેળવેલું.

કાવ્યબદ્ધ કહેવતો :
રાગ વિનાનો રાગોડે,
ને નિર્ધનિયો લૂટાય;
નબળો સબળાને ગુણ કરે
તે (ત્રણે) આટાલણમાં જાય.
[નિષ્ફળ જતા કે બેહદર નીવડતા પ્રયત્નો વિષે]

કેરોસીનમાં થોડુંક મીઠું નાખવાથી બત્તીનો પ્રકાશ તેજસ્વી થાય છે. કરી જોજો.

સોપારી ખાવાથી તો દાંતનાં પેઢાં મજબૂત થાય જ છે; ઉપરાંત તેના ચૂરાનો ઉકાળો કરીને તેના કોગળા કરવાથી પેઢાંનું કળતર હળવું થઈને તે મજબૂત બને છે.



ઉર્દૂના વિખ્યાત કવિ મિરઝાં ગાલિબના માનમાં આ ૧૭મી ફેબ્રુઆરીએ બહાર પડેલી ખાસ દ્વિરંગી ટપાલ-ટિકિટ. જેમાં કવિની છબિ સાથે પશ્ચાદ્ભૂમિ પર એના એક પત્રનું લખાણ ને એના પર એમના નામાક્ષરો છે.



ફ્રીસ(પ. જર્મની)ના '૨૦૦૦મા વર્ષનું જીવન' પ્રદર્શનમાંના આ ગગનચુંબી ઇમારતના નમૂના ૨૫,૦૦૦ની વસતિ, ફૅક્ટરીઓ, સાંસ્કૃતિક સ્થળો આદિમાંનું એક ગામ જ વસી જશે. ૧૧-૪ કિલોમીટર ઊંચા અને ૭૪ મીટર વ્યાસના આ મિનારામાં ૨૫-૨૫ આવાસોના ૩૫૬ માળ (અગાસી સાથે) હશે, આકૃતિમાં દર્શાવેલા ફ્લકના ટોચે ઊંચાઈથી આ રાક્ષસી ઇમારતના કદનો ખયાલ આવશે.



કલાકણિકા : શું જંગલી પ્રાણીના ચામડાનાં, કે શું ઝાડની છાલ-વલ્કલ-નાં વસ્ત્રોમાં પોતે માણેલી રંગભાત અને આકૃતિઓ સુતરાઉ કે ઊની વસ્ત્રોમાં ઉતાર્યા વિના માણસથી કેમ રહેવાય? જગતની પ્રાચીનમાં પ્રાચીન સંસ્કૃતિઓના છેક ઉગમકાળથી માણસે વસ્ત્રો પર સહસ્રાવધિ પ્રકારની ભાત સર્જી છે, એવી મિસરના છઠ્ઠી સદીના વસ્ત્ર પરની, કૂંડામાંથી ફૂટતી વેલના અ-સમ વળાકાઓ વચ્ચે માનવ અને પંખીની ભાત ધરાવતો એક ખુટ્ટો.